# કોડિયું

વર્ષ : ૭૨ એપ્રિલ: ૨૦૧૯ અંક : ૦૯

## ◆ સૂચના ◆

☛ 'કોડિયું' દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.

☛ પત્રવ્યવહારમાં ગ્રાહકનંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.

☛ કોઈ પણ મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. અથવા ડિમાન્ડડ્રાફટથી સ્વીકારવામાં આવે છે.

## ◆ લેખ મોકલવા માટે ◆

'કોડિયું' કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

## ◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્ર વ્યવહાર ◆

શ્રી રવિભાઈ પંડ્યા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

## ◆ લેખકોને ◆

☛ શિક્ષણ, ગ્રામવિકાસ તથા પુનર્ગઠન અંગેના લેખો આવકાર્ય છે.

☛ અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.

## ◆ લવાજમ ◆

વાર્ષિક રૂ. ૧૫૦/-
ડિપોઝિટ યોજના રૂ.૧૮૦૦/-

## અનુક્રમણિકા


| ક્રમ | લેખનું નામ | લેખકનું નામ | પાના નં. |
|---|---|---|---|
| ૦૧ | અધ્યાત્મનું સ્વરૂપ | - ભાણદેવજી | ૩૬૧ |
| ૦૨ | ગાંધીજીનું ધ્યાન | - દિનુ ચુડાસમા | ૩૬૪ |
| ૦૩ | નાનાભાઈના પત્રો | - નીતિન ભટ્ટ | ૩૬૭ |
| ૦૪ | ગાંધીજીને મળેલ વિરાસતની પ્રેરણા | - હિરજી નાકરાણી | ૩૬૮ |
| ૦૫ | જેમ્સ ડગ્લાસ સાથે થોડીક ક્ષણો | - મોહન દાંડીકર | ૩૭૫ |
| ૦૬ | કોલકતા-દર્શન | - પ્રકાશ નાકરાણી | ૩૭૮ |
| ૦૭ | અન્નમય કોશથી આનંદમય કોશના યાત્રિક | - પ્રવીણચંદ્ર ઠક્કર | ૩૮૩ |
| ૦૮ | અધ્યયન નિષ્પતિ આધારિત શિક્ષણ | - ધીરજલાલ રાઠોડ | ૩૮૫ |
| ૦૯ | સાધુચરિત બુચદાદા | - નારાયણ શાહ | ૩૮૯ |
| ૧૦ | કર્મઠ સેવક | - પૂજાભાઈ મકવાણા | ૩૯૧ |
| ૧૧ | સંસ્થા સમાચાર | - પ્રશાંત મહેતા | ૩૯૫ |

**આદ્યતંત્રીઓ :**
સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**
ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**
શ્રી જુગલકિશોર વ્યાસ
(મો. ૯૪૨૮૮૦૨૪૮૨)

**સંપાદક-મંડળ:**
ડૉ. ભદ્રાયુ વચ્છરાજાની
(મો. ૯૮૯૮૯૨૦૩૩૩)
ડૉ. સંજય તલસાણિયા
(મો. ૯૪૨૭૬૬૮૦૮૩)
શ્રી પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨ )

**મુદ્રક-પ્રકાશક :**
શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**
ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**
ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલ્વે સ્ટેશન રોડ, સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૪૪૦૫૦

**પ્રકાશન-સ્થળ :**
ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા,
ફોન : ૦૨૮૪૬-૨૪૪૧૧૮

## તંત્રી સ્થાનેથી...

આજે સમગ્ર વિશ્વ એક જબરા અજંપામાંથી પસાર થઈ રહ્યું છે. આપણે હવે સ્વર્ગની લગોલગ પહોંચી ગયા છીએ તેવો ઊભી કરેલી ભૌતિક સુવિધાઓએ કરેલ પ્રચાર ભ્રામક સાબિત થઈ રહ્યો છે. ચૂંટણીલક્ષી વાતાવરણે આપણે જીવનમૂલ્યોને કેવા કોરે મૂકી દીધા છે તેની પ્રતીતિ કરાવી દીધી છે. આર્થિક, સામાજિક, શૈક્ષણિક, વ્યવસાયિક વહીવટી અને રાજકીય પરિસ્થિતિ અત્યંત નિરાશા- હતાશા વધારી રહી છે. જાણે માણસની આ ક્ષેત્રો ઉપર કોઈ પકકડ કે કાબુ રહ્યા નથી તેવું જણાય છે. આ પરિસ્થિતિમાંથી બહાર નીકળવાનો માર્ગ જ જાણે બંધ થઈ ગયો છે. સર્જનાત્મક, રચનાત્મક, મૂલ્યનિષ્ઠ કે સેવાભાવી પ્રવૃત્તિઓની જાણે કોઈ અસર જ જણાતી નથી. અત્યંત આરામદાયક જીવન જીવવાની ઘેલછાએ કરાવેલી ભૌતિક સુવિધાઓ પ્રાપ્ત કરવાની આંધળી દોટે સંસ્કૃતિ અને પ્રકૃતિ બંનેનો ભારે મોટો ભોગ લઈ લીધો છે. વ્યકિતગત સ્વાર્થ અને લોભ પ્રબળ બની રહ્યા છે.

જેમને જેમને પોતાની વ્યકિતગત જરૂરિયાતો અને સેવેલાં પોતાના સ્વપ્નાઓ સેવાય જાય છે એટલે બીજાનો વિચાર જ કરતો નથી. તેને અન્યાય સામે કે અસત્ય સામે લડવું જ નથી. સમાજમાં દેખાતી રોનક, એરોડ્રામ પર ઉભરાતી ભીડ, શનિ-રવિમાં કલ્લાકો સુધી રાહ જોવરાવતા રેસ્ટોરંટ વગેરે તો આપણા દેશના ઉપલા ૧૦ ટકા ફાવી ગએલા લોકોનો નજારો છે. આ સાચું દર્શન નથી. વિજ્ઞાન અને ટેકનોલોજીની કૃપાથી પ્રાપ્ત થએલી સ્વર્ગીય સુખાકારીએ એક જબરી બજારુ સંસ્કૃતિ ઊભી કરી છે. આજે મૂલ્ય, વચન, ફરજ, સંસ્કાર, સંવેદના, સેવા, સંબંધ કે આંખની શરમ જેવું નજરે ચડતું નથી !! થોડાક લાભ સામે જાત વહેંચી દેતા અને પોતાનું જીવન-સુકાન બદલી નાખતા નેતાઓ કે આગેવાનો સમાજને કેવું અને કયાંથી માર્ગદર્શન આપશે ?

બીજી તરફ શીંગડા માંડતા શીખવનારી સંસ્કારી- શૈક્ષણિક સંસ્થાઓનો જ નાશ કરવામાં આવી રહ્યો છે. સત્યાગ્રહી અને શીંગડા માંડતા માણસોનું વાવેતર કરવા તૈયાર કરતાં 'બી'નું ઉત્પાદન જ સદંતર અટકી જાય તેવું સત્તા અને સંપત્તિના જોરે થઈ રહ્યું છે. દલીલ, ચર્ચા, વિરોધ, સત્યાગ્રહ, શીંગડા, સેવા, મૂલ્યો, સમરસતા વગેરે ખતમ કરીને અમુક જ વિચારધારાને પ્રગટાવતા રોબોટ તૈયાર કરવાનો પ્રયત્ન સંભવ છે કે સમયાંતરે આ પૃથ્વીલોક પરના પશુઓ અને મનુષ્યોને સમાન ભૂમિકાએ લાવી દેશે. આથી જ કદાચ પૃથ્વી હવે આ ભાર સહન કરવા કે આવું જોવા રાજી જણાતી નથી ત્યારે ગ્લોબલવોર્મિંગના બ્હાને પૃથ્વીલોકની સજીવસૃષ્ટિને ખતમ કરવા પ્રયત્નશીલ છે !!

—

## (૦૧) અધ્યાત્મનું સ્વરૂપ

- ભાણદેવજી

જીવન સુખની શોધ નથી, સત્યની શોધ છે. જીવનની કૃતાર્થતા સુખપ્રાપ્તિમાં નથી, સત્યપ્રાપ્તિમાં છે. છતાં જાણ્યે અને અજાણ્યે માનવીમાત્ર, અરે! જીવમાત્ર સુખ શોધે છે અને સુખની શોધ દુઃખપ્રાપ્તિમાં જ પરિણમે છે. કારણ કે સુખની ઈચ્છા જ દુઃખનું કારણ છે. જીવન સમસ્યારૂપ બની જવાનું કારણ અહીં છે. સુખપ્રાપ્તિની દોડ અભાવગ્રંથિમાંથી શરૂ થાય છે. અભાવગ્રંથિ સ્વરૂપ ચ્યુતિનું પરિણામ છે. તેથી સ્વરૂપપ્રાપ્તિ વિના જીવનની યથાર્થ કૃતાર્થતાને પામી શકાય નહિ. સુખપ્રાપ્તિ દ્વારા સત્યપ્રાપ્તિનો પ્રયત્ન ખોટી દિશાનો પ્રયત્ન છે અને સ્વરૂપપ્રાપ્તિ-સત્યપ્રાપ્તિ દ્વારા આનંદપ્રાપ્તિ એ સાચી દિશાનો પ્રયત્ન છે. પ્રથમ દિશાનો પ્રયત્ન ભોગ છે, બીજી દિશાનો પ્રયત્ન અધ્યાત્મ છે.

માનવી શું ઈચ્છે છે ?

જીજિવિષાની વૃત્તિ દ્વારા માનવી અમરતા ઝંખે છે. જિજ્ઞાસાવૃત્તિ દ્વારા માનવી પૂર્ણ જ્ઞાન ઈચ્છે છે. આધિપત્યની વૃત્તિ દ્વારા માનવી પૂર્ણ શક્તિ અને પૂર્ણ સ્વતંત્રતા ઈચ્છે છે. જાતીયવૃત્તિ દ્વારા માનવી પૂર્ણ પ્રેમ અને પૂર્ણ આનંદ શોધે છે.

અમરત્વની ખોજ સત્પ્રાપ્તિની ઝંખના છે.

જ્ઞાન, શક્તિ અને સ્વતંત્રતાની ખોજ ચિત્પ્રાપ્તિની ઝંખના છે.

પ્રેમ અને આનંદની ખોજ આનંદપ્રાપ્તિની ઝંખના છે.

ત્યારે માનવીની મૂળભૂત ઝંખના છે - સચ્ચિદાનંદપ્રાપ્તિની ઝંખના. આપણે જાગૃતિથી જોઈએ તો જણાશે કે આપણી બધી વૃત્તિ અને પ્રવૃત્તિ દ્વારા મૂલતઃ તો આપણે સચ્ચિદાનંદને જ પામવાનો પ્રયત્ન કરીએ છીએ.

સચ્ચિદાનંદ વ્યક્તિનું મૂળ સ્વરૂપ છે. સચ્ચિદાનંદની પ્રાપ્તિમાં તેની બધી ખોજની પરિપૂર્ણતા છે. અભાવગ્રંથીનું પૂર્ણવિસર્જન સચ્ચિદાનંદની પ્રાપ્તિ દ્વારા જ શક્ય બને છે. સચ્ચિદાનંદની પ્રાપ્તિ જ વ્યક્તિને અમરત્વ, પૂર્ણજ્ઞાન, પૂર્ણશક્તિ, પૂર્ણસ્વતંત્રતા, પૂર્ણપ્રેમ અને પૂર્ણઆનંદ આપે છે, જે ભ્રામક અને ક્ષણિક નહિ પણ યથાર્થ અને શાશ્વત છે અને તેની પ્રાપ્તિમાં જ વ્યક્તિના જીવનની કૃતાર્થતા છે.

સચ્ચિદાનંદની પ્રાપ્તિ માટેનો જ સાધનપથ તે જ અધ્યાત્મપથ છે.

અધ્યાત્મ = અધિ+આત્મ. અધિ એટલે તરફ. આત્મા તરફ વળવું તે જ અધ્યાત્મ છ.

અહીં 'આત્મા' શબ્દનો ઉપયોગ થયો હોવાથી કોઈ એમ ન સમજે કે અધ્યાત્મપથ દ્વારા માત્ર જ્ઞાનમાર્ગ સૂચિત થાય છે.

ભક્તિની ભગવત્પ્રાપ્તિ, આત્માર્થીની આત્મપ્રાપ્તિ, જ્ઞાનની અદ્વૈતસિદ્ધિ-બ્રહ્મપ્રાપ્તિ, યોગીનું કૈવલ્ય- આ બધાં અધ્યાત્મનાં જ સ્વરૂપ છે અને આમાંના કોઈ પણ ઉપાયથી વ્યક્તિ તત્ત્વતઃ તો પોતાના સ્વરૂપને જ પામે છે.

સરળ ભાષામાં કહીએ તો અધ્યાત્મ એટલે પોતાના મૂળ ઠેકાણે -સ્વસ્થાને પાછા ફરવું. યાત્રાએ નીકળેલો યાત્રી જ્યાં સુધી સ્વસ્થાને પાછો ન ફરે ત્યાં સુધી યાત્રાની સમાપ્તિ થતી નથી. અને ત્યાં સુધી કૃતાર્થતા અનુભવાતી નથી. પ્રકૃતિના રાજ્યમાં અટવાતો જીવ જ્યાં સુધી આત્મસ્વરૂપમાં સ્થિત ન થાય ત્યાં સુધી સાચી શાંતિ, પરમકૃતાર્થતા અને અભાવમુક્તિને પામી શકે નહિ.

અરીસામાં પ્રતિબિંબિત થયેલો અગ્નિ કોઈની ઠંડી ઉડાડી શકે નહિ કારણ કે તે મૂળ અગ્નિની જેમ ગરમી આપી શકે નહિ. એ માટે તો આપણે બિંબસ્વરૂપ મૂળ અગ્નિ પાસે પહોંચ્યે જ છૂટકો છે. તે જ રીતે આ પ્રકૃતિમાં પ્રતિબિંબિત થયેલ આત્માની ખોજની એટલે કે ભોગ દ્વારા માનવી કૃતાર્થતા પામી શકે નહિ. એ માટે તો સ્વરૂપપ્રાપ્તિ એટલે કે અધ્યાત્મ જ ઉપાય છે.

સદીઓ-સહસ્રાબ્દીઓથી માનવજાતે પરમને પામવાના અનેકવિધ સફળ-નિષ્ફળ પ્રયોગો કર્યા છે. આ

લાંબા અનુભવમાંથી અધ્યાત્મવિદ્યાનું નિર્માણ થયું છે.

અધ્યાત્મવિદ્યા સ્વરૂપઃ અનુભવગમ્યવિદ્યા છે, પરંતુ હજારો વર્ષના અનુભવોમાંથી અધ્યાત્મનું એક ભાથું પણ તૈયાર થયું છે, જેનાથી અધ્યાત્મપથ પર ચાલનાર પથિક માટે ઉપયોગી માર્ગદર્શન મળી શકે છે. લાંબા ગાળે અધ્યાત્મવિદ્યાએ એક શાસ્ત્રનું રૂપ ધારણ કર્યું છે. અધ્યાત્મવિદ્યા એટલે પરમના સાક્ષાત્કારનું શાસ્ત્ર.

અધ્યાત્મિક સાક્ષાત્કારનાં અનેકવિધ સ્વરૂપો છે. પરમસત્ય પરમાત્મા અનંત સ્વરૂપ છે. એ એક એવો સાગર છે, જેનો કોઈ પારાવાર નથી. એ અનંતનો સાગર છે. સાગર મૂલતઃ એક હોવા છતાં તેનાં અનેકવિધ સ્વરૂપો છે. તેમ પરમાત્મા મૂલતઃ એક હોવા છતાં તેનાં અનેકવિધ સ્વરૂપો (પાસાંઓ) છે. તે નિર્ગુણ નિરાકાર છે; તે સગુણ નિરાકાર છે; તે સગુણ સાકાર છે; તે માનવસ્વરૂપે અવતરે પણ છે, તે વિરાટસ્વરૂપ પણ છે; તે અંતર્યામી પણ છે અને બીજા કેટલાંયે સ્વરૂપે હશે- આપણે જાણતાં નથી. જે અનંત છે, જે અમર્યાદ છે; તેનાં પાસાંઓ-સ્વરૂપોની કોઈ મર્યાદા નથી. તે આવો જ છે અને આવો નથી એમ કહેવું તે તેના અનંતસ્વરૂપનો ઈનકાર કરવા જેવું છે. એટલે પરમની પ્રાપ્તિ કોઈ એક જ સ્વરૂપે કરી શકાય અને બીજા સ્વરૂપે નહિ તેમ ન કહી શકાય.

સમુદ્ર એક છે છતાં તેના અનેક કિનારા છે અને દરેક સ્થળે તેનાં ભિન્ન ભિન્ન સ્વરૂપો છે. સોમનાથનો સમુદ્ર, દ્વારિકાનો સમુદ્ર, કન્યાકુમારીનો સમુદ્ર અને જગન્નાથપુરીનો સમુદ્ર- આ બધાં એક જ સમુદ્રનાં ભિન્ન ભિન્ન સ્વરૂપો છે. બાહ્ય સ્વરૂપો ભિન્ન ભિન્ન હોવા છતાં મૂલતઃ સમુદ્ર એક જ છે. જેમ સમુદ્રના કોઈ પણ એક કિનારેથી સમુદ્રમાં પ્રવેશેલો માનવી સમુદ્રને પામ્યો કહેવાય. તેમ પરમાત્માનાં અનેક સ્વરૂપોમાંથી કોઈ એક સ્વરૂપને પામનાર માનવી પરમાત્માને પામ્યો કહેવાયા છે.

સાધક પરમાત્માના કોઈ એક કે એકથી વધુ સ્વરૂપોનો સાક્ષાતકાર પણ પામી શકે. એક ભક્ત સગુણ સાકારની ઉપાસના દ્વારા રામ, કૃષ્ણ કે જગદંબાને પામે; એક યોગી આત્મસાક્ષાત્કાર પામે- પરમાત્માના અંતર્યામી સ્વરૂપને પામે, જેને તે કૈવલ્ય કહે છે; અદ્વૈતમાર્ગનો ઉપાસક જ્ઞાનમાર્ગે બ્રહ્મપ્રાપ્તિ કરે, જેને તે અદ્વૈતસિદ્ધિ કહે છે. આ ઉપરાંત ખ્રિસ્તમતની સગુણનિરાકારની પ્રાપ્તિ, બૌદ્ધમતની નિર્વાણપ્રાપ્તિ અને જૈનમતની કેવળજ્ઞાન (આત્મજ્ઞાન)ની પ્રાપ્તિ પણ શક્ય છે.

એટલું જ નહિ પણ કૃષ્ણભક્ત કૃષ્ણપ્રાપ્તિ ઉપરાંત અદ્વૈતસિદ્ધિ પણ પામે અને અંતર્યામી સ્વરૂપે તેનો સાક્ષાત્કાર કરે. સમુદ્રના એક કિનારાથી સમુદ્રને પામ્યા પછી સમુદ્રના અન્ય કિનારા તેના માટે બંધ થતા નથી.

પરમસત્તાનાં આ ભિન્ન ભિન્ન સ્વરૂપો અને તેમના સાક્ષાત્કાર મૂલતઃ એક જ હોવા છતાં સંપૂર્ણતઃ એક જ છે તેમ નથી. દરેક અનુભૂતિની વિશિષ્ટ લાક્ષણિકતા પણ હોય છે. એક જ મહાસત્તાના ભિન્ન ભિન્ન પાસાંના આ સાક્ષાત્કાર છે.

અધ્યાત્મપથ અનંતની યાત્રા છે. અધ્યાત્મિક વિકાસનો કોઈ અંત નથી. હવે આથી આગળ કશું નથી એમ ક્યારેય કહી શકાય નહિ. સમુદ્રના જળમાંથી કોઈ અંજલિ ભરી લે; કોઈ ઘડો ભરી લે; કોઈ અવગાહન કરે; કોઈ અનેક કિનારેથી અવગાહન કરે પણ પૂરેપૂરા સમુદ્રનું કોઈ સાદ્યંતપાન ન કરી શકે. કીડી સાકારના પહાડમાંથી એક કણ કે થોડો વધુ કણ લઈ શકે પણ આખો પહાડ ઊંચકી શકે નહિ.

પરમની પ્રાપ્તિ સાધ્ય છે. એ સાધ્યને સિદ્ધ કરવા માટે સાધક જે કોઈ ઉપાય, માર્ગ કે પદ્ધતિનું અનુસરણ કરે તે સાધના છે. સાધનાનાં અનેકવિધ સ્વરૂપો છે અને એમ હોવાના મુખ્યત્વે ત્રણ કારણો છેઃ

૧. પરમતત્ત્વનાં અનેકવિધ સ્વરૂપો છે, અનેકવિધ પાસાંઓ છે તેથી તેને પામવાના સાધનપથ પણ અનેકવિધ હોય તે સ્વાભાવિક છે.

૨. સાધકોની રુચિ, પ્રકૃતિ, દેશકાળ આદિ પરિબળો સાધનાનાં સ્વરૂપને નિર્ધારિત કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આ પરિબળોની વિવિધતાને કારણે સાધનાનાં સ્વરૂપોમાં પણ વિવિધતા આવે છે.

૩. માનવજાત પાસે અધ્યાત્મપથનો એક વિશાળ વારસો છે. અધ્યાત્મવિદ્યાનું ઘણું ખેડાણ થયું છે. દરેક સમાજનું, દરેક ધર્મનું, દરેક સંપ્રદાયનું, દરેક ગુરુપરંપરાનું,

અધ્યાત્મપથમાં એક વિશિષ્ટ પ્રદાન હોય છે. હજારો વર્ષથી ભિન્ન ભિન્ન સમાજ, ધર્મ, સંપ્રદાય અને ગુરુપરંપરામાં ભિન્ન ભિન્ન સાધન પદ્ધતિઓનો વિકાસ થયો છે. અધ્યાત્મપથનો આ સમૃદ્ધ અને અનેકવિધ વારસો પણ સાધનમાર્ગની વિવિધતાનું નિર્માણ કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

ભાવપ્રધાન-હૃદયપ્રધાન વ્યક્તિ પ્રેમપંથનો સાધક છે અને ભક્તિમાર્ગે આગળ વધતાં પરમતત્ત્વનાં કોઈ સગુણ સાકાર કે સગુણ નિરાકાર સ્વરૂપને પામે છે.

બુદ્ધિપ્રધાન વ્યક્તિ જ્ઞાનપંથનો સાધક છે. અને જ્ઞાનમાર્ગે-ચિંતનના માર્ગે સત્-અસત્ના વિવેક દ્વારા પરમતત્ત્વના નિર્ગુણ નિરાકાર સ્વરૂપને પામે છે.

પ્રાણપ્રધાન વ્યકિત યોગપંથનો સાધક છે અને કુંડલિની જાગરણ કે ચિત્તવૃત્તિનિરોધ દ્વારા સમાધિમાં પહોંચે અને આત્મસાક્ષાત્કાર કે કૈવલ્યપદને પામે છે.

સાધકના વ્યક્તિત્વનું સ્વરૂપ કાયમ માટે એક જ સ્વરૂપનું રહે છે તેવું પણ નથી. આજના બુદ્ધિપ્રધાન અને જ્ઞાનમાર્ગનો પ્રવાસી સાધક આવતી કાલે હૃદયપ્રધાન અને ભક્તિમાર્ગનો પ્રવાસી પણ બની શકે છે. હૃદયનું ગુપ્ત રીતે રહેલું ઝરણું ક્યા નિમિત્તે અને ક્યારે બહાર ફૂટી નીકળે તેનો કોઈ નિશ્ચિત્ત નિયમ નથી. માનવ વ્યક્તિત્વ ઘણું ગહન છે. તેના અંતઃસ્થલમાં શું શું ભરેલું છે અને ક્યારે શું બહાર નીકળી આવશે તે કહેવું મુશ્કેલ છે. એક વખતના જ્ઞાનમાર્ગના સાધકો મહાન ભક્તો બન્યા હોય તેવા દષ્ટાંતો પણ છે અને તેનાથી ઊલટું પણ બની શકે છે.

વળી આ મુખ્ય ત્રણ માર્ગના પણ અનેકવિધ સ્વરૂપો છે અને વિવિધ માર્ગના સમન્વયની પ્રક્રિયા પણ સતત ચાલતી રહે છે. ખરેખર તો જેટલા સાધકો તેટલી સાધન પદ્ધતિઓ છે. દરેક વ્યક્તિ પરમાત્માનું વિશિષ્ટ સર્જન છે એટલે તેની જીવનપદ્ધતિ અને સાધનમાર્ગ પણ વિશિષ્ટ હોવાના જ.

એટલું જ નહિ પણ સાધનપદ્ધતિ પણ સતત વિકસતી પ્રક્રિયા છે. જેમ જેમ સાધક વિકસતો જાય છે તેમ તેમ તેની સાધનપદ્ધતિ પણ વિકસતી જાય છે. સાધકમાં થતું રૂપાંતર તેની સાધનપદ્ધતિના સ્વરૂપમાં પણ રૂપાંતર કરે જ છે.

બધા જ સાધનપથના બે સ્વરૂપો છે - બહિરંગ સાધના અને અંતરંગ સાધના. બહિરંગ સાધના, ક્રિયાપ્રધાન અને અંતરંગ સાધના અનુભવ પ્રધાન છે. દરેક સાધકે બહિરંગમાંથી આખરે અંતરંગમાં જવાનું છે. બહિરંગ સાધનાને પરિણામે અંતરંગ સાધના નિષ્પન્ન થાય છે. તેથી બહિરંગનો એટલો ઈનકાર ન કરવો કે અંતરંગમાં પ્રવેશ જ ન થાય અને બહિરંગમાં એટલા રમમાણ ન રહેવું કે અંતરંગમાં પ્રવેશ ચૂકી જવાય. સાધન - સાધ્યનો વિવેક સતત ખ્યાલમાં રાખવાનો છે.

આપણે સામાન્ય રીતે વિશ્વવિષયક જ્ઞાન બે રીતે મેળવીએ છીએઃ (૧) જ્ઞાનેન્દ્રિયો દ્વારા - પ્રત્યક્ષ જ્ઞાન, (૨) બૌદ્ધિક વિચારણા દ્વારા - પરોક્ષજ્ઞાન.

પરમ સત્યને જ્ઞાનેન્દ્રિયોથી કે બુદ્ધિથી પણ પામી શકાય તેમ નથી. જ્ઞાનેન્દ્રિયો અને બુદ્ધિથી પ્રકૃતિનું જ્ઞાન મેળવી શકાય છે. પરંતુ અધ્યાત્મજ્ઞાન તો ચૈતન્યનું જ્ઞાન છે તેથી તે બન્નેની ત્યાં પહોંચ નથી. અધ્યાત્મજ્ઞાન ઈન્દ્રિયગમ્ય (પ્રત્યક્ષ જ્ઞાન) નથી, તેમ તે બુદ્ધિગમ્ય (પરોક્ષ જ્ઞાન) પણ નથી, પરંતુ તે અનુભવગમ્ય એટલે કે અપરોક્ષાનુભૂતિ છે.

અધ્યાત્મજ્ઞાન સર્વજ્ઞાનનું કેન્દ્રસ્થ જ્ઞાન છે. અસ્તિત્વનું કેન્દ્ર ચૈતન્ય છે તેથી ચૈતન્યનું જ્ઞાન, અસ્તિત્વના સર્વજ્ઞાનનું કેન્દ્રસ્થ જ્ઞાન હોય તે સ્વાભાવિક છે. અધ્યાત્મજ્ઞાન સર્વમાં રહેલા એકનું જ્ઞાન છે.

મુંડકોપનિષદમાં શૌનક ઋષિ મહર્ષિ અંગિરાને પૂછે છે :

કસ્મિન્નુ ભગવો વિજ્ઞાતે સર્વમિદં વિજ્ઞાતં ભવતીતિ ।

મુ.ઉ. ૧-૩

“ભગવન્! કોનું જ્ઞાન પ્રાપ્ત કરવાથી આ સર્વનું જ્ઞાન પ્રાપ્ત થાય છે?”

અહીં ઋષિ એમ પૂછે છે કે એવું ક્યું જ્ઞાન છે કે જેની પ્રાપ્તિથી બાકીનું બધું સમજાય જાય છે. સરલ ભાષામાં કહીએ તો ઋષિ સર્વ વિદ્યાઓની કેન્દ્રસ્થ વિદ્યા વિશે પૂછે છે.

**(અનુસંધાન પાના નં. ૩૬૬ ઉપર)**

## (૦૨) ગાંધીજીનું ધ્યાન

- દિનુ ચુડાસમા

પૂજય મોરારિબાપુ જેમને વિચારયજ્ઞના આચાર્ય કહે છે એવા વિચારોનું વૃંદાવન સર્જનાર ગુણવંત શાહ ધ્યાન વિશે કહે છે કેઃ

**'ધ્યાન' એટલે મનની મોટરગાડીને ન્યુટ્રલ ગીઅરમાં મૂકવી તે.**

ધ્યાન આજના ટેકનોલોજીના સમયમાં માણસે માનસિક શાંતિ પામવાનું અને જીવતરના દરેક કાર્યોને શ્રેષ્ઠતાનો સંસ્પર્શ આપવામાં અતિ મહત્વનું સોપાન કહી શકાય. મકાન ઘર ત્યારે જ બને જયારે ઘરમાં સહજ શાંતિ, હેત, હૂંફની અનુભૂતિ થાય. માનસિક શાંતિ માટે સહજ જીવનશૈલી પ્રથમ ચરણ કહેવાય. દંભ, જૂઠથી માઈલો દૂર રહી માહ્યલામાં શાંતિનો સૂર્યોદય પ્રગટ કરવા પ્રત્યેક કાર્યોમાં નિમગ્ન હોવું અનિવાર્ય છે.

આજે જયારે માણસ યંત્રમય અને યંત્ર માનવમય બનતું કળાય, માણસે સત્તા, સંપત્તિ, પ્રસિદ્ધિ મેળવી લીધા પછી પણ એમનામાં માનસિક શાંતિ છે ખરી ? જવાબ બધાએ સ્વસંવાદથી જ મળશે, એ સાચો જવાબ હશે ! દરેકનો જવાબ અંગત ડાયરીમાં નોંધીને પછી કાર્યરત થઈએ. માણસ ખૂબ ગતિમાં જીવતો, દોડતો, હાફતો, થાકેલો દેખાય. કોઈક અગોચર દોડમાં માણસ પોતાનું સરનામું ભૂલીને ભટકતો હોય એમ બહાવરો બની ગયો, બહારથી સ્વસ્થ દેખાતો માણસ માહ્યલાથી ઘણો અસ્વસ્થ. અસ્વસ્થ, અસ્વસ્થ. આ અસ્વસ્થતાને સ્વસ્થતામાં રૂપાંતરિત કરવા માટે ધ્યાન. ધ્યાન એટલે મનને નિરાતે જોવાની, સ્થિર કરવાની રીત. ધ્યાન એટલે કોઈ પણ ક્રિયામાં ઓગળી જઈ સુખાનુભૂતિ કરવી.

આજે આપણે ધ્યાન અને ધ્યાનમય ગાંધીજીના વ્યકિતત્વને સમજીએ. કોઈ માણસ વ્યકિતમાંથી વિભૂતિ બને તો તેના ઘડતરમાં ધ્યાનયુકત કર્મ કેટલું પ્રદાન આપી શકે ? નવો રાહ ચીધતા, જગતને માનવીય અભિગમ કેળવતા, કાળજીપૂર્વક ધ્યાનમય કરેલા અનેકવિધ કાર્યોના આપણી - જગતની સામે ગાંધીજીનો જીવનપથ જીવનધારા છે.

બહુધા લોકો કયાંક પહોંચવાની ઉતાવળમાં પોતાનો એકપણ ઘાટ સર્જી અનુષ્ઠાન આદરી શકતો નથી એવું આપણને જણાય આવે ત્યારે ગાંધીજી તો સમગ્ર દેશની પ્રજાને અંગ્રેજોની જ ગુલામીમાંથી નહી, પરંતુ અંધશ્રદ્ધા, કુરૂઢિઓ-પરંપરાઓની મુક્તિ અપાવી તંદુરસ્ત સમાજ જીવનનું નિર્માણ કરવાના રચનાત્મક યજ્ઞકર્મમાં રત હતા છતાં બાપુના પ્રત્યેક કાર્યમાં કાર્યનો ભાર કળાતો નહી તેઓ તનાવરહિત શાંત જ જોવા મળતાં. એટલે તો જેલમાં હોય ત્યાં જેલના સોંપેલા કામો સારી રીતે કર્યા પછી પણ વાંચન, લેખન, ચિંતનમય હોય. બહાર સેવકો, કાર્યકરોને આપેલ કાર્યો થતા રહે, પણ એવું બની શકયું એ પાછળ સત્ય, અહિંસા, વ્રત તેમજ પ્રાર્થનાની ઊર્જા, માનસિક શાતા રહેલી છે. ધ્યાનની ઊર્જા જ અપૂર્વ હોય જો નિષ્ઠાનો, સત્યનો એને સંસ્પર્શ રહે. ગાંધીજીના રચનાત્મકકાર્યોમાં એમના ભીતરનું તેજ ભળેલું હતું.

ગમે તેવા કાર્યના બોજને બાપુ ધ્યાનમય પ્રાર્થનાથી પરમેશ્વરની ગોદમાં મૂકી તનાવરહિત રહેતા. પોતાના પક્ષે ૧૦૦% નિષ્ઠામય પરિશ્રમ આપતા અને પછી બધુ હરિના હાથમાં સોંપી દેતા. આવું સમર્પણ કરવા માટે પણ તંદુરસ્ત માનસિકતા જોઈએ, નિરોગી મન માટે વ્યકિત સ્વસ્થ અને નિરોગી હોવી ઘટે. મનની વિશાળતા, માનવતાવાદી અભિગમ, કોઈને ન છેતરવાની વૃત્તિ જે ગાંધીજીમાં ભીતરે સભર હતી. ગાંધીજી વિષે ગોપાલકૃષ્ણ ગોખલેનો એક અભિપ્રાય આપણને બાપુની અખિલાઈ સમજવા મદદ કરશે :

**'આનાથી વધુ શુદ્ધ, વધુ ચારિત્ર્યવાન, વધુ બહાદુર અને વધુ ઉમદા આત્મા આ અવનિ ઉપર અવતર્યો નથી. તેઓ નરોમાં નર, વીરોમાં વીર, દેશભકતોમાં દેશભકત છે. આપણે નિઃસંકોચ એમ કહી શકીએ એમની મારફત હિન્દની માનવતા એની ઉચ્ચતમ સપાટીએ પહોંચી છે.'**

આવો આપણે આપણા સ્વસ્થ મનના નિર્માણમાં

બાપુના ધ્યાનમય કાર્યને સમજીએ, જીવીએ... ગાંધીજીનું ધ્યાન એટલે ઘસાઈને ઉજળા થવાની ક્રિયા, દરેક કાર્યમાં તલ્લીન થઈ જતા બાપુ માટે ધ્યાન એટલે કાર્યમાં એકાગ્ર થઈ જવાની પ્રક્રિયા. ગાંધીજી જયારે સાંવરણો હાથમાં લઈ સફાઈ કરતા ત્યારે માત્ર સફાઈ જ કેન્દ્રમાં હોય, સાંવરણો સ્વયં ગાંધીમય બની જતો હશે ! ઘંટીએ દરણું દળતા બાપુ અનાજમય બની જતા. રેંટિયે બેસતા, કાંતતા, અનાજ સાફ કરતા, વાસણ માંજતા કે શાકભાજી સંમારતા, પત્ર લખતાં કે કાગળનો જવાબ આપતા કે મુસદ્દો નિર્માણ કરતા બાપુ ભીતરની સૂરતાનો તાર ચૂકતા નહી- આત્માનો લય ખોડંગાતો નહી... બાપુ ભગવદ્‌ગીતાના કર્મયોગને જીવતાં હતાં, ફળની અપેક્ષા નહી કાર્ય તરફની નિષ્ઠા બાપુમાં બેમિસાલ હતી.

આશ્રમમાં દર્દીઓની સેવા કરતા, તેમને દવા આપતા, ખબર પૂછતા ગાંધીજી દર્દીમય બની જતા. વાંચન કરતા કે વિચારમુદ્રામાં બેસેલા બાપુના ચહેરાની નિરાંત, શાતા યોગી જેવી જ રહેતી. કાઠિયાવાડી ટેક, વચન પાલનવૃત્તિ બાપુના રકતમાં વહેતી હતી. ગિરનારની શાંતિ એમની નસોમાં રેલાતી. આત્મામાં માનવ સમાજ તરફની કરુણા મહોરતી રહેતી. કોઈ માણસ રોજ માત્ર ઘરમાં ગાંધીજીની છબિ નિહાળે, એમના ચહેરા સાતે જોતો રહે તો પણ એવા સાત્ત્વિક વાઈબ્રેશન અનુભવાશે. બાપુના દરેક જીવનકર્મમાં આ ચેતના ઝિલાતી, જીવાતી હતી. ગાંધીના દરેક કાર્યોમાં જીવન ધબકતું અને ગાંધી-જીવનની પ્રત્યેક ક્ષણ ધ્યાનથી, જાગૃત જીવાતી. તેથી ગાંધીજીવનને જગત જોઈ રહ્યું છે. વિશ્વની યુનિવર્સિટીઓમાં ગાંધી-જીવનના વિભાગો ઉઘડી રહ્યા, વૈશ્વિક યુનિવર્સિટીઓ ગાંધી-દર્શનરત કળાઈ રહી છે.

ભોજન આરોગતા ગાંધીજી તો સમગ્રતા અન્નમય બની જતા. પૂરતો સમય ભોજનને આપતા, સાદુ ભોજન પણ છપ્પનભોગ જમતાં હોય તેમ પ્રત્યેક કોળિયાને પાચક બનાવી સ્વાદ લેતા. ગાંધીજીના આલોચક એવા આચાર્ય રજનીશે એમની તરુણવયે ગાંધીબાપુને જમતા જોયા હતા એ સમયને વર્ષો પછી પોતાના એક વકતવ્યમાં પ્રસંગ પ્રગટ કરતા કહેલું :

'બાપુ, ખા રહે હૈ ઔર દુનિયા થમ સી ગઈ હો. બાપુ ઔર ભોજન એક હો ગયે ઐસા લગે.'

ગાંધીજીનો કર્મયોગ એટલે જ પરમેશ્વરે સર્જેલી સૃષ્ટિમાં જે કંઈ પામ્યા તેનું ઋણ અદા કરવાની ભાવનાથી થતું કર્મ. ગાંધીજીનું યજ્ઞકાર્ય એટલે જે કંઈ કામ કરીએ તેમાં હાથપગ, મગજ અને હૃદય, એમ ત્રણેને કામે લગાડીને કાર્યમાં તલ્લીન થવાનો કસબ.

કસબ કલાની કક્ષાએ પહોંચે એ માટે પાયાની શરત એ કે કાર્ય કરવામાં આવે તેમાં સંપૂર્ણ ધ્યાન કર્તાનું હોય, જે કાંઈ કરતા હો તેમાં નિમગ્ન બની જવું. કાર્યને સભાનતાથી, રસપૂર્વક કરવું એજ બાપુને મન ધ્યાન હતું. ગાંધીજીનું ધ્યાન એટલે જીવનના સકારાત્મક પાસાને ઉજાગર કરવાની લગની, ગાંધીજીનું ધ્યાન એટલે પરમ અસ્તિત્વનો લય પામવાની સાધના, પરમ લયમાં લીન થવાની ઉત્કટ આરાધના. બાપુનું ધ્યાન એટલે જળ સંપત્તિનું જતન કરવું, વૃક્ષોનું રક્ષણ કરવું, પશુધનનું આરક્ષણ કરવું, સ્વચ્છતાને અગ્રીમતા આપવી ને છેવાડે શ્વસતા લોકો સુધી પ્રથમ હરોળના લોકો જઈ સંવાદ રચે, નરસિંહના વૈષ્ણવજનને વાસ્તવિક જીવનમાં ધ્યાનથી સેવનારા ગાંધીજી હતા.

બાપુનું દરેક કાર્ય ધ્યાનમય હતું. ભલે આજના વ્યવસાયિક ધ્યાન કરાવનારા લોકો પલાઠીવાળી ધ્યાન કરવાનું કહે એ પણ એક પદ્ધતિ છે. પરંતુ બાપુ તો અનોખી રાહે ચાલતા, ઇતિહાસ રચનારા માણસ હતા... નોખી કેડી અનોખો યાત્રી એટલે એમની પ્રત્યેક ક્રિયા નિરાળી જ રહે... કોઈ માણસને બે મિનિટ મળવાનો સમય આપેલ હોય પરંતુ બે મિનિટ મળીને આવેલો માણસ ગાંધીજીને આખો મળી આવતો, એ સમયે ગાંધી અને મુલાકાતી વચ્ચે માનસિક તાદાત્મય સર્જાતુ એ જ બાપુનું ધ્યાન કહીશું. બાપુની સમગ્રતા વિશે મેક આર્થરના અભિપ્રાયને સાંભળોઃ

**'મહાત્મા ગાંધી એ તો પયગંબરો માંહેલા હતા, જેઓ પોતાના સમય કરતાં ઘણાં વહેલેરા જીવી જાય છે.'**

સૃષ્ટિના લયને વફાદાર રહેનાર માણસ ભીતરમાં, સત્ય, પ્રેમ, કરુણાને સેવી શકે છે. ગાંધીજી એક સાધકની જીવનશૈલી જ જીવતા, ભલે ગેરુઆ રંગના વસ્ત્રો ધારણ ન કર્યા, સંસારી હોવા છતાં એ તો શ્વેતવસ્ત્ર, પોતડી ધારી સંન્યાસીનું જીવન જીવતાં. જાણે કે કોઈ હિમાલયનો સાધક

સંસારમાં રમણ કરતો, અસંખ્ય લોકોને અંધારાથી મુકત કરી અજવાળા તરફ દોરી જતો હોય એવું જીવન હતું.

ભીતરની શકયતાને પ્રયોગોથી ચકાસતા રહેતા પ્રાણવાન ગાંધીજીની શક્તિ કે ઊર્જા ધ્યાનસ્થ, સભાન જીવનશૈલીથી જ વિકસિત થઈ હતી. એના પાયામાં સ્વસ્થ રહી કાર્ય કરતા રહેવું અને સ્વસ્થ હોવું એટલે માણસે માંહ્યલા સાથે ભળી જવું તો જ કાર્ય દીપી ઊઠે, ગાંધીજી સંપૂર્ણ સ્વસ્થ હતા, પોતાના આદરેલા કામોમાં ખોવાઈ જવું બાપુ માટે સહજ રહેતું એવી માનસિક સમુદ્ધિ એમની હતી. કર્મ તરફની તલ્લીનતાએ જ બાપુના રચનાત્મક કાર્યોને વૈશ્વિક કર્યા છે. આજે દુનિયામાં શ્વસતી પ્રજાએ સુખ, શાંતિથી જીવવું હશે તો ગાંધી-દર્શનને વિચારધારાને ખૂબ વહેલા આચરણમાં મૂકી જીવવું પડશે. દુનિયાના ૩૦ નોબેલ પારિતોષિક વિજેતાઓએ પણ એકમતથી, એકસૂરે કહ્યું છે કે :

'ગાંધીજીના વિચારોને અમલમાં મૂકયા વિના જગતમાં શાંતિ આવશે નહી. પર્યાવરણનું સંપૂર્ણ જતન, સંવર્ધન ગાંધીજીની જીવનશૈલીમાં રહેલું હતું.'

ગાંધીજીની છબિ ઘરમાં લટકાવી દેવાથી નહી, એકાદ ગાંધીજીના વિચારનો જીવનમાં આચરણ કરવું એટલે આપણા તરફથી સમાજને કશુંક અર્પણ થવું. લેખનું સમાપન કરતા ગાંધીજીની એક આગમવાણી સાંભળો :

**'ગાંધી જશે, ગાંધીવાદ નહિ જાય.**
**કર્મયોગની બહાર કોઈ ગાંધીવાદ નથી.'**

મધુબન સોસાયટી, જેસર રોડ, ખોડલ પાનવાળી ગલી, મું. સાવરકુંડલા, જિ. અમરેલી, પીનઃ ૩૬૪૫૨૫

**(અનુસંધાન પાના નં. ૩૬૩ ઉપરથી)**

મહર્ષિ અંગિરા જવાબ આપે છેઃ

દ્વે વિદ્યે વેદિતવ્યે ઈતિ હ સ્મ યદ્ બ્રહ્મવિદો વદન્તિ પરા ચૈવા પરાં ચ ॥

તત્રાપરા ઋગ્વેદો યજુર્વેદોઃ સામ વેદોઽથર્વવેદઃ શિક્ષા કલ્પો વ્યાકરણં નિરૂક્તં છન્દો જ્યોતિષમિતિ । અથ પરા યયા તદક્ષરમધિગમ્યતે ॥

"બ્રહ્મજ્ઞાનીઓ કહે છે કે બે વિદ્યાઓ જાણવા યોગ્ય છે. એક પરાવિદ્યા અને બીજી અપરાવિદ્યા.

"તેમાં ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ, શિક્ષા, કલ્પ, વ્યાકરણ નિરુક્ત, છંદ, જ્યોતિષ - આ બધું અપરાવિદ્યા છે અને જેનાથી બ્રહ્મને જાણી શકાય તે પરાવિદ્યા છે."

પરાવિદ્યા તે જ બ્રહ્મવિદ્યા અને તે જ અધ્યાત્મવિદ્યા. અધ્યાત્મવિદ્યા સર્વ વિદ્યાઓમાં શ્રેષ્ઠ છે. ભગવાન શ્રી કૃષ્ણ પોતાની વિભૂતિઓ ગણાવતાં અર્જુનને કહે છે :

અધ્યાત્મવિદ્યા વિદ્યાનામ્
- ભ.ગી. ૧૦-૩૨

"સર્વ વિદ્યાઓમાં હું અધ્યાત્મવિદ્યા છું."

અધ્યાત્મવિદ્યા શું છે તે સમજવા માટે અધ્યાત્મવિદ્યા શું નથી તે સમજવું પણ આવશ્યક છે.

અધ્યાત્મવિદ્યા તત્ત્વજ્ઞાન નથી; અધ્યાત્મવિદ્યા ધર્મશાસ્ત્ર નથી; અધ્યાત્મવિદ્યા નીતિશાસ્ત્ર નથી; અધ્યાત્મવિદ્યા ક્રિયાકાંડ નથી; અધ્યાત્મવિદ્યા ગુહ્યવિદ્યા નથી; અધ્યાત્મવિદ્યા પરિવેશ કે પાંડિત્ય પણ નથી. આ બધા સાથે અધ્યાત્મવિદ્યાને કોઈ ને કોઈ સ્વરૂપનો સંબંધ છે પણ તેમાંનું કશું સાક્ષાત્ અધ્યાત્મ નથી. તેટલું સ્પષ્ટ સમજી લેવું આવશ્યક છે, કેમ કે તેમાંના કોઈ પણ એકને અધ્યાત્મ સમજીને તેમાં જ રમમાણ રહેવામાં આવે તો યથાર્થ અધ્યાત્મની પ્રાપ્તિ થઈ શકે નહિ.

જે ભગવાન સુધી પહોંચાડે તે અધ્યાત્મ; જે આત્મદર્શન કરાવે તે અધ્યાત્મ; જે બ્રહ્મીસ્થિતિમાં સ્થિર કરે તે અધ્યાત્મ. જેને જાણવાથી કશું જાણવાનું બાકી ન રહે તે અધ્યાત્મજ્ઞાન છે; જેને પામ્યા પછી કશું પામવાનું બાકી ન રહે તે આધ્યાત્મિક પ્રાપ્તિ છે; જ્યાં પહોંચ્યા પછી ક્યાંય પહોંચવાનું બાકી ન રહે તે આધ્યાત્મિક લક્ષ્ય છે અને તે અધ્યાત્મવિદ્યા વિશે ભગવાને કહ્યું છેઃ

અધ્યાત્મવિદ્યા વિદ્યાનામ્ ।

સરસ્વતી નિકેતન આશ્રમ, જોધપર(નદી), વાયા-મોરબી, ૩૬૩૬૪૨, ફોન ૦૨૮૨૨-૨૯૨૯૮૮

## (૦૩) નાનાભાઈના પત્રો

**- નીતિન ભટ્ટ**

(આ પત્રમાં લગ્ન વિશેના નાનાભાઈના વિચારો વ્યક્ત થાય છે.)

ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા
૮-૧૨-૧૯૪૫

ચિ. બચુ,

તારો પત્ર મળ્યો. હું, તારી બા અને ભરત અહીં છીએ. ભાવનગરનું ઘર સરલા પોતે સંભાળે છે. સૌની તબિયત સારી છે. મારી ચિંતા એ સંબંધે ઘણી ઓછી થઈ છે. તારી તબિયત સારી છે એમ જાણું છું ત્યારે તો ચિંતા સાવ દૂર થાય છે.

હવે તારા લગ્ન વિષે. તું અને ઇન્દુ જેવી રીતે નક્કી કરો તે રીતે લગ્ન કરવા અમે તૈયાર છીએ. પણ તમારે અમને details (વિગતો) આપવી જોઈએ અને અમારે શું શું કરવાનું છે તે તમારે અમને કહેવું જોઈએ. મારે તો તમે કહો એટલી ચીજો- રૂ. વગેરે હાજર કરવાં. લગ્નની જવાબદારી તમારા બંનેની. તારી આવી જ ઇચ્છા હોય તો મને કબૂલ છે. આમ ન કરવું હોય અને થોડીએક મુદ્દાની વાતો ધ્યાનમાં રાખીને અમે બધું ગોઠવીએ એમ તમારા બંનેની મરજી હોય તો તે પણ મને કબૂલ છે.

તમે બંને મને મુદ્દાની વાત લખો. બાકીનું અમે ચારેય ગોઠવી લઈશું. જેમ તું અને ઇન્દુ જોડાઓ છો તેમ તારી બા અને દેવીબહેન પણ જોડાયાં છે. એને અંગે એમનો પણ લગ્નમાં હિસ્સો છે. એટલે તમે બંને જે નક્કી કરો તેમાં તે બેનોય વિચાર કરશો. તમે બંને વિચાર કરીને મને જણાવશો. બાકી લગ્ન તો ઉનાળામાં જ કરશું. ડિસેમ્બરમાં કરવાની ઉતાવળ નથી. હરિભાઈની તબિયત પણ ઉતાવળ માંગતી નથી.

દિલ્હીના સમાચાર જાણ્યા. પ્રવીણાને (આગળ જતાં નાનાભાઈના પુત્ર નરેન્દ્રભાઈનાં પત્ની) તારી સાથે જ તારે લાવવી. લગ્ન પછી ઇન્દુ આપણે ઘેર આવશે ત્યારે પ્રવીણા પણ આપણે ત્યાં રહેશે એવી ચોખવટ તારે સૌ. હીરાબહેન (પ્રવીણાબહેનનાં માતા) સાથે કરવી. એમ એમને ન ગમે તો એ કહેશે એમ પણ કરશું. એમના મનને આઘાત થાય એવું કશુંય આપણે કરવું નથી.

મનુભાઈ, મોટીબહેન (વિજયાબહેન પંચોળી) મજામાં છે. રામચંદ્ર, સુમેધા પણ લ્હેરમાં છે. બાકી સૌ પણ.

ભરતનું બાલમંદિર આજથી તારાબહેન પંડિતે શરૂ કર્યું. ભરત ઘણા મોટા ઉત્સાહથી તેમાં જવા માંગે છે. તને તો આથી આશ્ચર્ય થશે પણ હકીકત છે.

લી. તારો નાનાભાઈ.

---

યુનેસ્કોની ખતપત્રની પ્રસ્તાવનામાં કહ્યું છે તેમ યુદ્ધ પહેલાં માણસોનાં હૃદયમાં શરૂ થાય છે ને તેને ત્યાં જ ડામવું જોઈએ. કારણ કે વ્યકિત પોતે આક્રમણ ન કરે, તે આક્રમક ન હોય તો કંઈ તોપો આપમેળે ફૂટવા માંડતી નથી. અરે સ્વયંસંચાલિત મિસાઈલનું પણ કોઈ કે બટન દાબવું પડે છે, તે આપોઆપ ઉડતા નથી.

- મનુભાઈ પંચોળી 'દર્શક'

## (૦૪) ગાંધીજીની દોઢ શતાબ્દી
## ગાંધીજીને મળેલ વિરાસતની પ્રેરણા

- હિરજી નાકરાણી

ગાંધી કુટુંબ વૈષ્ણવ સંપ્રદાયનું હતું એટલે કુટુંબના દરેક સભ્ય વૈષ્ણવ આચાર મર્યાદઓને ચુસ્તપણે વળગી રહેલા હતા. પોરબંદર અને રાજકોટમાં અનેક જૈન દેરાસરો હતા. ગાંધીજીના માતા-પિતા સહિત કુટુંબના દરેક સભ્ય અવાર-નવાર શ્રધ્ધાપૂર્વક દર્શને જતા. ગાંધીજીના માતા પૂતળીબાઈ મૂળ પ્રણામી સંપ્રદાયના હતા; જે સતપ્રણામી કે પ્રાણનાથ સંપ્રદાય તરીકે પણ ઓળખાતો હતો. આ એક સમાવેશક સંપ્રાદાય છેકે જે હિન્દુ ધર્મ-ઈસ્લામધર્મ બન્નેના ઉત્તમ તત્ત્વો એક કરવા મથે છે. પોરબંદરમાં તે વખતે એક પ્રણામી સંપ્રદાયનું મંદિર પણ હતું અને આજે પણ જીર્ણહાલતમાં ઊભું છે. આમંદિરમાં મૂર્તિઓ નહોતી પણ તેની દિવાલો ઉપર જે લખાણો હતા તે કુરાનની આયાતો જેવા દેખાતા હતા. તેમની પ્રાર્થના કરવાની રીત પણ મુસ્લીમોની બંદગી કરવાની રીત સાથે મળતી આવતી હતી. પ્રાણનાથી નામ આ સંપ્રદાયના નામ પરથી પડ્યું છે. પ્રાણનાથ એના અનુયાયીઓને માદક દ્રવ્યો અને બીડી, તમાકુના સેવનની મનાઈ કરતા હતા. મૂર્તિપૂજાનો પણ નિષેધ કરેલો.

પ્રાણનાથની ગાદીની બન્ને બાજુ એક એક ટીપોઈ રાખવામાં આવતી હતી. તેના ઉપર એક બાજુ કુરાનની નકલ અને બીજી બાજુના ટીપોઈ પર પુરાણની નકલ રહેતી હતી. તેઓ ઈશ્વર એક છે એવો સંદેશો આપતા હતા.

માતા પૂતળીબાઈ સર્વ સમાવેશક સંપ્રદાયના હતા. પણ આચરણમાં રૂઢિ ચુસ્ત હતા. રોજ સવારે બે કલાક પૂજા કરતા અને કુટુંબના ગોરમહારાજ ભજનો ગાવા આવી પહોંચતા તેને દાન દક્ષિણા મળતી હતી. કબાગાંધીના મરણ પછી પૂતળીબાઈને ઘરે સત્કર્મ અને પવિત્રતાનો ઉપદેશ આપવા જૈન સાધુઓ વહોરવા આવતા અને ભીક્ષા ગ્રહણ કરતા હતા.

કબાગાંધી જીવતા હતા ત્યારે ધાર્મિક પુરુષોનો સત્સંગ થતો અને મુસ્લીમો, પારસીઓ તેમજ બીજાઓ પણ આવતા હતા. તેમને જોડે દુન્યાવી કે ધાર્મિક બાબતોની જે ચર્ચાઓ થતી તે મોહન ખૂબ ધ્યાન પૂર્વક અને રસથી સાંભળતો. આ સત્સંગથી ગાંધીજીના ઉત્તર જીવનમાં ખીલેલ માનવ ગૌરવ અને સિધ્ધાંતનિષ્ઠા જેવા ગુણોના બીજ વવાયા હતા. કબાગાંધીમાં સર્વથી પ્રથમ ગુણ હતો સત્ય અને ન્યાય પ્રિયતાનો.

કબાગાંધીએ ‘શ્રવણ પિતૃ ભક્તિ’ નાટકનું પુસ્તક વસાવેલું તે વાંચી મોહનના જીવનમાં વડીલોની સેવાના ગુણના બીજ રોપાયા અને જોયેલ ‘સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર’ નાટકથી એમના ચારિત્ર્યનો પાય નખાયો. રાજા હરિશ્ચંદ્રની સત્ય માટેની ટેક સત્યને ખાતર એમના પૂરા પરિવાર માટે ગમે તેટલા કષ્ટો વેઠવાની તૈયારી એ તો મોહનના હૃદયમાં ઘર જ કરી ગઈ.

આ નાટક જોયા પછી એમને વિચાર આવ્યો કે હરીશ્ચંદ્ર જેવા સત્યવાદી બધા કાં ન થાય ? આ વાક્યમાં જે વ્યક્તિગત ગુણ છુપાયેલો છે તે સામાજિક જીવનનું મૂલ્ય કેમ ન બની શકે? અહીં તેમણે પોતાનાં જીવનના અંત સુધીમાં એ વાક્યને અમલમાં મૂકી દેશ સેવાનાં તમામ કાર્યો તેમણે કરી બતાવ્યા હતા. સત્યના પાયા ઊભા રહીને તેમણે અનેક સત્યાગ્રહો કર્યા હતા.

ગાંધીજીને ગીતા વાંચવાની જિજ્ઞાનસા જાગ્રત થઈ પણ થિયો સોફિસ્ટ ભાઈએ ગાંધીજીને ઍડવિન અર્નોલ્ડ રચિત ‘‘બુધ્ધચરિત્ર’’ વાંચવાની ભલામણ કરી તે તેમણે ગીતા કરતા વધુ રસપૂર્વક વાંચ્યું અને એક વખત આ પુસ્તક હાથમાં લીધા પછી છોડી ન શક્યા.

એક ભાઈએ ગાંધીજીને બાઈબલ વાંચવા આપ્યું તેનો જૂના કરાર વાંચતા કંટાળી ગયા પણ નવો કરાર ગમ્યો, તેમાંય ઈસુનું ગિરીપ્રવચનથી ખૂબ પ્રભાવિત થયા. ગાંધીજીને તેમાં અને ગીતાના ઉપદેશમાં સામ્ય દેખાયું.

ગાંધીજી ખ્રિસ્તી સંપ્રદાયની વધુમાં વધુ નજીક આવ્યા હોય તો તે એસોટેરિક ક્રિશ્ચિયન યુનિયનના દક્ષિણ આફ્રિકામાં તેમણે એના એજંટ તરીકે રહેવાનું સ્વીકાર્યું હતું.

• બ્રહ્મચર્યવ્રત,

સને ૧૮૮૨માં ૧૩ વર્ષની ઉંમરે બાળલગ્ન થઈ ગયા હતા. પૂરા ૧૭ વર્ષ સુધી તેમણે શારીરિક સુખ ભોગવ્યું તે દરમિયાન તેઓ ચાર સંતાનના પિતા બની ગયા હતા. તેઓ આ ઉમંરે પહેલાથી જ વાસના પીડિત હતા. તેઓ લખે છે

"હું મારી સ્ત્રી પ્રત્યે વિષયાસક્ત હતો. નિશાળમાંય તેના વિચાર આવે. રાત્રી ક્યારે પડે અને ક્યારે અમે મળીએ એ વિચાર રહ્યા જ કરે. વિયોગ અસહ્ય હતો. મારી કેટલીક કાલીઘેલી વાતોથી હું કસ્તૂરબાઈને જગાડ્યા જ કરું. આ આસક્તિની સાથે જ જો મારામાં કર્યવ્ય પરાયણતા ન હોય તો રોગથી પીડાઈ મૃત્યુને વશ થયો હોત અથવા આ જગતમાં વૃથા જીવી રહ્યો હોત. એમે મને ભાસે છે." આગળ કહે છે; જ્યારે હું વિષયની ઉંઘમાંથી જાગ્યો ત્યારે તો હું જાહેર જીવનમાં ઝંપલાવી ચૂક્યો હતો." એટલે બહુ વખત આપી શકું એવી મારી સ્થિતિ નહોતી રહી."

૩૦ વર્ષની ઉંમરે બ્રહ્મચર્ય પાળવાની શરૂઆત કરેલી પણ સંપૂર્ણ બ્રહ્મચર્યવ્રત ૩૬ વર્ષની ઉંમરે લીધું. આમ સંપૂર્ણ બ્રહ્મચર્ય વ્રતનો અંગીકાર શ્રીમદ રાજચંદ સાથેના સંપર્ક અને વિચારોના પ્રભાવથી કર્યો હતો. ગાંધીજીએ આ બાબત પોતાની આત્મકથાના ભાગ-૩ના પ્રકરણ ૭-૮માં લખે છે;

"એક પત્નીવ્રતને તો વિવાહ થતાં જ મારા હૃદયમાં સ્થાન હતું પત્ની પ્રત્યેની વફાદારી મારા સત્યવ્રતનું અંગ હતું પણ સ્વસ્ત્રી પ્રત્યે પણ બ્રહ્મચર્યનું પાલન કરવું એ મને દક્ષિણ આફ્રિકામાં જ સ્પષ્ટ સમજાયું. કયા પ્રસંગથી અથવા કયા પુસ્તકના પ્રભાવથી એ વિચાર મને ઉદ્દભવ્યો એ અત્યારે મને ચોખ્ખું નથી યાદ આવતું. એટલું સ્મરણ છે કે એમાં રાયચંદભાઈની અસરનું પ્રાધ્યાન્ય હતું. તેમની સાથેના એક સંવાદ મને યાદ છે.

એક વેળા હું મિસિસ ગ્લેડસ્ટનના ગ્લેડસ્ટન પ્રત્યેનાં પ્રેમની સ્તુતિ કરતો હતો. આમની સભામાં પણ મિસિસ ગ્લેડસ્ટન પોતાના પતિને ચા બનાવી આપતા. આ વસ્તુનું પાલન આ નિયમબધ્ધ દંપતિના જીવનનો એક નિયમ થઈ પડ્યો હતો. એ મેં ક્યાંક વાંચેલું તે મે કવિને વાંચી સંભળાવ્યું. ને તેને અંગે મેં દંપતિપ્રેમની સ્તુતિ કરી. રાયચંદભાઈ બોલ્યા;

"એમાં તમને મહત્ત્વનું શું લાગે છે? મિસિ ગ્લેડસ્ટનનું પત્નીપણું, કે તેનો સેવાભાવ? જો તે બાઈ ગ્લેડસ્ટનના બહેન હોત તો? અથવા તેની વફાદાર નોકર હોત ને તેટલાજ પ્રેમથી ચા આપત તો? એવી બહેનો, એવી નોકરોના દૃષ્ટાંતો આપણને આજે નહીં મળે? અને નારી જાતિને બદલે એવો પ્રેમ નરજાતિમાં જોયો હોત તો તમને આનંદશ્ચર્ય ન થાત? હું કહું છું તે વિચારજો.

રાયચંદભાઈ પોતે વિવાહિત હતા એ વેળા તો મને એમનું વચન લાગેલું એવું સ્મરણ છે. પણ તે વચને મને લોહચુંબકની જેમ પકડ્યો. પુરુષ ચાકરની એવી વફાદારીની કિંમત પત્નીની વફાદારીની કિંમત કરતાં તો હજારગણી ચડે. પતિ-પત્ની વચ્ચે ઐક્ય હોય, એટલે તેમની વચ્ચે પ્રેમ હોય એમાં આશ્ચર્ય નથી. નોકર શેઠ વચ્ચે તેવો પ્રેમ કેળવવો પડે. દિવસે દિવસે કવિના વચનનું બળ મારી આગળ વધતું જણાયું.

મારે પત્ની સાથે કેવો સંબંધ રાખવો? પત્નીને વિષય ભોગનું વાહન બનાવવી એમાં પત્ની પ્રત્યે ક્યાં વફાદારી આવે છે ? હું જ્યાં લગી વિષયવાસનાને આધીન રહું ત્યાં લગી વફાદારીની પ્રાકૃત કિંમત જ ગણાય. મારે અહીં કહેવું જોઈએ કે, અમારી વચ્ચેના સંબંધમાં કોઈ દિવસ મને પત્ની તરફથી આક્રમણ થયું જ નથી. એ દૃષ્ટિએ હું જ્યારે ઈચ્છું ત્યારે મારે સારું બ્રહ્મચર્યનું પાલન સુલભ હતું. મારી અશક્તિ અથવા આસક્તિ જ મને રોકી રહી હતી.

તેઓ કહે છે કે અને કબુલ કરે છે કે સંયમ પાલનની મુશ્કેલીઓનો પાર નહોતો. નોખા ખાટલા રાખ્યા. રાત્રે થાકીને જ સૂવાનો પ્રયત્ન કર્યો. આ બધા પ્રયત્નનું પરિણામ હું તરત ન જોઈ શક્યો પણ આજે ભૂતકાળની ઉપર આંખ ફેરવતા જોઉં છું કે એ બધા પ્રયત્નોએ મને છેવટે બળ આપ્યું. ગાંધીજી નોંધે છે; મારા જીવન પર રાયચંદભાઈનો એવો સ્થાયી પ્રભાવ પડ્યો છે કે હું એનું વર્ણન કરી શક્તો નથી. હું કેટલાક વર્ષોથી ભારતમાં ધાર્મિક પુરુષોની શોધમાં છું

પરંતુ એમના જેવો ધાર્મિક પુરુષ હિંદમાં હજુ સુધી મેં જોયો નથી. યુરોપના તત્વજ્ઞાનીઓમાં હું ટોલ્સટોયને પ્રથમ શ્રેણીના અને રસ્કિનને બીજી શ્રેણીના વિદ્વાન સમજું છું પરંતુ રાયચંદભાઈનો અનુભવ એ બન્નેથી ચડેલો હતો.

કહે છે કે શ્રીમદ રાયચંદભાઈ સાથેનો પ્રથમ મેળાપ ૧૮૫૧માં, રસ્કિનના વિચારો ૧૯૦૪માં વાંચ્યા અને ટોલ્સ્ટોય સાથે ૧૯૦૯માં પત્ર વ્યવહાર થયો. આ રીતે જેઈએ તો ૧૮૯૧ થી ૧૯૦૪ સુધી ગાંધીજીના જીવન ઉપર માત્ર શ્રીમદ રાજચંદ્રનો પ્રભાવ જોવા મળે છે. ઈ.સ. ૧૯૦૪ના ઓક્ટોબરમાં ગાંધીજી જહોનિસબર્ગથી નાતાલ જતા હતા. ત્યારે હેનરી પોલાર્ક નામના અંગ્રેજ સદ્‌ગૃહસ્થમિત્રે ગાંધીજીને જહોન રસ્કિનનુ પુસ્તક અન ટુ ધિસ લાસ્ટ હાથમાં મૂકીને કહ્યું, ‘‘આ પુસ્તક રસ્તામાં વાંચી શકાય તેવું છે. તે વાંચી જજો. તમને ગમશે.’’ વાંચ્યા પછી આખી જીવન દૃષ્ટિ બદલાઈ ગઈ અને તેમાંથી સર્વોદયની ભાવનાનો જન્મ થયો.

૧૯૦૯ ઓક્ટોબરથી લિયો ટૉલ્સટોય સાથે પત્ર વ્યવહાર શરૂ થયો. ગાંધીજીના ત્રણ પત્રો અને તેના જવાબો ટોલ્સસ્ટોયે આપીને કેટલીક બાબતોમાં દિશા સૂચન કરી દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહના દીપકમાં ઘી પુરવાનું કામ કર્યું હતું. પત્રોના જવાબોથી ગાંધીજીને ઘણું બળ મળ્યું હતું. ઑગષ્ટ-૧૫ -૧૯૧૦ ના દિવસે છેલ્લો પત્ર લખ્યો તેનો જવાબ ટોલ્સ્ટોય તેમની નાદુરસ્ત તબિયતને કારણે ન આપી શક્યા અને માત્ર બે મહિના અને ૨૫ દિવસમાં ૧૦મી નવેમ્બરે ૧૯૧૦માં ૮૩ વર્ષનું આયુષ્ય ભોગવી દીવંગત થઈ ગયા હતા. જ્યારે શ્રીમદજીનો પ્રત્યક્ષ પરિચય અને પ્રસંગોપાત સાન્નિધ્ય માણીને અંતસુધી પ્રભાવિત રહ્યા હતા.

બ્રહ્મચર્ય વ્રત ધારણ કરવા માટેનો અંતિમ નિશ્રય તો છેક ૧૯૦૬ની સાલમાં જ કરી શક્યો. તે વખતે, સત્યાગ્રહનો આરંભ નહોતો થયો.

જો મારે લોકસેવામાં જ તન્મય થઈ જવું હોય તો પુત્રૈષણા તેમજ વિતૈષણાનો ત્યાગ કરવો જોઈએ અને વાનપ્રસ્થધર્મનું પાલન કરવું જોઈએ.

નાતાલમાં ઝૂલુ બળવામાં ગાંધીજીને દોઢ માસથી વધુ રોકાવું પડ્યું નહોતું પણ આ છ અઠવાડિયા તેની જિંદગીનો કિમતી કાળ હતો. કહે છે કે વ્રતનું મહત્ત્વ હું આવેળા વધારેમાં વધારે સમજ્યો. મેં જોયું કે વ્રત બંધન નથી પણ સ્વતંત્રતાનું દ્વાર છે. આજ લગી મારા પ્રયત્નોમાં ઘટતી સફળતા ન મળી કેમકે હું નિશ્ચયવાન નહોતો. મને મારી શક્તિનો અવિશ્વાસ હતો. મને ઈશ્વરકૃપાનો અવિશ્વાસ હતો અને તેથી મારું મન અનેક તરંગોને અનેક વિકારોને વશ વર્તતું હતું. મેં જોયુંકે વ્રતથી ન બંધાવવામાં મનુષ્ય મોહમાં પડે છે. વ્રતથી બંધાવું એ વ્યભિચારમાંથી નીકળી એક પત્નીનો સંબંધ બાંધવા જેવું છે. હું પ્રયત્ન કરવામાં માનું છું, વ્રતથી બંધાવામાં નથી માનતો. એ વચન નિર્બળતાની નિશાની છે ને તેમાં સુક્ષ્મ રીતે ભોગની ઈચ્છા છે જે વસ્તુ ત્યાજય છે. તેનો સર્વથા ત્યાગ કરવામાં હાનિ કેમ હોઈ શકે? જે સરપ મને કરડવાનો છેઃ તેનો હું નિશ્ચર્ય પૂર્વક ત્યાગ કરું છું. ત્યાગનો માત્ર પ્રયત્ન નથી કરતો. હું જાણું છું કે માત્ર પ્રયત્ન પર રહેવામાં મરવું સહેલું છે. પ્રયત્નમાં સરપની વિકરાળતાના સ્પષ્ટ જ્ઞાનનો અભાવ છે. તે વસ્તુના ત્યાગની યોગ્યતાને વિશે આપણને સ્પષ્ટ દર્શન નથી થયું. એમ સિધ્ધ થાય છે. મારા વિચાર પાછળથી બદલાય તો? આવી શંકા કરીને ઘણી વેળા આપણે વ્રતલેતા ડરીએ છીએ. આ વિચારમાં સ્પષ્ટ દર્શનનો અભાવ જ છે. તેથી જ નિષ્કુળાનંદે કહ્યું કે

‘‘ત્યાગ ન ટકે વૈરાગ્ય વિના’’

જ્યાં અમુક વસ્તુને વિશે સંપૂર્ણ વૈરાગ્ય ઉત્પન થયો છે ત્યાં તેને વિશે વ્રત અનિવાર્ય વસ્તુ છે.

સારી પેઠે ચર્ચા કર્યા પછી અને પુક્ત વિચારો કર્યા પછી સને ૧૯૦૬ની સાલમાં વ્રત લીધું. વ્રત લેતા લગીમેં ધર્મપત્ની સાથે મસલત નહોતી કરી; પણ વ્રતને સમયે કરી. તેના તરફથી મને કશો વિરોધ ન થયો.

ગાંધીજી કહે છે કે આ વ્રત લેતાં તો મને ભારે પડ્યું મારી શક્તિ ઓછી હતી વિકારોને દળાવવાનું કેમ બનશે? સ્વપત્નીની સાથે વિકારી સંબંધોનો ત્યાગ એ નવાઈની વાત લાગતી હતી છતાં એ જ મારું કર્તવ્ય હતું એ હું સ્પષ્ટ જોઈ શક્યો હતો. મારી દાનત શુધ્ધ હતી, શક્તિ ઈશ્વર આપી રહેશે એમ વિચારીને મેં ઝંપલાવ્યું.

આજે વીસ વર્ષ પછી તે વ્રતનુ સ્મરણ કરતા મને સાનંદાશ્ચર્ય થાય છે. સંયમ પાળવાની વૃતિનો ૧૯૦૧ પ્રબળ હતી ને હું તે પાળી પણ રહ્યો હતો પણ જે સ્વતંત્રતા અને આનંદ હું હવે ભોગવવા લાગ્યો તે સને ૧૯૦૬ પહેલા ભોગવ્યાનું મને સ્મરણ નથી કેમકે તે વખતે હું વાસનાબધ્ધ હતો. ગમે ત્યારે તેને વશ થઈ શક્તો. હવે વાસના મારા ઉપર સવારી કરવા અસમર્થ થઈ.

તેઓ આગળ કહે છે કે હું આમાંથી રસ લૂંટતો હતો તો તેની કઠિનતા નહોતો અનુભવતો એમ પણ કોઈ ન માને, આજે છપ્પન વર્ષ પૂરા થયા છે. ત્યારે પણ તેની કઠિનતાનો અનુભવ તો થાય જ છે. તે અસિધારાવ્રત છે. એમ વધારે ને વધારે સમજુ છું. નિરંતર જાગૃતિની આવશ્યકતા જોઉં છું. બ્રહ્મચર્ય અંગે પોતાને જે અનુભવ થયો તેને તે ઓ આ રીતે રજૂ કરે છે.

"બ્રહ્મચર્ય મેળવવું હોય તો સ્વાઈન્દ્રય ઉપર કાબૂ મેળવવો જ જોઈએ. જો સ્વાદને જીતાય તો બ્રહ્મચર્ય અતિશય સહેલું છે એ મેં જાતે અનુભવ્યું" તેથી હવે પછીના તેમના ખોરાકના પ્રયોગો કેવળ અન્નાહારની દૃષ્ટિએ જ નહીં પણ બ્રહ્મચર્યની દૃષ્ટિએ થવા લાગ્યા. ખોરાક ઓછો, સાદો, મસાલા વિનાનો અને કુદરતી સ્થિતિમાં ખાવો જોઈએ એ તેમણે પ્રયોગ કરીને અનુભવ્યું. બ્રહ્મચારીનો ખોરાક વનપક ફળ છે એમ તેમણે પોતાના માટે છ વર્ષનો પ્રયોગ કરી જોયો. જ્યારે તેઓ સૂકાં અને લીલા વનપક ઉપર જ રહેતા ત્યારે જે નિર્વિકારપણુ અનુભવતા તે તેમણે ખોરાકમાં ફેરફાર કર્યા પછી નથી અનુભવ્યું.

તેઓ કહે છે કે, ઈન્દ્રિયો એવી બળવાન છે કે તેને ચોમેરથી ઉપરથી અને નીચેથી એમ દશે દિશાએથી, ઘેરવામાં આવે ત્યારેજ અંકુશમાં રહે છે. ખોરાક વિના તે કામ નથી કરી શકતી એ સહુ જાણે છે. એટલે ઈન્દ્રિયદમનના હેતુથી ઈચ્છાપૂર્વક કરેલા ઉપવાસની ઈન્દ્રિયદમનમાં બહુ મદદ મળે છે એ વિશે મને શંકા નથી."

સ્થૂળ ઉપવાસમાં છપ્પન ભોગ આરોગે છે પછી ફરિયાદ કરે છે કે નથી સ્વાદેન્દ્રિયોનો સંયમ થયા કે નથી જનેન્દ્રિયોનો સંયમ.. પણ ઉપવાસની ખરી ઉપયોગીતા ત્યાં જ હોય કે જ્યાં માણસને પોતાનું મન દેહદમનમાં સાથ આપતું હોય. એટલે કે મનને વિષયભોગ પ્રત્યે વૈરાગ્ય આવ્યો હોવો જોઈએ. વિષયના મૂળિતો મનમાં રહેલા છે. ઉપવાસ વગેરે સાધનોની મદદ જોકે ઘણી છતાં પ્રમાણમાં થોડી જ હોય છે. બ્રહ્મચર્યના પાલનમાં ઉપવાસ એ એક અનિવાર્ય અસરકારક બળ છે. પણ ઉપવાસ વગર વિષયાસક્તિનો જડમૂળથી નાશ સંભવ નથી. તેથી બ્રહ્મચર્ય પાલનમાં ઉપવાસ એક અનિવાર્ય અંગ છે.

બ્રહ્મચર્ય અંગે શ્રીમદજીના વિચારોએ ગાંધીજીના બ્રહ્મચર્યનું ઘડતર કર્યું હતું. જ્યારે કોઈ મુંઝવણ થાય ત્યારે તેઓ શ્રીમદ પાસેથી સાચી દિશાનું માર્ગદર્શન મેળવતા હતા. તેમણે બ્રહ્મચર્ય વ્રત લઈને તેને પાળવા માટે જે તકલીફો અનુભવી તેમાંથી બહાર નીકળવા પણ ઘણા ઉપાયો લીધા હતા.

પ્રયત્ન શીલ બ્રહ્મચારી પોતાની ઉણપોનું નિત્ય દર્શન કરશે. પોતાનામાં ખૂણે -ખાંચરે છૂપાઈ રહેલ વિકારોને ઓળખી લેશે. ને તેમને કાઢવા સતત પ્રયત્ન કરશે. જ્યાં લગી વિચારો ઉપર એવો કાબૂ નથી મળ્યો કે ઈચ્છા વિના એક પણ વિચાર ન આવે ત્યાં લગી સંપૂર્ણ બ્રહ્મચર્ય નથી. વિચાર માત્ર વિકાર છે તેને વશ કરવા એટલે મનને વશ કરવું. અને મનને વશ કરવું તે વાયુને વશ કરવા કરતાંય કઠિન છે. આમ છતાં આત્મા છે તો આ વસ્તુ પણ સાધ્ય છે જ. આપણને મુશ્કેલીઓ આવી નડે છે. તેથી તે અસાધ્ય છે એમ કોઈ ન માને.

બ્રહ્મચર્ય વ્રત પાલનમાં ગાંધીજીને આહાર, વિહાર અને નિહારની આવશ્યકતા સમજાઈ ગઈ હતી. ગાંધીજી શરીરને ગધેડું કહેતા હતા," જ્યારે વધારે ખવાઈજાય ત્યારે તેઓ કહેતા ગધેડું વધારે ખાઈ ગયું." ગાંધીજીની બ્રહ્મચર્યની શૈલી વિવેકપ્રધાન હતી.

શ્રીમદ કહેતા; "સર્વ ચારિત્ર વશીભૂત કરવા માટે સર્વ પ્રમાદ ટાળવાને માટે, આત્મમાં અખેડ વૃત્તિ રહેવાને માટે મોક્ષ સંબંધ સર્વ પ્રકારના સાધનના જય અર્થે બ્રહ્મચર્ય અદ્ભૂત અનુપન સહાયરૂપ છે.

છેલ્લે પાયાની વાત કરતા શ્રીમદજી કહ્યુ; "સર્વ પ્રકારના આરંભ તથા પરિગ્રહ સંબંધનું મૂળ છેદવાને સમર્થ એવું બ્રહ્મચર્યવ્રત છે. શ્રીરાજચંદ્રના પરિચયમાં આવ્યા પછી

તેમના જેવું વિશુધ્ધ ચારિત્ર્યમય જીવન જીવવાની ભાવના ગાંધીજીને થઈ, અને યુવાન વયે બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા કરી ને અંત સુધી નિભાવી.'' બ્રહ્મચર્યની આંકરી તપસ્યાથી આઝાદી પ્રાપ્ત થઈ એવું માની શકાય. શ્રીમદે સત્સંગનો મહિમા ઠેરઠેર ગાયો છે અને ગાંધીજીનું આરિત્ર્યનિર્માણ એ તેમના સત્સંગનું જ જ્વલંત ઉદાહરણ છે.

**સત્ય અહિંસાઃ-**

ગાંધીજીના જીવનમાં સત્ય અને અહિંસા થકી જ તેઓ વિશ્વવંધ્ય બની શક્યા. જૈન ધર્મમાં અહિંસાને જૈનદર્શનની પ્રકૃતિ ગણવામાં આવે છે. ગાંધીજીને ગાઢ પ્રતીતિ થઈ ચૂકી હતી કે અહિંસાવિના સત્યની શોધ અસંભવિત છે. સત્ય અને અહિંસા આદિકાળથી ચાલ્યા આવે છે. તેમણે કહ્યું; ''

''ઈશ્વરને હું વ્યક્તિ તરીકે જોતો નથી. મારે માટે સત્ય એજ ઈશ્વર છે. ઈશ્વર એક શક્તિ છે; તત્ત્વ છે, શુધ્ધ ચૈતન્ય છે, અને સર્વવ્યાપક છે. પરમેશ્વરની વ્યાખ્યા અગણિત છે કેમકે તેની વિભૂતિઓ પણ અગણિત છે. એ વિભૂતિઓ મને આશ્ચર્ય ચક્તિ કરે છે. એ મને ક્ષણવાર મુગ્ધ પણ કરે છે. અને બીજું બધું મિથ્યા છે. એ સત્યમને જડ્યું નથી. પણ એનો હું શોધક છું. એ શોધવાને અર્થે જે વસ્તુ મને પ્રિયમાં પ્રિય હોય તેનો ત્યાગ કરવા તૈયાર છું. અને એ શોધરૂપી યજ્ઞમાં આ શરીરને પણ હોમવાની મારી તૈયારી છે. અને શક્તિ છે એવો મને વિશ્વાસ છે. દૂર દૂરથી વિશુધ્ધ સત્યની — ઈશ્વરની ઝાંખી પણ કરી રહ્યો છું.

સત્ય જ છે એ સિવાય બીજું કાંઈ જ આ જગતમાં નથી એવો મારો વિશ્વાસ દિન-પ્રતિદિન વધતો જાય છે.

આરંભની અવસ્થામાં ગાંધીજી ઈશ્વરને સૃષ્ટિના કર્તા તરીકે માનતા હતા. જ્યારે જૈન દર્શન ઈશ્વરને વ્યક્તિ વિશેષ સૃષ્ટિનો કર્તા કે ઈશ્વર તરીકે નથી સ્વીકાર્યો. શ્રીમદ્ રાજચંદ્રએ કહ્યું કે કર્તા ઈશ્વર કોઈ નથી. ઈશ્વર શુધ્ધ સ્વભાવ છે. શ્રીમદ્ રાજચંદ્ર દ્વારા આ સમજણ પામ્યા પછી પોતાના મંથન, ચિંતન પછી ઈશ્વર એ સત્ય છે એવી પ્રારંભિક માન્યતાથી અલગ ફંટાઈને, ''સત્ય એજ ઈશ્વર છે. '' એવો નિષ્કર્ષ પર ગાંધીજી આવ્યા હતા.

''શ્રીમદ્ રાજચંદ્ર કહેતા કે સત્ય એજ સૃષ્ટિનું ધારક અને પોષક તત્વ છે.'' આગફ કહે છે; મિથ્યાત્વ ટળવાને આડા બે અભિનિવેશ અવરોધરૂપ છે; શાસ્ત્રીય અને લૌકિક. ગાંધીજી શ્રીમદજીની આ વાત બરાબર સમજી ગયા હતા. તેઓ શ્રીમદની વૈરાગ્યભાવના સંયમ સાદાઈ વગેરેથી એટલા પ્રભાવિત થઈ ગયા હતા કે તેઓ માનતા કે અધ્યાત્મ ક્ષેત્રમાં પ્રયોગ કરવાનો અધિકાર મેળવવાને માટે યમ-નિયમોનું કડક પાલન આવશ્યક છે.

શ્રીમદજી અને ગાંધીજી બન્ને પંચ મહાવ્રતોના આગ્રહી હતા. ગાંધીજીએ લખ્યું છે, પાંચવ્રતોનો અંગીકાર કર્યા વગરની સત્યની શોધના પ્રયોગમાં ન પડવું વધારે સારું છે.''

અહિંસાદિ મહાવ્રતોને ઓળખવા અને તેનું સંપૂર્ણ પાલન પણ મન, વચન અને કાયાથી કરવાનો હું સતત પ્રયત્નશીલ રહ્યો છું.'' જૈનોના મહાવ્રત અપરિગ્રહની એટલી પ્રબળ અસર શ્રીમદજીના જીવન વ્યવહારથી ગાંધીજી ઉપર પડી કે ગાંધીજી રૂઢપણે માનતા થયાકે સત્ય શોધક અહિંસક પરિગ્રહ ન કરી શકે. પરમાત્મા પરિગ્રહ કરતો નથી જેમ વસ્તુનો તેમ વિચારોનો, અપરિગ્રહ હોવો જોઈએ સવારે જાગતા જે શક્તિ હોય તેને રાત સુધીમાં ઉપયોગ કરી લેવો જોઈએ નહિ તો તે પણ પરિગ્રહ બની જાય છે.

જીવનના દરેક સ્તરે તમામ આચાર્યોમાં ગાંધીજીએ અપિગ્રહવ્રતની પ્રાણ પ્રતિષ્ઠા કરી હતી. એમની વીમાની પોલીસી પણ કેન્સલ કરાવી નાખેલી. શ્રીમદજી કહેતા પરિગ્રહ એ પાપનું મૂળ છે, પાપનો પિતા છે. આત્મહિતૈષીએ જેમ બને તેમ તેનો ત્યાગ કરી મર્યાદા પૂર્વક વર્તન કરવુ! જીવન જીવવા માટે આવશ્યક ઉપકરણો એમાં જેટલા અક્ષરો છે એટલી વસ્તુઓનો પણ ગાંધીજીને પરિગ્રહ નહોતો.

સાબરમતી નદીમાં પણ અરધા લોટા પાણીથી સવારે મોઢું સાફ કરતા હતા. કોઈએ એમને પૂછ્યું;

''શું બાપુ, આવડી મોટી સાબરમતી વહી રહી છે ને તમે પાણીનો લોભ કરો છો.

બાપુએ તેનો સોઈ જાટકીને જવાબ આપતા કહ્યું;

''સાબરમતી મારા બાપા કરમચંદ ગાંધીની નથી,

એ સાર્વજનિક નદી છે. જરૂરથી વધારે એક ટીપુ પાણી વાપરવાનો મને અધિકાર નથી. મારું મોઢું જોઈલો તેમાં તમને ક્યાંય પણ અસ્વચ્છતા દેખાય છે? અરધો લોટો મને બસ છે."

સંપતિ પછી તે કુદરત નિર્મિત હોય કે માનવ સર્જિત તેનો માત્ર પરિગ્રહજ નહીં પણ વ્યયકરવાનો પણ કોઈને અધિકાર નથી. તેમનાપર કોઈનો પત્ર આવે તો પત્રમાં ખાલી રહેલી જગામાં જ એનો જવાબ લખી મોકલે, ટાંચણી કે કાગળની કાપલી પણ સંભાળીને રાખે. તેઓ કરકસરના પૂરા આગ્રહી હતા. કરકસરએ લોભ નથી. જરૂર પડેતો વાપરી જાણનારા હતા. કરકસરએ ત્રેવડનો ત્રીજો ભાઈ ગણીને તેઓ ચાલનારા હતા.

**અહિંસાઃ-**

જૈન દર્શનની ઊંડી અને વ્યાપક તેમજ સુક્ષ્મ અહિંસાની ભાવના ગાંધીજીએ આત્મસાત કરી હતી. અહિંસાની ભાવનાને તેમણે ક્ષિતીજના પરિઘ સુધી વિસ્તારી દીધી હતી. અહિસા એમની જીવન રીતિ, જીવન શોધક અને જીવન મંત્ર બની ગઈ હતી. તેમની અહિંસા કેટલી સુક્ષ્મ હતી તેનો એક દાખલો આ રહ્યો.

પૂનાના આગાખાન મહેલમાં મહાત્માજી માટે લીંબુનો રસ નાખેલ પાણી ઉઘાડું પડ્યું હતું. જોઈને તરત તેમણે ઢાંકી દીધું. જીવ ન હણાય. આમ અહિંસાનું પાલન દરેક પ્રાવૃત્તિમાં માલુમ પડે છે.

જૈન દર્શન પુરૂષાર્થવાદી છે. આ સંદર્ભમાં શ્રીમદ રાજચંદે કહ્યું;

"પુરુષાર્થ કર્યા વગર પ્રારબ્ધની ખબર ન પડે. પ્રારબ્ધમાં હશે એમ થશે એમ કહી બેસી ન રહેવાય કે છટકી ગયે કામ ન આવે. નિષ્કામ પુરુષાર્થ કરવો, પ્રારબ્ધને સ્વીકારી પરિણામ વેઠવું, કે ભોગવી લેવું એ મોટો પુરુષાર્થ છે.

આ જ અનાસક્ત કર્મયોગ જેને ગાંધીજીએ જીવનમાં મૂર્તિમંત કર્યો હતો. શ્રીમદજીએ કહ્યું; "શ્યાદવાદની શૈલીએ જોતાં કોઈ મત અસત્ય નથી. "શ્રીમદ ગાંધીજી કે ટોલ્સ્ટોય એ ત્રણેનો ધર્મ સાંપ્રદાયિક નહોતો બલ્કે એક જાતની ધર્મ બુધ્ધિ કે આધ્યાત્મ બુધ્ધિમાં કોઈને અંગીકાર કરવા પ્રેરતી અને દરેક ધર્મમાં રહેલા સડા સામે ઝઝૂમવા શક્તિમાન બનાવતી હતી

શ્રીમદજી કહે છે- મૂળ વૃત્તિ અહિંસા છે તેને પોષવા બીજા વ્રતો છે." ગાંધીજી સાબરમતી આશ્રમમાં રહેતા આશ્રમવાસીઓ અગિયાર વ્રતો પાળતા હતા. (સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, અસ્વાદ, અસ્તેય, અપરિગ્રહ, શરીરશ્રમ, સ્વદેશી, અભય , અસ્પૃશ્યતા નિવારણ, અસહિષ્ણુતા) આ અગિયાર વ્રતો પાછળનું પ્રેરકબળ શ્રીમદ રાજચંદ્ર સાથેનો જીવંત સંપર્ક અને જીવન વ્યવહાર માટેનો સત્સંગનું પ્રેરકબળ કામ કરતું હતું.

જે દયાધર્મને શ્રીમદજી પોતાના જીવનમાં પ્રધાનપદ આપે છે, જેણે બ્રહ્મચર્યનું પાલન કરીને પોતાની ઈન્દ્રિયો પર નિયંત્રણ મેળવ્યું છે. જેણે નથી પોતાના હાથ-પગ મેલાં કર્યા કે નથી પોતાના મનને મેલુ થવા દીધું, જેણે અસ્તેયવ્રત અખંડ રીતે પાળ્યું છે અને જેણે અનેક લોચા ભેગા કરીને પરિગ્રહ નથી કર્યો તે જ કહી શકે કે મારા અંતરનો આ અવાજ છે."

ગાંધીજીએ જૈન દર્શનના અહિંસા તત્વને શ્રીમદજીની પ્રેરણાથી વિશ્વવ્યાપી બનાવી દીધી અને અહિંસા એ ગાંધીજીને વિશ્વવ્યાપી બનાવી દીધા. ગાંધીજીનો જન્મ ભલે વૈષ્ણવકુટુંબમાં થયો પરંતુ વાસ્તવિક રીતે તેમણે જૈન સિધ્ધાંતોનું જ અનુશીલન અને પ્રચાર કર્યો હતો. જો તેઓ જન્મ શુધ્ધ જૈન હોત તો તેના પર એવો આરોપ આવત કે; "તમે જૈન ધર્મનો જ પ્રચાર કરી રહ્યા છો.

આમ જોઈએ તો ગાંધીજીએ કોઈ પણ ધર્મની કંઠી બાંધી નહોતી. તેમનો જુકાવ ભલે ભારતીય સંસ્કૃતિ પ્રમાણે હિન્દુધર્મ તરફનો હતો છતાં તેમણે કોઈ ધર્મની ટીકા-ટીપ્પણી ક્યારેય કરી નહોતી. દરેક ધર્મને તેઓ સમાદર આપતા હતા. તેમની પ્રાર્થના પણ સર્વધર્મની હતી. દરેક ધર્મના માણસને ગાંધીજી પોતાના ધર્મના હોય એમ લાગતું હતું.

ધર્મ અને જ્ઞાતિ-જાતિ, કોમના વાડીબંધી માંથી તેઓ મુક્ત થઈ ગયા હતા. એક રીતે કહીએ તો વૈષ્ણજન થઈ ગયા હતા. તેમને દરેક ધર્મના વડા આદર કરતા અને સન્માન આપતા હતા. તેના મૂળમાં શ્રીમદજીનું પ્રેરણા બળકામ કરતું હતું.

એક વખત તો ગાંધીજીને પણ થયું કે હું શ્રીમદજીને મારા ગુરુ બનાવું પરંતુ ગુરુપદે ન સ્થાપવા છતાં શ્રીમદજી ગાંધીજીના હૃદયમાં ગુરુપદની નજીક હતા. ગુરુસમ હતા. ગુરુવત્ત હતા. ગુરુયોગ્ય અને ગુરુ તુલ્ય પણ હતા છતાં તેઓ ગુરુ નહોતા. કેટલાંક વિદ્‌વાનોએ શ્રીમદજીને ગાંધીજીના ગુરુ માનીને ઘણી વાતો પણ કરી છે, કેટલાકે ગાંધીજીના પ્રેરણાપુરુષ ગણીને વાતો લખી પણ છે. પણ આપણે એ નક્કી કરવું પડશે કે ગાંધીજી પોતે શ્રીમદજીને કઈ દૃષ્ટિથી જુએ છે અને સ્વીકારે છે તેના મૂળમાં જવું પડશે. બીજા લોકો તો જેમ રામને નામે પથ્થરા તરે છે એમ ગુરુના નામે ઘણી ઘણી વાતો કરનારાઓની પણ તોટો નથી. એટલે આપણે એમની આત્મકથામાં પોતે શું લખ્યું છે તે તેમના જ શબ્દોમાં જોઈએ તો ઉપરના તમામ ભ્રમો, ખ્યાલો કે કલ્પનાઓનો અસ્તોદય થઈ જશે. તેઓ આત્મકથા એટલે કે સત્યના પ્રયોગોના ભાગ-ર ના પ્રકરણ એક- 'રાયચંદભાઈ'માં લખે છેઃ

"રાયચંદભાઈ વિશે મારો આટલો આદર છતાં તેમને હું મારા ધર્મગુરુ તરીકે મારા હૃદયમાં સ્થાન આપી ન શક્યો. મારી એ શોધ આજપણ ચાલું છે.

ગુરુ વિશે ગાંધીજીની માન્યતા શી છે? આ પ્રશ્નના જવાબમાં તેઓ લખે છે; "હિન્દુધર્મે ગુરુપદને જે મહત્ત્વ આપ્યું છે તેને હું માનનારો છું ગુરુ વિના જ્ઞાન ન હોય એ વાક્ય ઘણે અંશે સાચું છે. અક્ષરજ્ઞાન આપનાર અપૂર્ણ શિક્ષકથી ચલાવી લેવાય પણ આત્મદર્શન કરાવનાર અપૂર્ણ શિક્ષકથી ન જ ચલાવાય. ગુરુપદતો સંપૂર્ણ જ્ઞાનીને જ અપાય. ગરુની શોધમાં જ સફળતા રહેલી છે કેમકે શિષ્યની યોગ્યતા પ્રમાણે જ ગુરુ મળે છે યોગ્યતા પ્રાપ્તિને સારું સંપૂર્ણ પ્રયત્નનો દરેક સાધકને અધિકાર છે એ તેનો અર્થ છે. એ પ્રયત્નનું ફળ ઈશ્વાધિન છે.

અહીં તો એટલું કહેવું બસ થશે કે મારા જીવન ઉપર ઊંડી છાપ પાડનાર આધુનિક મનુષ્યો ત્રણ છે.

૧.રાયચંદભાઈએ તેમના જીવંત સંસર્ગથી

ર.ટોલ્સટોયે તેમાના "વૈકુઠ તારા હૃદયમાં છે" નામના પુસ્તકથી

૩. અને રસ્કિને 'અન ટુ ધિસ લાસ્ટ' 'સર્વોદય' નામના પુસ્તકથી મને ચકિત કર્યો.

બીજા બધા ભલે શ્રીમદરાજચંદ્રને ગાંધીજીના ગુરુ કે પ્રેરણા પુરુષ ગણતા હોય પણ આ બે માંથી એકકે શબ્દનો ગાંધીજીએ પોતાની આત્મકથામાં ક્યાંય ઉલ્લેખ સુધ્ધાં નથી કર્યો. એનો અર્થ એવો નથી કે શ્રીરાજચંદ્રજી ગુરુ થવાને લાયક નહોતા પણ ગાંધીજી તો ગુરુની સંકલ્પના કંઈક જુદી જ રજૂ કરે છે. તેમના મતે ગુરુ અપૂર્ણ ન હોય. ગુરુપદ સંપૂર્ણજ્ઞાની જ હોય તેવી અપેક્ષા છે. આવા ગુરુ શોધવામાં જ સફળતા રહેલી છે. એમ કહ્યું છે. અને શિષ્યની યોગ્યતા પ્રમાણે જ ગુરુ મળે છે. આમ કહીને શિષ્યની યોગ્યતાનું પ્રમાણ પર ભાર મૂકી સંકેત આપ્યો છે. ઊંડી છાપ પાડે તે ગુરુ હોવો જ જોઈએ અથવા ગુરુ થવાને લાયક છે એમ કહીને પણ એક બીજો સંકેત કર્યો છે.

ગુરુ કોઈ વ્યક્તિ, વસ્તુ, પદાર્થ કે કોઈ પણ સજીવ-નિર્જીવ હોઈ શકે, બની શકે અથવા બનાવી શકાય. એકલવ્યની જેમ. કોઈની વાણી કોઈના શબ્દો, કોઈ ભાવો, કોઈને જીવંત સંપર્ક કે કોઈનું સાન્નિધ્ય અને કોઈની માત્ર નજર પણ ગુરુ બની શકે છે. અહી આપણે જોયું કે વ્યક્તિ તરીકે શ્રીમદ્‌ રાજચંદ્ર ગાંધીજીના સમવયસ્ક હોવા છતાં તેમની જ્ઞાન પ્રતિભા અને જીવનના આચાર-વિચાર ગુરુ થવાને જરૂર લાયક હતા. જ્યારે બે પુસ્તક કે જેના સર્જકને ગાંધીજી ક્યારેય મળ્યા નહોતા પણ એમના જીવન મૂલ્યોને શબ્દોમાં કંડારીને તેમાં તાણા-વાણાની જેમ ગુંથાઈ ગયેલાં ભાવોને વાંચીને અનુભવીને તે ગાંધીજીના જીવન પર ઊંડી અસર કરનારા બની જાય અને જેના કારણે ગાંધીજીના જીવન મૂલ્યો જ બદલાય જાય તે હકીકત જ મોહનદાસ માંથી મહાત્મા ગાંધી થવાનું બળ પુરું પાડે છે.

જ્ઞાન કર્મ થકી પેદા થાય છે. કર્મ વિચાર થકી પેદા થાય છે. અને શ્રધ્ધા, ભક્તિ હૃદયના ભાવમાંથી પેદા થાય છે આમ ત્રણે જ્ઞાની પુરુષોના વિચારોને વર્તનમાં મૂકવાનો જરૂર પ્રયત્ન ગાંધીજીએ કર્યો છે. પોતાના જીવન પર સુવર્ણ ઢોળ ચડાવનારા આ ત્રણે મહાપુરુષોએ અંતરના અણુએ અણુને શબ્દ બ્રહ્મનો નાદ લાગી જતા તેમનું દૈવી ઘડતર અને ચણતર કરીને મહાત્મા સુધી પહોંચાડી દીધા છે.

## (૦૫) જેમ્સ ડગ્લાસ સાથે થોડીક ક્ષણો

- મોહન દાંડીકર

ગઈ તારીખ ૧૫ મી ડિસેમ્બરે અમેરિકન લેખક જેમ્સ ડગ્લાસ ઘરે મળવા આવ્યા હતા. તેમણે ગાંધીજીની હત્યા અંગે આપણા હૃદયને હચમચાવી નાખે, બેચેન બનાવી નાખે, તેવું એ અદ્‌ભુત, ઐતિહાસિક પુસ્તક લખ્યું છે. પુસ્તકનું નામ છે - ગાંધી અને અનસ્પીકેબલ- સત્યનો અંતિમ પ્રયોગ. તેમની સાથે અઢી કલાક સુધી સત્‌સંગ કરવાનો મોકો મળ્યો. તેને હું મારા જીવનની ધન્ય ક્ષણો માનું છું. કોઈ માણસને મળીને ઓળઘોળ થઈ જવાય એવી ક્ષણો જીવનમાં બહુ ઓછી આવતી હોય છે.

તેઓ ખુબ જ સરળ સરસ સાલસ સ્વભાવના સ્વજન સમા લાગ્યા. આટલા મહાન બહુશ્રુત લેખક ચિંતક હોવા છતાં તેમની વિનમ્રતા, નિખાલસતા, નિર્દંભતા હૃદયને સ્પર્શી ગઈ. ચહેરા પર મોટાઈનો, વિદ્વતાનો ભાર નંઈ. અહ્‌મ નંઈ. તમારી સાથે તમારી રીતે, તમારા બનીને, વાતો કરે. પોતે બોલે ઓછું. તમને વધુ બોલવા દે. ગમ્યુ, ખુબ ગમ્યું. આવું અભિજાત્ય જોઈ ધન્ય ધન્ય થઈ જવાયું. ગાંધીપરિવારના કોઈ સ્વજનને મળતો હોઉં એવું લાગ્યું !

તેમની સાથે બીજા બે મિત્રો પણ આવ્યા હતા. એક હતા સુરતથી આનંદ ચોખાવાલા. ગોરધનદાસ ચોખાવાલાના દીકરા. બીજા મિત્ર અમેરિકાથી જ તેમની સાથે આવ્યા હતા. મોહનભાઈ ત્રિવેદી, તેમણે મારું પુસ્તક ''ચપટી મીઠાનો ચમત્કાર'' વાંચ્યું હતું. અમેરિકામાં ત્યારથી મને મળવાની ઈચ્છા હતી. એમ કહેતા હતા. હું ખૂબ જ રાજી થયો.

તેઓ અમારા બન્ને વચ્ચે જે વાતચીત થતી હતી તેનો અનુવાદ કરીને અમને બન્નેને સંભળવતા હતા.

(૨)

મેં એમનું પુસ્તક ''ગાંધી અને અનસ્પીકેબલ સત્યનો અંતિમ પ્રયોગ'' વાંચ્યું હતું.

આ પુસ્તક વિશે નારાયણ દેસાઈએ લખ્યું છેઃ ''ઇતિહાસ સાક્ષી છે. જીવનપોષક અને વિધ્વંસક એવાં બે બળોના સનાતન સંઘર્ષનો. જ્યારે બીજું બળ હારે છે ત્યારે સત્યની તાકાત અને તેના અંતિમ વિજય પર શ્રધ્ધા બળવાન બને છે. પરંતુ જ્યારે બીજું બળ જીતે છે ત્યારે દુનિયા પર તોળાતા સર્વનાશના જોખમથી માનવજાત કમકમી જાય છે. ગાંધીજીની અહિંસા પરની શ્રધ્ધા અને તેમના ગેરમાર્ગે દોરાયેલા હત્યારા વિશેના આ નાનાકડા ઉત્કૃષ્ટ પુસ્તક દ્વારા જેમ્સ ડગ્લાસે આજે પણ આ બે બળો વચ્ચે પીસાઈ રહેલી માનવજાતને જરા થોભવા અને વિચાર કરવાની પ્રેરણા આપી છે.''

આ પુસ્તક વિશે એક બીજા અમેરિકન લેખક બિપશ થોમસ જે. ગમ્બલટને લખ્યું છે. ''જેમ્સ ડગ્લાસ આ સુંદર પણ ખળભળાવી મૂકતા પુસ્તકમાં ગાંધી હત્યાનું ''અનસ્પીકેબલ'', અમલદારશાહી અને સરકારી કાર્યશૈલીની જટિલતા અને એક આખી વિચારધારાને ખતમ કરવા માગતું કાવતરું - રજૂ કરે છે. પણ વાચક માટે તો આ ગાંધીને ફરી મળવા જેવું છે. એ ગાંધીને, જે તેમની અંતિમ ક્ષણે, તેમના હત્યારાને પ્રેમથી જોઈ શકે છે. એક શક્તિશાળી આધ્યાત્મિક અનુભવ.''

(૩)

આ પુસ્તક મેં વાંચ્યું હતું. એટલે એને આધારે મેં જેમ્સ ડગ્લાસને પૂછ્યું.

ગાંધીજીની હત્યા વિશે તમે ખૂબ જ સરસ વાતો લખી છે. ખૂબ જ ઊંડાણથી બધી વિગતો આપી છે. અને ચર્ચા પણ કરી છે. પણ તેમાં તમે સરદાર વલ્લભભાઈ પટેલને જવાબદાર ઠેરવો છો, તે વાત મને ગળે ઉતરી નથી. મારું એવું માનવું છે કે સરદાર વલ્લભભાઈ પટેલ તો ગૃહપ્રધાન તરીકે પૂરે પૂરી કાળજી રાખી જ હતી. તે પ્રમાણે એમણે અધિકારીઓને સૂચના પણ આપી દીધી હતી. પણ ગાંધીજી એવું માનતા હતા કે મારી પ્રાર્થનાસભામાં જે માણસો આવે તેની તપાસ કરવાની જરૂર નથી. એને કારણે

સરદાર વલ્લભભાઈની મૂંઝવણ વધી ગઈ હતી. તેમ છતાં એમણે તકેદારી તો રાખી જ હતી. પણ બનવાકાળ બની ગયું. જેને હું નિયતિ કહું છું. જે બનવાનું છે તે બનવાનું જ છે. તેને તમે ટાળી શકતા નથી. આ નિયતિ.

એમણે ખૂબ જ વિગતે વાત કરતાં કહ્યું: "ના, એવું નથી. સરકારે રાખવી જોઈએ તેટલી કાળજી રાખી નથી. ઊલટું, બેદરકારી રાખી છે. તેને કારણે ગાંધીની હત્યા થઈ છે.

આ પહેલાં પણ ગાંધીજીની હત્યાના પાંચ પ્રયત્નો થયા હતા. આ છઠ્ઠો પ્રયત્ન હતો. આ છ પ્રયત્નોમાંથી ચારમાં નથુરામ ગોડસે સામેલ હતો, તે આર.આર.એસ.નો કટ્ટરવાદી સભ્ય હતો. સાવરકરવાદી હતો. એ લોકોએ નક્કી કર્યું હતું. ગાંધી મુસ્લિમોની વધુ પડતી તરફેણ કરે છે. હિન્દુઓને અન્યાય કરે છે. એટલે તેમને ખતમ કરવા છે.

એના અનુસંધાને જ ૨૦મી જાન્યુઆરીએ પ્રાર્થના સભામાં બોમ્બ વિસ્ફોટ થયો હતો. પણ ગાંધીજી બચી ગયા હતા. તેનો મુખ્ય સૂત્રધાર હતો મદનલાલ પાહવા. તે નિર્વાસિત તરીકે દિલ્હી આવ્યો હતો. એને નિર્વાસિત થવું પડ્યું તેને માટે તે ગાંધીજીને જવાબદાર માનતો હતો. એટલે ગાંધીજી માટે તેના મનમાં ભયંકર રોષ હતો. એ રોષમાં ને રોષમાં એણે બોમ્બવિસ્ફોટ કર્યો હતો. પકડાઈ ગયા પછી ગાંધીજીના ભાવી હત્યારા અંગે એણે કોર્ટમાં કહ્યું હતું - "તેઓ પાછા આવશે." અને છતાં સરકારે કોઈની ધરપકડ નહોતી કરી. સરકાર એવું માનતી હતી કે એમ કરવાથી લોકોમાં ઉહાપોહ થશે. ધમાલ થશે. એટલે કોઈની ધરપકડ ન કરી. અગિયાર અગિયાર દિવસ સુધી એ લોકો છુટથી ફરતા રહ્યા. અંતે ૩૦મી જાન્યુઆરીએ એમની ભવિષ્યવાણી સાચી પડી ગાંધીજીની હત્યા થઈ. આપણે આપણા પ્યારા બાપુને, આપણા રાષ્ટ્રપિતાને ખોયા.

આવા લોકો આજે આપણી પાર્લામેન્ટમાં બેઠા છે ! શુભાનઅલ્લા !!

આ જ વાત તેમણે તેમના પુસ્તકમાં પણ લખી છે. થોડુંક પુનરાવર્તન થશે. છતાં તેમાંથી કેટલુંક ટૂંકાવીને આપું છું.

ગાંધીજીને મારવાની યોજનાનો મુખ્ય સૂત્રધાર હતાં મદનલાલ પાહવા, પોલીસોએ તેની પૂછપરછ કરી ત્યારે તેણે કહ્યું હતું કે તેઓ પાછા આવશે. આ મદનલાલે પ્રોફેસર જૈનને કહ્યું હતું - "ગાંધીજીની પ્રાર્થનાસભામાં તેણે બોમ્બ ફોડી અંધાધૂંધી કરવાની છે. જેનો લાભ લઈ તેના સાથીઓ ગાંધીની હત્યા કરશે."

આમ ગાંધીની હત્યા થવાની છે તેની માહિતી સરકાર પાસે અને મોરારજીભાઈ પાસે અઠવાડિયા પહેલાં આવી ગઈ હતી. એ માહિતી તેમણે સરદાર વલ્લભભાઈ પટેલને પણ આપી હતી. તે પછી તેમણે ગાંધીજીની સુરક્ષા વધારી દીધી હતી. તેમણે ગાંધીજીને પણ આની જાણ કરી દીધી હતી. તેઓ પ્રાર્થનામાં આવનાર દરેકની ઝડતી લેશે. ત્યારે ગાંધીજીએ કહ્યું હતું કે તેઓ પોલીસોને એવું કરવા નહિ દે. મારી શ્રધ્ધા જ્યારે હું ઈશ્વરને બધું સોંપીને બેઠો હોઉં એવા પ્રાર્થનાના સમયમાં કોઈ માનવસર્જિત સુરક્ષા ના પાડે છે." એટલે સરદાર લાચાર બની ગયા હતા. પરિણામે ગાંધીજીની હત્યા થઈ.

(૪)

તે પછી અમે નમક સત્યાગ્રહ સ્મારક જોવા ગયા. ગાંધીજી વાંકા વળીને નમક ઉપાડે છે તે બાવલું એમને બહુ રુચિકર ન લાગ્યું. બાવલા ઉભો કરી દેવાની વૃત્તિ તરફ અણગમો હોય એવું લાગ્યું. અત્યારે નવું બાંધકામ ચાલી રહ્યું છે તે વિશે પૂછ્યું. મેં કહ્યું કે ગાંધીજી સાથે દાંડીકૂચમાં જે ૮૧ સત્યાગ્રહીઓ આવ્યા હતા તેમનાં સ્ટેચ્યું ત્યાં મૂકવાનાં છે. સ્ટેચ્યુની વાત સાંભળી પૂછ્યું - અત્યારે નર્મદા બંધ પર સરદાર પટેલનું ૧૮૨ મીટરની ઊંચાઈ વાળુ દુનિયાનું ઊંચામાં ઊંચું જે સ્ટેચ્યુ મૂકવાનું છે તે વિશે તમારું શું માનવું છે ? મે કહ્યું કે અત્યારના શાસકો એવું માને છે કે એમ કરીને અમે આજ સુધીમાં કોઈએ નથી કર્યું તેવું સરદારની સ્મૃતિ જાળવવાનું ઘણું મોટું કામ કર્યું છે એમ કરીને શાસકો પ્રછન્નપણે પોતાની ઊંચાઈ બતાવવાનો અહ્મ પોષતા હોય છે. તેઓ મરક મરક હસવા લાગ્યા.

મારી પાસે ગાંધીજીનું એક ચિત્ર છે. ગાંધીજી દાંડીના દરિયા કિનારે સમુદ્ર સ્નાનકરીને લંગોટીભેર ઊભા ઊભા

મીઠુબહેન પીટીટ અને કલ્યાણજીકાકા સાથે વાતો કરે છે. ખૂબ જ રાજી થયા. આવુ ચિત્ર એમણે પહેલીવાર જોયુ. મોહનભાઈ ત્રિવેદીએ એ ચિત્ર એમના કેમેરામાં ઝડપી લીધું.

મેં એમને લોકમિલાપે બહાર પાડેલું ''ટાગોર'' પુસ્તક ભેટ આપ્યું. રાજી રાજી થઈ ગયા. સોફા પર બેઠા હતા. ઊભા થઈ ગયા. પુસ્તક છાતી સરસું ચાંપીને ગદ્‌ગદિત થઈ ગયા. મને પ્રણામ કર્યા, ફરી પુસ્તક માથે અડાડ્યું. મને પણ ગમ્યું. ખૂબ ગમ્યું. આ રીતે ''ટાગોર'' ટાગોર જેવા એક શબ્દસ્વામી, એક ઋજુ હૃદય ગાંધીપ્રેમી સારસ્વત પાસે જાય એ, મને યાદ આવ્યુ - મહેમા જો હમારે હોતે હૈ વો જાન સે પ્યારે હોતે હૈ. એ રીતે જેમ્સ ડગ્લાસને મળીને પરમ સંતોષ થયો.

જેમ્સ ડગ્લાસ તમને સો સો સલામ.

●---------●●●--------●●●---------●

## ક્યારે કોની જરૂર પડે !.........
## - ઉમેશ જોષી

જ્યારે કોલસા-પાણીથી રેલવેનાં એન્જિન દોડતાં હતાં ત્યારની આ બનેલી ઘટના છે.

મારે જેતલસર જવાનું હતું. એટલે ચિત્તલ સ્ટેશનથી સોમનાથ મેઈલમાં બેઠો. ત્યારે ટ્રેઈન ઓછી હોવાને કારણે ગિરદી રહેતી. મને તો બેસવાની જગ્યા મળી ગઈ, પણ એક પાંસઠ-સિત્તેર વર્ષના દાદાને જગ્યા મળી નહીં. ચોરણી, ઝભ્ભો, માથે પાઘડી અને ખભે પોટકું. ક્યાંય જગ્યા ન હોવાથી તે નીચે બેસી ગયા. મારી સામેની સીટ પર એક ભણેલું-ગણેલું કુટુંબ બેઠું હતું. બે નાનાં બાળકો સૂતાં હતાં. એક સાત-આઠ વરસનો બાબો બેઠો હતો. બાળકોની મા બેઠીબેઠી ઝોલાં ખાતી હતી અને પિતા છાપું વાંચતા હતા. સમય સવારનો હતો. લુણીધાર સ્ટેશન આવતાં બારી પાસે બેઠેલ મુસાફર ઊભો થયો. એટલે તે જગ્યા ઉપર દાદા બેસવા ગયા ત્યાં પેલાં બહેન બોલ્યાં, ''ત્યાં બેસતા નહીં, મારે આ બાબાને બેસાડવો છે.'' બાબાને બારી પાસે બેસાડ્યો અને થોડી જગ્યા થઈ ત્યાં બહેને લંબાવ્યું. લુણીધારથી ટ્રેઈન ઉપડ્યાને દસેક મિનિટ થઈ હશે ત્યાં બારી પાસે બેઠેલ બાબો રડવા લાગ્યો. આંખો ચોળતો ચોળતો ચીસો નાખતો હતો. બહેનની ઊંઘ ઊડી ગઈ. પૂછ્યું, ''શું થયું ?'' બાબાએ રડતાં રડતાં જવાબ આપ્યો, ''મારી આંખમાં કંઈક પડ્યું છે.''

થોડીવારમાં તો આંખ સૂજી ગઈ. બાબાનાં માતા-પિતા અકળાવા લાગ્યાં. આ જોઈ પેલા દાદા બોલ્યા. 'તમે ઘડીક શાંતિ રાખો. તેની આંખમાં કોલસાની કણી પડેલ છે. ગાડી ઊભી રહે એટલે હું કાઢી આપીશ. ચાલતી ગાડીએ ફૂલ જેવી આંખને કેમ જોવી.''

કુંકાવાવ સ્ટેશને ટ્રેઈન ઊભી રહી. પેલા દાદાએ બાબાના હાથ પકડી રાખવા કહ્યું, ને આંખની પાપણ ઊથલાવી સાવ ઝીણી કણી હતી તે કાઢી આપી. પછી કહ્યું, ''આંખ પર ઠંડું પાણી છાંટો, હમણાં સારું થઈ જશે.'' થોડીવારમાં તો હતી એવી આંખ થઈ ગઈ. રડતો બાબો હસવા લાગ્યો ને ટ્રેઈન દોડવા લાગી.

દાદાના મુખ પર બાબાનું દુઃખ દૂર કર્યાનો આનંદ દેખાતો હતો પણ બાબાની માના મુખ પર દાદાને બેસવા ન દીધાનો ક્ષોભ આંટા મારતો હતો. તેણીએ દાદાને સીટ પર બેસવા કહ્યું. પણ દાદા બોલ્યા, ''મારે તો વડિયા ઊતરી જવું છે. હમણાં સ્ટેશન આવશે એટલે અહીંયાં ઠીક છું.'' પણ બાબાના પિતાએ ખૂબ આગ્રહ કરી સીટ પર બેસાડ્યા ને આભાર માનવા લાગ્યા. આથી દાદા બોલ્યા, ''ભાઈ આભાર માનો ઈશ્વરનો કે મને આંખમાં પડેલું કણું કાઢવાની કળા ભેટ મળી છે. આ ઉંમરે મારી આંખોનું નૂર સહેજેય ઓછું થયું નથી. માનવીનું દુઃખ દૂર કરી શકું છું એનો મને આનંદ છે.'' અને ત્યાં વડિયા સ્ટેશને ગાડી ઊભી રહી. દાદા 'રામ રામ' બોલી ઊતરી ગયા અને મૂકતા ગયા સારપની સુવાસ.

## (०७) કોલકતા-દર્શન

- પ્રકાશ નાકરાણી

**શાંતિનિકેતન જોવાનાં ખ્વાબ અધૂરાં :**

૨૦૦૫ની સોળમી નવેમ્બરનું સુવર્ણ પ્રભાત. કોલકતા દર્શનનો આજ ચોથો દિવસ. આજે બપોર પછી તો અમારે નિર્ધારિત સમયે કોલકતાને છેલ્લી સલામ મારી આસામ અને પૂર્વોત્તર રાજ્યોના દર્શને પ્રસ્થાન કરવાનું છે. હૈયે ઉમંગ, ઉત્સાહ અને ઈન્તેજારીની દોડ નાના છોકરાંવનેય આંટે એવી છે.

અમારા પ્રવાસના આયોજનમાં પ્રથમથી જ રવીન્દ્રનાથ ટાગોરની કર્મભૂમિ શાંતિનિકેતન જોવાનું આયોજન થયેલું છે. આથી શાંતિનિકેતન વિશે મેં અગાઉથી થોડો અભ્યાસ કરી લીધો છે. દેશ અને દુનિયામાં આ જાણીતી સંસ્થાને નામથી તો હું જાણતો જ હતો પણ હવે કામથી જાણવાનો મોકો મળવાનો છે. આ સંસ્થા પશ્ચિમ બંગાળના વીરભૂમિ જિલ્લાના બેલાપુર પાસે આવેલી છે. કોલકતાથી લગભગ ૧૮૦ કિ.મી. દૂર આ સ્થળ છે. ખરેખર તો ૧૮૬૩માં રવીન્દ્રનાથ ટાગોરના પિતાશ્રી દેવેન્દ્રનાથે પોતાની સાધના માટે સાત એકર જમીનમાં બેલાપુર પાસે એક આશ્રમની સ્થાપના કરેલી. જેનું નામ શાંતિનિકેતન રાખવામાં આવ્યું હતું. ૧૯૦૧માં આ સ્થળે જ રવીન્દ્રનાથ ટાગોરે માત્ર પાંચ વિદ્યાર્થીઓ સાથે શિક્ષણના હેતુ સાથેનું પ્રાયોગિક વિદ્યાલય શરૂ કર્યું. જે આરંભમાં 'બ્રહ્મ વિદ્યાલય' અને પછીથી 'શાંતિનિકેતન' અને ૧૯૨૧થી વિશ્વભારતી વિદ્યાલયના નામે જાણીતું છે. આજે તો આ "શાંતિનિકેતન વિશ્વભારતી વિશ્વ વિદ્યાલય"માં છ હજાર જેટલા છાત્રો ભણે છે તેવી માહિતી મળી છે.

રવીન્દ્રનાથ ટાગોરની દ્રઢ માન્યતા હતી કે "શિક્ષણમાં અનુશાસનહીનતા દૂર કરવી હોય તો ગુરુ શિષ્યના સંબંધો પારસ્પારિક રીતે ભાવાત્મક હોવા જોઈએ. સમાજના પ્રત્યેક વર્ગને શિક્ષણ મળવું જોઈએ. ગ્રંથો, મહાકાવ્યોમાંથી ચારિત્ર્ય ઘડતર કરનારા પ્રસંગો વિદ્યાર્થીઓને ભણાવવા જોઈએ, અંગ્રેજી ભાષાનું શિક્ષણ ગ્રામ લોકોને પણ મળવું જોઈએ, પ્રકૃતિના ખોળે જ ભણતર અને ઘડતર થવું જોઈએ." પોતાના આ વિચારોને મૂર્તિમંત કરવા તેઓએ પ્રકૃતિના સાંનિધ્યમાં, વેલી-વૃક્ષોની વચ્ચે આ શાંતિનિકેતન સંસ્થાની સ્થાપના કરી હતી. આ સંસ્થામાં સંગીત, નૃત્ય, નાટક, ચિત્ર અને સ્થાપત્ય જેવી વિવિધ કલાઓને પણ શિક્ષણનો એક ભાગ સમજવામાં આવે છે. રવીન્દ્ર સંગીત તો બંગાળી સંસ્કૃતિનું અભિન્ન અંગ બની ગયું છે. રવીન્દ્રનાથ ટાગોરની બે રચનાઓ તો બે દેશોનું રાષ્ટ્રગીત બની ગઈ છે. ભારતનું રાષ્ટ્રગીત "જન ગણ મન ..." અને બાંગલા દેશનું રાષ્ટ્રગીત "અમાર સોનાર બાંગલા..." આ ટાગોરની રચનાઓ છે. સંગીતકાર ભીમરાવ શાસ્ત્રી, કથકલી ઉસ્તાદ ગુરુ કેલુનાયર, નૃત્યકાર અને ગાયક શાંતિદેવ ઘોષ જેવા નામી કલાકારો આ સંસ્થાની પેદાશ છે. આ ઉપરાંત સાવિત્રી દેવી, સત્યજીતરાય, અમર્ત્યસેન, ઈન્દિરાગાંધી, ગાયત્રીદેવી, નંદલાલ બોઝ, વિનોદ બિહારી મુકરજી, મૂર્તિકાર રામકીંકર બોઝ, ચિત્રકાર કે.જી. સુબ્રમણ્યમ જેવી મહાન પ્રતિભાએ પણ અહીં શિક્ષણ લીધું છે. શાંતિનિકેતન વિશ્વભારતી વિશ્વવિદ્યાલય તેની આગવી શિક્ષણવ્યવસ્થાને કારણે દેશ અને દુનિયામાં સુપ્રસિદ્ધ છે. કોલકતા સુધી આવ્યા છીએ ત્યારે આ સંસ્થાની મુલાકાત લેવાનો મોકો હાથવગો છે. પણ સમયની પાબંધીએ અમને વિચારતા કરી મૂક્યા. કોલકતાથી ૧૮૦ કિ.મી. દૂર આ સંસ્થા જોવા જતાં-આવતાંનું કુલ ૩૬૦ કિ.મી.નું અંતર કાપવાનું થાય તે સમય અને સંસ્થા જોવાનો સમય ગણીએ તો બપોર સુધીમાં અહીં પહોંચવું અત્યંત મુશ્કેલ બને તેમ છે. વળી બપોર પછીનું આસામનું પ્રસ્થાન નક્કી જ છે. જોકે અમારા આખા પ્રવાસની રેલ્વે ટિકિટો અગાઉથી જ બુક કરાવેલી છે, આથી તે કાર્યક્રમમાં કશો જ ફેરફાર થઈ શકે તેમ નથી. એક દિવસ વધારી શકાય તેમ પણ નથી. છેવટે મન મારીને શાંતિનિકેતન જોવાનાં

અમારાં અરમાન પડતાં મૂક્યાં. વિશ્વવિખ્યાત મહાન કવિ ટાગોર, ભારતીય સાહિત્યના એક માત્ર નોબેલ પુરસ્કાર વિજેતા, મહાન સાહિત્યકાર, દાર્શનિક અને ભારતીય સંસ્કૃતિ ચેતનામાં નવો પ્રાણ ફૂંકનારા યુગદષ્ટાની કર્મભૂમિ જોવાની ઈન્તેજારી સમયની તાણને લીધે તૂટી પડી, તે કાયમ ખટકશે. આ પ્રવાસનાં સ્મરણો વખતેય આ અધૂરપનો વસવસો કાયમ રહેશે.

**મેટ્રો ટ્રેઈનમાં સફરઃ**

કોલકતાની ટ્રામ વિષે સાંભળ્યું હતું તેમ અહીંની મેટ્રોટ્રેઇન વિષે પણ ઘણું સાંભળ્યું હતું. કોલકતાનાં વાહનોથી ઊભરાતા માર્ગો કરતાં મેટ્રો ટ્રેઇનમાં મુસાફરી કરવાનો નજારો જુદો જ છે. અમારા ઉતારાથી નજીકમાં મેટ્રો ટ્રેઈનનું સ્ટેશન આવેલું છે. અમને અમથા અમથા ખાલી મોજ ખાતર મેટ્રોમાં મુસાફરી કરવાનું મન થઈ આવ્યું! અહીં આવ્યાં છીએ અને શાંતિનિકેતન જવાનું બંધ રહ્યા પછી થોડો સમય મળ્યો છે તો આ હાથવગો મોકો છટકવા નથી દેવો તેવું સમજી રવીન્દ્ર સદન મેટ્રો રેલ્વે સ્ટેશન ટેક્ષી બાંધીને પહોંચી ગયાં. ક્યાં જવું? ક્યાંની ટિકિટ લેવી કાંઈ નક્કી નહીં! મેટ્રો ટ્રેઈનમાં આવતાં સ્ટેશનોની માહિતી પણ નહીં. અમે સાવ અજાણ્યા, ટિકિટબારીએ જઈને કહી દીધુઃ "અંતિમ સ્ટેશનની ટિકિટ આપો." ટિકિટ તો મળી ગઈ. અમે અંતિમ સ્ટેશન કયું છે તે ટિકિટમાં જોવાનીય દરકાર કરી નહીં. આખી ગાડી સાવ ખાલી થઈ જાય તે અમારું અંતિમ સ્ટેશન સમજી ઊતરી પડવાનું. અમારી ટિકિટમાં પંચીગ થયા પછી જ ભૂગર્ભ સ્થાને જવા પ્રવેશ બારી ખૂલી. અમે સડેડાટ પ્રવેશ કર્યો કે તરત જ ગાડીની વિસલ સંભળાઈ અને થોડીવારમાં તો ટ્રેઈન આવી પહોંચી. અમે અન્ય મુસાફરોની જેમ ફડાકે ચડી ગયા, ભલે ને ઉંમરમાં ડોસલા હતા! મેટ્રો ટ્રેઈનમાં કોઈ પણ ડબ્બામાં ચડ્યા પછી બધા ડબ્બા સુધી જઈ શકાય એ રીતે ડબ્બાઓ જોડાયેલા છે. ભુગર્ભમાં દોડતી આ ટ્રેઈનમાં નહીં ધૂડ, ધૂમાડો, દેકીરો અને હફડાતફડી. કોલકતાની જુદી જ દુનિયામાં આવી ગયા હોઈએ તેવું લાગ્યું. પ્રત્યેક ડબ્બામાં સ્પીકરો છે. ક્યું સ્ટેશન આવ્યું અને હવે પછી ક્યું સ્ટેશન આવશે તેવી સતત જાહેરાત થતી રહે છે. બધા સ્ટેશનોની યાદી પ્રત્યેક ડબ્બામાં મૂકેલી છે. જે સ્ટેશન આવ્યું હોય તે નામ પર લાલ લાઈટ થાય છે. સ્પીકર ન સંભળાયું હોય તેનેય ખબર પડે. મુસાફરો આખી સિસ્ટમથી ટેવાઈ ગયેલા છે. મેટ્રો ટ્રેઈનના આવવા અને જવાના અલગ અલગ પાટા હોવાને કારણે કોઈ જાતનો ગતિરોધ નથી. અહીં સિગ્નલ આપવાનો કોઈ પ્રશ્ન જ નથી અને અકસ્માતોનો પણ ભય નથી.

અમે આ ટ્રેઈનનું નાવિન્ય નિહાળતા હતા. વાતવાતમાં ચાર સ્ટેશનો વટાવી પાંચમું સ્ટેશન આવ્યું અને ગાડી આખી ખાલી થઈ ગઈ, અને તે સાથે અમેય ઊતરી પડ્યા! સ્ટેશનની બહાર નીકળ્યા. પાંચેક મિનિટ આસપાસના વિસ્તારને નિહાળ્યો. ફરી અમારી ટિકિટ પર પંચીગ થયું અને અમને અંદર જવાનો પ્રવેશ મળ્યો. અમારી રિટર્ન ટિકિટ હતી તેથી ફરી ટિકિટ લેવાનો પ્રશ્ન જ નહોતો. ટ્રેઈનમાં વળતી મુસાફરી શરૂ થઈ. આ મેટ્રો ટ્રેઈનનાં કુલ સત્તર સ્ટેશનો છે. વળતી મુસાફરીમાં છેલ્લું સ્ટેશન ડમ ડમ છે. આ વખતે પણ નક્કી કર્યું કે, "ટ્રેઈન ખાલી થાય ત્યાં જ ઊતરવું" જેથી બધાં સ્ટેશનો સુધીની મુસાફરી કરી લીધી કહેવાય. હજી ઑફિસો, બજારો ખૂલવાને ઘણી વાર છે તેથી મેટ્રોમાં ગીરદી નથી. બંગાળી ભાષાઓમાં હિન્દી જાણનારી બે-ત્રણ વ્યક્તિઓ મળી ગઈ. તેમની સાથે મેં વિચારગોષ્ઠિ પણ કરી લીધી. મેટ્રો ટ્રેઈન વિશેની કેટલીક વિગતો જાણવાનો પ્રયાસ કર્યો. મને જાણવા મળ્યું કે, "ભારતમાં સૌ પ્રથમ મેટ્રો રેલવે કોલકતામાં શરૂ થઈ હતી. આ રેલવે ડમડમના નૌ યારા રેલવે સ્ટેશનથી કોલકતાના અતિ વ્યસ્ત સ્થળ 'કવિ સુભાષ' સ્ટેશન સુધી લંબાઈ છે. આ લંબાઈ લગભગ સત્યાવીશ કિ.મી. જેટલી છે. ભારતની આઝાદી પછી કોલકતાની પરિવહન સમસ્યાના ઉકેલ માટે રાજ્ય સરકાર અને ભારત સરકાર પાસે એ વખતના પશ્ચિમ બંગાળ સરકારના મુખ્ય મંત્રી શ્રી વિધાનચંદ્રોદયે એક અન્ડરગ્રાઉન્ડ રેલવે શરૂ કરવાનો પસ્તાવ મૂકેલો. એ પછી ફ્રાન્સના નિષ્ણાતો દ્વારા સરવે થયો, યોજના બની પણ કોઈ કારણોસર કામ આગળ વધી શક્યું નહીં. ફરી વાર જર્મન નિષ્ણાતો દ્વારા એક માસ્ટર પ્લાન બનાવવામાં આવ્યો. સૌ પ્રથમ પ્રાથમિક ડમડમ અને

ટોલીગંજ વચ્ચેની યોજના અમલમાં મૂકવામાં આવી. આ વિસ્તાર અતિ વ્યસ્ત હોવાના કારણે પ્રથમ પસંદગી પામ્યો. અહીં પરિવહનની ઘણી સમસ્યાઓ હતી. એ વખતના સરકારના રેલવેપ્રધાન શ્રી ગનીખાને આ યોજનાને મૂર્ત સ્વરૂપ આપવામાં ઘણો રસ લીધો. ૧૯૮૪માં ભારતમાં આ કોલકતા શહેરમાં પહેલી વાર મેટ્રો રેલવે સેવા શરૂ થઈ. આ ટ્રેઈનનું ઉદ્‌ઘાટન એ સમયના માનનીય વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ કરેલું. જોકે એ પછી આ યોજનામાં વખતો વખત ઘણા સુધારાઓ થયા છે. માર્ગોનો વિસ્તાર પણ થયો છે. નવી નવી ઈજનેરી ખુબીઓ પણ ઉમેરાઈ છે. રેલવે સુરક્ષા, ઑટો ચેકીંગ પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે. પ્રત્યેક ડબ્બામાં મહિલાઓ અને વરિષ્ઠો માટે રક્ષિત બેઠકવ્યવસ્થા છે. કેટલીક મેટ્રો ટ્રેઈનો વાતાનુકૂલિત પણ છે. પ્રત્યેક રેલવે સ્ટેશન, સ્ટેશનના ફૂટપાથ અને ડબ્બાઓની સ્વચ્છતા આંખે વળગે તેવી છે. બધાં સ્ટેશનોમાં મેટલડીટેક્ટર, સી.સી. કૅમેરા ગોઠવાયેલાં છે. સ્ટેશનમાં ધૂમ્રપાન કરવાની અને ફોટોગ્રાફી કરવાની સખ્ત મનાઈ છે. પ્રત્યેક રેલવેસ્ટેશન અને તેનો ભૂગર્ભ માર્ગ વીજળીના દીવાની રોશનીથી શોભે છે. મેટ્રો રેલવનાં કુલ સ્ટેશનોમાંનાં પંદર ભૂગર્ભમાં છે. રેલવેની સામાન્ય ગતિ પ્રતિ કલાકે ૩૦ કિ.મી.ની છે અને વધુમાં વધુ પંચાવન કિ.મી. છે. સમગ્ર ટ્રેઈનની ૨૫૬૦ મુસાફરોની વહનક્ષમતા છે. આ રીતે ગણીએ તો રોજના સાડા છ લાખ પેસેન્જરોની આવ-જા થાય છે! કોલકતાના લોકો માટે પરિવહનક્ષેત્રે મેટ્રો ટ્રેઈન આશીર્વાદ સમાન છે. સતત પોણા કલાકની સફર પછી છેલ્લું સ્ટેશન ડમડમ આવ્યું અને ટ્રેઈન આખી ખાલી થઈ ગઈ. અમેય ઊતરી ગયા.

**ડમડમઃ**

મેટ્રો સ્ટેશનની બહાર નીકળ્યા. ડમડમ નગરનો છેવાડાનો આ પરા વિસ્તાર છે. રેલવે સ્ટેશનને અડીને જ એક બાજુએ મટન માર્કેટ આવેલું છે. હું અને રામજીભાઈ આ માર્કેટ જોવા ગયા. ચામડું કાઢેલાં મુડદાલ બકરાં માંસની દુકાનો પર લટકે છે. વિવિધ પ્રકારની માછલીઓ કાપીને વજન પ્રમાણે વેચાય છે. ટોપલામાં જીવતાં કૂકડાં પણ વેચાય છે. કૂકડાને મારીને તેની પાંખો કાપીને શાકભાજીની જેમ વજન કરીને વેચાય છે. બજારની રૂખ જાણવા અમે આ માર્કેટ જોવા તો ગયા પણ માર્કેટની ગંધ અને જીવતાં કૂકડાની ડોકી મરડીને મરાતાં જોઈને અમે ઉબાઈ ગયા અને નાક બંધ કરી માર્કેટની બહાર નીકળી ગયા.

ડમડમ શહેરનો પણ એક ઇતિહાસ છે. આ ડમડમ નગર કોલકતા મેટ્રોપોલીટન ડેવલોપમેન્ટ ઓથોરેટીનો એક ભાગ છે અને કોલકતાનું ઉત્તરદિશાનું પ્રવેશદ્વાર પણ છે. પરિવહનની પૂરી વ્યવસ્થાવાળા આ નગરમાં જ સુભાષચંદ્ર બોઝ ઈન્ટર નૅશનલ ઍરપૉર્ટ આવેલું છે. અહીં દેશ અને દુનિયાના દેશોમાં જવા વિમાનની સુવિધા મળી રહે છે. ઉદ્યોગોથી ધમધમતું આ નગર ભારતીય ત્રણેય લશ્કરી પાંખનાં શસ્ત્રો બનાવવા માટે પણ જાણીતું છે. કોલકતા શહેરથી દસ કિ.મી.ના અંતરે આ નગર કોલકતાના એક ભાગ તરીકે વિકાસ પામ્યું છે. અંગ્રેજ સરકારના સ્થાપક રોબર્ટ કલાઈવનો બંગલો આ નગરમાં હજી હયાત છે. ડમડમ નગરની બજારો અને જોવા લાયક સ્થળોની મુલાકાત લેવાનો સમય અમારી પાસે નથી. અમે પંદરેક મિનિટ આમતેમ આંટા માર્યા અને પરત રવીન્દ્ર સદન સ્ટેશનની ટિકિટ લઈ, રવીન્દ્ર સદન પહોંચી ગયા. લોકોની જબરી ભીડ છે. જાણવા મળ્યું કે આ ઓડીટોરિયમમાં ફિલ્મોત્સવ ચાલી રહ્યો છે.

રવીન્દ્ર સદન કોલકતાનું સાંસ્કૃતિક કેન્દ્ર છે. આ સદનમાં કોઈને કોઈ સાંસ્કૃતિક કાર્યક્રમો, નાટકો, નૃત્ય અને સંગીતના પ્રોગ્રામો થતા રહે છે. અમે અહીં જોયું તો, ફિલ્મ ફેસ્ટિવલનાં બેનરો લાગેલાં છે. આ સદનની પાસે આવેલા નંદન થિયેટરમાં ફિલ્મોત્સવ ચાલી રહ્યો છે તેથી લોકોની ઘણી ભીડ છે. આ કાર્યક્રમ જોવા માટે અમારી પાસે એન્ટ્રી પાસ નથી. જોકે કાર્યક્રમ જોવાનો સમય પણ નથી. આ રવીન્દ્ર સદનનો પાયો ૧૯૬૧માં જવાહરલાલ નેહરુએ નાખેલો અને ૧૯૬૭માં તેનું બાંધકામ પૂરું થયું. રવીન્દ્ર સદનનું વિશાળ ઓડીટોરિયમ કોલકતા ફિલ્મ ફેસ્ટીવલ અને બંગાળી થિયટર માટે જાણીતું છે. અમે અરધો કલાક આમ તેમ આંટા માર્યા. આજનો મહોલ જોયો અને પછી ટેક્ષી બાંધી અમારે ઉતારે પહોંચી ગયા.

**સેતુઓઃ**

કોલકતાના ચાર દિવસના અમારા રોકાણ દરમ્યાન હુગલી નદી પર બંધાયેલા પુલો પરથી અમારે વારંવાર પસાર થવાનું બન્યું. આ બધા સેતુઓની જુદી-જુદી ખાસિયતો છે અને પ્રવાસીઓ કે આવેતુઓ માટે દર્શનીય પણ છે. આ બધા પુલોની વિશિષ્ટતાને ઉજાગર કરવાનું મન થઈ આવે છેઃ

**૧. રવીન્દ્ર સેતુઃ** રવીન્દ્ર સેતુને હાવરા બ્રીજ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ સેતુની કુલ લંબાઈ ૭૦૫ મીટર છે. આ સેતુ બનાવનાર અંગ્રેજ જેમ્સરેન્ડેલ હતો. આ સેતુ મશહૂર અને સૌથી વ્યસ્ત છે. આ સેતુ તેના શાનદાર સ્ટક્ચરથી દર્શનીય બની ગયો છે. આ ઝૂલતો સેતુ છે. સવારમાં ઘણાં લોકો આ સેતુ પર મોર્નિંગ વૉક કરવા પણ આવે છે. એવું કહેવાય છે કે આવા પ્રકારના સ્ટ્રક્ચરવાળો દુનિયાનો ત્રીજા નંબરનો આ સેતુ છે. આ સેતુનું નિર્માણ ૧૯૩૯માં શરૂ થયેલું અને ૧૯૪૩માં પૂરું થયું હતું. રવીન્દ્રનાથ ટાગોરના નામ પરથી હાવરાબ્રીજનું નામકરણ રવીન્દ્રસેતુ ૧૯૬૫ની ૧૪મી જૂને કરવામાં આવ્યું છે. તેમ છતાંય મોટાભાગના લોકો હાવરાબ્રીજના નામે જ આ સેતુને ઓળખે છે. આ સેતુ બનતા પહેલાં અહીં તરતો સેતુ હતો. નદીમાં પાણી વધી જતું ત્યારે આ પુલ જામ થઈ જતો હતો. ત્રીસથી વધુ ફિલ્મોમાં આ સેતુનાં દશ્યો લેવામાં આવ્યાં છે. છવ્વીશ હજાર ટન લોખંડમાંથી બનાવેલા આ મશહૂર પુલ પર એક દિવસમાં લગભગ એક લાખ વાહનોનું આવા-ગમન થાય છે. સેતુ બેહદ મજબૂત છે. વર્ષોથી બંગાળની ખાડીનાં તોફાનો સહન કરતો આવ્યો છે. ૨૦૦૫માં એક હજાર ટનનું કાર્ગો જહાજ આ સેતુ સાથે અથડાઈ ગયું હતું છતાંય તેને ઊની આંચ પણ નહોતી આવી. લગભગ પંચોતેર વર્ષ પહેલાં બનેલો આ સેતુ અડીખમ ઊભો છે એ જ તો એન્જીનીઅરીંગની કમાલ છે.

**૨.ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર સેતુઃ** હાવરા નદી પરનો આ બીજો સેતુ છે. આ સેતુ કોલકતાને હાવરા સાથે જોડે છે. આ સેતુ ટોલ ફ્રી નથી. હા, સાઇકલો માટે નિઃશુલ્ક છે. ભારતનો સૌથી લાંબો અને એશિયાના સૌથી લાંબા સેતુઓમાંનો એક છે. આ સેતુનું નામ ૧૯મી સદીના બંગાળી સમાજ સુધારક ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર પરથી આપવામાં આવેલ છે. આ સેતુ બીજા હાવરા બ્રીજ તરીકે પણ જાણીતો છે. રાતના સમયે આ સેતુ રોશનીથી ઝળહળી ઊઠે છે. રોશનીનો નજારો જોવા જેવો હોય છે. આ સેતુ પર લોકો ચાલતાં જોવા નહીં મળે કારણ કે પૈદલ ચાલનારાઓ માટે કોઈ જગ્યા જ નથી; જોકે વાહનમાં જઈને હુબલીનદીનાં દર્શન કરી શકાય અને ફોટોગ્રાફી પણ કરી શકાય. આધુનિક બાંધકામકળાનો આ સેતુ ઉત્તમ નમૂનો છે. આ સેતુ ચાર સ્થંભો અને ૧૨૧ રસ્સીઓના આધારે ઊભો છે. આ સેતુની લંબાઈ ૨૭૦૦ ફૂટ અને પહોળાઈ ૧૧૫ ફૂટ તથા ઊંચાઈ ૧૯૯૨ ફૂટ છે. ૧૯૯૨માં બનેલો આ સેતુ છ માર્ગીય છે; કોલકતાનુ નજરાણું છે.

**૩. સ્વામી વિવેકાનંદ સેતુઃ** આ સેતુનું જૂનું નામ તો ''વિલીંગ્ડન બ્રીજ'' હતું. લોકપ્રિય નામ ''બાલી બ્રીજ'' છે. આ સેતુ હુગલી પરનો ત્રીજો સેતુ છે. કોલકતા અને હાવરાને જોડતા આ સેતુનું નિર્માણ ૧૯૩૨માં થયું છે. કોલકતાના રેલવે માર્ગ અને સડક માર્ગને આ સેતુ જોડે છે. ૨૮૮૭ ફૂટ લાંબો આ સેતુ હાવરાના બાલી ઉપનગર અને દક્ષિણેશ્વરને જોડે છે. આ સેતુનું નામ 'બાલી બ્રીજ' બદલીને 'સ્વામી વિવેકાનંદ' સેતુ રાખવામાં આવ્યું હોવા છતાં લોકહૈયે તો આ સેતુ 'બાલી બ્રીજ' તરીકે જ ઓળખાય છે.

ઉપરના ત્રણ સેતુઓ ઉપરાંત ૪ઃ નિવેદિતા સેતુ, ૫ઃ ઈશ્વરગુપ્તા સેતુ, ૬ઃ નસીરપુરનો રેલવે સેતુ પણ પરિવહનમાં મહત્ત્વનો ફાળો આપે છે.

**અલવિદાઃ**

કોલકતામાં ચાર દિવસ સુધી હર્યા ફર્યા, ઘણાં બધાં સ્થળો જોયાં છતાંય ઘણું જોવાલાયક છૂટી ગયું છે. અરધી રાતની બજાર, આર્મેનિયમ ચર્ચ, ઍકેડેમી ઑફ ફાઇન આર્ટ, જૈન ટેમ્પલ, મારબલ પેલેસ, મૅટકાફ હૉલ, નિક્કો પાર્ક, સંત એન્ડ્ઝ ચર્ચ - આવું તો ઘણું ઘણું જોવાનું બાકી રહી ગયું છે. હવે અમે એક દિવસ પણ વધારી શકીએ તેમ

નથી. અમારી રેલવેટિકિટોનું ઍડવાન્સ બુકીંગ થઈ ગયેલું છે. બપોર પછી તો અમારે કોલકતાને સલામ ભરી આગલી મંજિલે આસામની રાજધાની ગોહાતી જવા ઊપડવાનું છે. દેશના પૂર્વ છેડાને આંબવાનો હૈયે ઉમંગ છે. સાવ પૂર્વના છેવાડે જવાનું છે. આ પ્રદેશના કાજીરંગા જેવા અડાબીડ જંગલમાં જઈ હાથીઓનાં ટોળાં અને કદાવર એકશીંગી ગેંડા જોવાના છે. વિશ્વમાં સૌથી વધુ વર્ષા થાય છે તેવું સ્થળ ચેરાપુંજી અને તેનો રમણીય ધોધ શૃંગાર જોવાની તેજાબી હોંશ છે. નસીબ જોગે અમારું બુઢિયામંડળ હજી સુધી તો તંદુરસ્ત છે અને તેથી જ પ્રવાસનાં તમામ વિઘ્નોને ભરી પીવાની હિમ્મત બળુકી છે.

અમારા સામાનનો સંકેલો કર્યો. લક્ષ્મીનારાયણ દેવનાં દર્શન કર્યાં અને રેલવે સ્ટેશને પહોંચ્યા. ટ્રેઈન આવવાને હજી અરધો કલાકની વાર છે. આ ટ્રેઈન છેક ગોહાતી સુધીની છે એટલે રસ્તામાં ક્યાંય બદલવાનું નથી. કોલકતાની મુલાકાતનાં અનેક સ્મરણોને સ્મૃતિપટે ભંડારી દીધાં છે. સ્મૃતિનો આ પટારો ખોલી ખોલીને અનેક વર્ષો સુધી વાગોળ્યા કરશું..

કોલકતા તને સલામ! અમે તારું વિવિધતાભર્યું સ્વરૂપ જોયું, મૂલવ્યું અને ખરા અર્થમાં તારી ઓળખાણ મેળવી. તારાં દર્શન કરીને અમે અત્યંત ખુશ થયા છીએ. પાછલી ઉંમરે તારે આંગણે આવ્યાનો હરખ છે. હવે કોને ખબર ફરી મળાયું ન મળાયું...તો આ અમારી છેલ્લી સલામ સમજજે. અમે તારા રૂપરંગ જોઈ અત્યંત ખુશ થયાં છીએ તો ક્યારેક તારી ગંદી વસાહતો, પ્રદૂષણ, નોધારાં રખડતાં બાળકો અને ગરીબી તથા અભાવથી પીડાતા લોકોને જોઈને પીડા પણ થઈ છે. મનમાં વિચાર આવે છે કે, આર્થિક અને સામાજિક સુધારનાં મૂળિયાં તારી ધરતી પર બંધાયાં હતાં છતાંય આમ કેમ? અંગ્રેજોની બાદશાહી સત્તા સૌ પ્રથમ તેં ભોગવી, શિક્ષણ સુવિધાઓ તારે ત્યાં પ્રથમ આવી અને અનેક સમાજસુધારકો, સાહિત્યકારો, ફિલોસોફરો, આધ્યાત્મિક પુરુષો અને પ્રતિભાશાળી રાજનેતાઓ તારે ખોળે જન્મ્યાં છતાં આમ કેમ? આઝાદી પછી અરધી સદી કરતાં વધારે સમય પસાર થઈ ગયો તોય પિડાતું લોકજીવન કેમ જોવા મળે છે? લોકશાહી એટલે જ પોતાની સરકાર, પોતા માટે સરકાર તોય કઈ નબળાઈનું આ પરિણામ છે? મનમાં ઊઠતા અનેક પ્રશ્નોનું સમાધાન મળતું નથી. તો બીજી બાજુએ તારી ધરતી બહુરત્ના વસુંધરા લાગી છે. ઝળહળતાં અનેક માનવરત્નો તેં આપ્યાં છે તે જાણીને હૈય હરખ છે. આવાં બુદ્ધિરત્નો થકી દેશ અને દુનિયામાં તારું ઊજળું નામ છે.

રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ, શ્રી અરવિંદ ઘોષ જેવા આધ્યાત્મિક પુરુષો, સર રોનાલ્ડ રોસ, સી.વી. રમણ, રવીન્દ્રનાથ ટાગોર, અમર્ત્યસેન અને મધર ટેરેસા જેવા પાંચ પાંચ નોબેલ પુરસ્કાર વિજેતાઓ, સુભાષચંદ્ર બોઝ, જેવી નામી હસ્તીઓ, સત્યજીત રાય જેવા ઓસ્કાર ઍવૉર્ડ વિજેતા, ભારતીય ગણિત અને વિજ્ઞાનના તજજ્ઞ અને પદ્મભૂષણથી સન્માનિત સત્યેન્દ્રનાથ બોઝ પણ તારાં જ સંતાનો! દેશની આઝાદી માટે ખપી જનારા ક્રાંતિવીરો ખુદીરામ બોઝ, બિનોયબાસુ, બાદલ ગુપ્તા અને દિનેશ ગુપ્તા જેવા વીરલાઓ પણ તેં આપ્યા છે. આ સિવાય બીનાદાસ, ચિત્તરંજનદાસ મૃણાલસેન, તપનસિંહા અને ઋત્વિક જેવા થિયેટર નિર્દેશકો, સંગીતજ્ઞો, નૃત્યકારો, ચિત્રકારો અને અભિનેતાઓએ તો તને સર્જનાત્મક ઊર્જાનું કેન્દ્ર બનાવી દીધું. આવાં તો વિવિધક્ષેત્રમાં છવાયેલાં કેટલાંય નામો છે. કોનાં નામ લઉં ને કોને ભૂલું? આ બધાં નામી અનામી તારાં સંતાનોએ તારું આર્થિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઘડતર કર્યું છે. આ બધાંએ પોતાના પ્રાણથીય વધુ તને ચાહ્યું છે. આ બધાંનું સ્મરણ કરતાં અમારી પણ ગજગજ છાતી ફૂલે છે. અમે તો ગુણ ગ્રહણ કરનારા છીએ, ઉત્તમને ચાહનારા છીએ અને એ જ અમારી પ્રેરણા છે. ભારતના નિર્માણમાં તેં માર્ગદર્શન આપ્યું છે એ નિર્વિવાદ હકીકત ઇતિહાસવિદો પણ કદિ ભૂલશે નહીં!

ટ્રેઈન વ્હીસલ મારતી આવી પહોંચી. અમે અમારા કોચમાં સામાનના લબાચા સાથે ગોઠવાઈ ગયા. રન ઘણો લાંબો છે. અત્યારના ઊપડેલા આવતી કાલે સાંજે ગોહાતી પહોંચવાના છીએ. સલામ!

**સંપૂર્ણ...**

## (૦૭) અન્નમય કોશથી આનંદમય કોશના યાત્રિક

- પ્રવીણચંદ્ર ઠક્કર

'ફેવિકોલ' જેવી સિન્થેટિક — રેઝીન રસાયણની બ્રાન્ડને ઉત્તમ ગુણવત્તા, અનોખી વિતરણ વ્યવસ્થા અને ગ્રાહકો સાથેના સૌહાર્દપૂર્ણ સંબંધો દ્વારા વિશ્વસ્તરે પહોંચાડનાર, ભારતની ૫૦૦ લિસ્ટેડ કંપનીઓ પૈકીનું એક ગૌરવાન્વિત નામ છે 'પિડિલાઈટ ઈન્ડસ્ટ્રીઝ'. આજે આપણે ઓળખાણ કરવી છે આ સાહસના સ્થાપક શ્રદ્ધાવાન બળવંત પારેખના અનન્ય વ્યક્તિત્વની.

તેઓ ઉગતી જુવાનીમાં અંગ્રેજી ભાષામાં રોજનીશી લખતા. તેમણે હજુ તો વીશ વર્ષની વયને વળોટી નહોતી ત્યારે ભવિષ્યમાં કોઈ મોટું પારિતોષિક મળે ત્યારે તે સન્માનના પ્રત્યુત્તરરૂપે આપવાનું વક્તવ્ય ડાયરીમાં લખ્યું હતું. જેમાં અભિવ્યક્ત થાય છે તેમના આદર્શ અને આત્મવિશ્વાસ. જુઓ આ પ્રવચનના કેટલાક અંશ "હું આજે એક એવી સક્ષમ — સાહસિક અને સફળ વ્યક્તિ તરીકે આપની સમક્ષ ઊભો થયો છું કે જે 'નિષ્ફળતા કે અશકયતા' શબ્દો તરફ ધ્યાન આપીને વિચલીત થવા તૈયાર નથી. હું પણ એક સામાન્ય માનવી જ છું પણ આપની અને મારી વચ્ચે તફાવત એ છે કે મારા અર્ધજાગૃત મનને હું સતત દૃઢતા અને મક્કમતાનો સંદેશ આપતો રહું છું. સફળતા એટલે ગમે તેટલી અસફળતાના અનેક પ્રસંગોની વચ્ચે ય જીવનને આનંદી બનાવીને આગળ વધતા રહેવું."

ઈ.સ. ૨૦૦૩ થી તેમણે 'ગમતાંનો કરીએ ગુલાલ' વાર્ષિક અંકના રસદર્શી - ક્રાંત સંપાદક તરીકે ગુજરાતી સાહિત્યના વાચકોને પરિચય આપવાનો પ્રારંભ કર્યો. તસ્લીમાં નસરીનની અર્થગંભીર પંક્તિઓની ભાવના તેમને કિશોરાવસ્થાથી સ્પર્શી ગઈ હતી.

છે અણમોલ અણતોલ જેની ભલાઈ;
એ પુસ્તક છે, પુસ્તક છે, પુસ્તક - છે ભાઈ !

પ્રાથમિક શાળાના અભ્યાસ દરમિયાન તેઓ 'ફુલછાપ' દૈનિક અચૂક વાંચતા. માધ્યમિક શાળાના શિક્ષક માધવજીભાઈ શાસ્ત્રી સુભાષિતો અને ગીતાના શ્લોક તરફ આકર્ષણ જન્માવવાના નિમિત્ત બન્યા. મેટ્રીક થતાં સુધીમાં તો ૨.વ. દેસાઈ અને મેઘાણી જેવા લેખકોના સમગ્ર સાહિત્યમાંથી તેઓ પસાર થઈ ગયા. વિનયન અને કાયદાના અભ્યાસ દરમિયાન 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'માં પ્રસિદ્ધ પુસ્તક પરિચયની વિગતો જાણીને મૂળ કૃતિનું પગેરૂં શોધી કાઢતા.

કાળક્રમે 'સાયકો એનાલિસિસ' તેમના રસનો મુખ્ય વિષય બને છે. માત્ર વાચનથી સ્મૃતિમાં — ચિત્તમાં સંચિત થતી સમજણ માત્ર બૌદ્ધિક કક્ષાએ અટકી જાય છે પણ મનોવિજ્ઞાનના અભ્યાસને કારણે આત્મનિરીક્ષણ પછી યથાર્થ સમજણ આવે છે. બળવંતભાઈ (જેમનો હવે 'બીકે' તરીકે ઉલ્લેખ કરીશું) દેશ — વિદેશના મનવૈજ્ઞાનિકોના વિચારો — સિદ્ધાંતોનું નિરંતર અધ્યયન કરતા રહ્યા. પરિણામે ઘર, પરિવાર વ્યવસાય અને સમાજ સાથે તેમના સદાયે અવિરોધી — વિધાયક વલણ દર્શાવવામાં તેઓ કામાયાબ નીવડી શક્યા.

માનવ માનવથી માંડીને રાષ્ટ્ર — રાષ્ટ્ર વચ્ચે સર્જાતા સંઘર્ષ, તનાવ દૂર કરીને તેમની વચ્ચે સ્વસ્થ — સુદૃઢ સંબંધો કઈ રીતે સ્થાપી શકાય તેવી તેમની જિજ્ઞાસા — શોધના ફલસ્વરૂપ તેઓ જનરલસિમેન્ટિક્સ — વ્યાપક અન્વય વિચારના વિજ્ઞાન તરફ ખેંચાયા. અમેરિકામાં સ્થાયી થયેલા ગણિતજ્ઞ — તત્વચિંતક આલ્ફ્રેડ કોરઝીબ્સ્કીએ પ્રથમ વિશ્વયુદ્ધ સમયે આ વિભાવના પ્રસ્તુત કરેલી. કોઈપણ ભાષા તેના અર્થના કાર્યકારણ સહિતના સંબંધ સાથે મુકાય તો તે રજૂઆત સંકુચિતતા કે જડતાથી મુક્ત બની રહે છે. કોરઝીબ્સ્કીનું પ્રસિદ્ધ વિધાન છે 'એ મેપ ઈઝ નોટ ધી ટેરિટરી.' સામાજિક જીવનમાં હકારાત્મક અભિગમ ખીલવવા બીકેની પ્રેરણાથી વડોદરામાં 'બળવંત પારેખ સેન્ટર ફોર જનરલ સિમેન્ટિક્સ એન્ડ અધર હયુમન સાયન્સીઝ'ની સ્થાપના થઈ છે. આ કેન્દ્રને પ્રસિદ્ધ સારસ્વત ડૉ. સિતાંશુ યશશ્ચંદ્ર જેવાનું માર્ગદર્શન મળ્યા કરે છે. બીકેને

વ્યાપક અન્વય વિચારના ક્ષેત્રમાં યશસ્વી યોગદાન માટે 'ઈન્સ્ટીટ્યુટ ઓફ જનરલ સિમેન્ટિક્સ' દ્વારા 'તાલ્બોટ વિન્શેટ' એવોર્ડ એનાયત થયેલ છે.

બીકેના રસનો વિષય 'મેડિસીન' પણ રહ્યો. મેડિસીનનો અર્થ જ તપાસ અને ઉલટ તપાસ, ઉપચારની વિવિધ વિદ્યાઓનું મૂળ રહસ્ય તેઓ સમજતા ગયા. પ્રબંધ વિદ્યાના અભ્યાસે કર્મચારીઓને નિવૃત્તિ પછીયે તેઓ હૂંફ અને સ્નેહ પૂરા પાડતા રહ્યા. સમગ્ર સાહિત્યનું પ્રદાન તેમને શિક્ષણ કરતાં પણ વધુ મહત્ત્વનું જણાયું છે કારણ કે સાહિત્ય નિરવધી શિક્ષણ આપ્યા જ કરે છે.

પ્રાચીન, આર્વાચીન પદ્ય – ગદ્ય સ્વામીઓના સર્જનથી તેઓ અભિભૂત થયા હતા. અનેક વિષયોના વાચને તેમના વાણી, વર્તન અને વ્યવહારની દિશા બદલી આપી હતી. જીવન આનંદી – અર્થસભર બન્યું હતું. અનેક સમસ્યાઓના સમાધાન તેઓ શોધી રહ્યા હતા. ત્યાં તેમને 'દર્શક'એ ટાંકેલી બાઈબલની ઉક્તિ યાદ આવી. 'તારી પાસે દીવો હોય તો એને ટોપલા નીચે ઢાંકી રાખવાને બદલે ઉપર મૂકજે જેથી તેનું અજવાળુ બીજા સુધી પહોંચ્યા કરે.' સદ્‌સાહિત્યના જે ચિરંતન રંગો તેમના ચિત્ત અને હૃદયાવકાશમાં છવાઈ ગયા હતા, જે રંગો સ્નેહ, સમજણ અને નિષ્કામ કર્મનો સંદેશ આપી રહ્યા હતા તે રંગોથી જિજ્ઞાસુ વાચકોને રંગવા માટે તેમણે શરૂઆત કરી 'ગમતાનો કરીએ ગુલાલ'ની.

દરેક અંકમાં હોય છે આઈન્સ્ટાઈનનું એક અંગ્રેજી અવતરણ 'મારા આંતર – બાહ્ય વિશ્વને સમૃદ્ધ કરવામાં જેમનું યોગદાન છે તેમના પ્રત્યેની કૃતજ્ઞતા સાથે.' આ સમૃદ્ધ અંકમાં અંગ્રેજી – ગુજરાતી – હિન્દી – મરાઠી ભાષામાં સંસ્કાર સંવર્ધક – રસિક લેખો, ગીતો, વૈદિક પ્રાર્થનાઓ અને ક્વોટેશન્સ હોય છે. મહેન્દ્ર મેઘાણીએ શ્રેષ્ઠ સાહિત્યનો આસ્વાદ કરાવવા 'મિલાપ'ની ભેટ આપી છે. પૂ.મોરારિબાપુના અસ્મિતાપર્વ તેમજ અન્ય પર્વ વડોદરાના શિક્ષણવિદ્ ડૉ. પ્રતાપભાઈ પંડ્યાની 'ગુજરાત પુસ્તક પરબ' મુંબઈના તસ્વીરકાર ઉમેદ નંદુના વાર્ષિક અંક તાણાવાણા, અમદાવાદના રાજેન્દ્ર પટેલના 'પુસ્તક પરબ' વગેરે માધ્યમ દ્વારા સમાજને સંતુલીત – તંદુરસ્ત બનાવવા માટેના ઉપક્રમો પ્રયોજાતા રહ્યા છે. બીકે. નો પ્રયાસ વિશિષ્ટ છે. જે કોઈને રસ પડે અને સરનામું પાઠવે તેમને આવા અંકો વિના મૂલ્યે પ્રાપ્ત થયા કરે છે. આનંદની વાત એ છે કે બીકેના નિધન (૨૫/૦૧/૨૦૧૩) પછીએ, તેમના પરિવારજનોએ આ અમી છાંટણાની ભેટ આપવાનું ચાલુ રાખ્યું છે.

હવે બીજી વાત. બીકેએ પોતાના ગુલાલને વાચન – શબ્દોની સીમાઓ સુધી સિમિત રાખ્યો નથી પણ તેનું વિસ્તરણ કર્યું છે. વ્યક્તિગત – સામૂહિક – સાંસ્કૃતિક જીવનને સમૃદ્ધ - પ્રકાશવંત કરવામાં પોતાના વતન કળસાર તા. મહુવાથી માંડીને ગુજરાત – દેશની અનેક શિક્ષણ, આરોગ્ય, સાહિત્ય કે વિજ્ઞાન વિષયક સંસ્થાઓને નિઃસ્વાર્થભાવે સખાવત આપીને મહાજન પરંપરાનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડ્યું છે. ફાર્બસ ગુજરાતી સભા, ગુજરાત સાહિત્ય પરિષદ, દર્શક ફાઉન્ડેશન કે સાયકો – એનાલીટી મુવમેન્ટ ઈન ઈન્ડિયા જેવી અનેકવિધ સંસ્થાઓને તેમના બૌદ્ધિક – સર્જનાત્મક વ્યક્તિત્વનો હૂબહૂ પરિચય થયો છે. તેમને પ્રતીતી થઈ ગઈ હતી કે ધન એ સંપત્તિ નથી. જીવન એ સંપત્તિ છે એટલે લક્ષ્મીના ખોળે બેસીને તેઓ સરસ્વતીની સતત ઉપાસના કરતા રહ્યા. તેમને કોઈએક વિદ્યાશાખા પૂરતો રસ નહોતો પણ માનવને 'અખંડ માનવ' બનાવવામાં દિલચશ્પી હતી. મનુષ્યને સતત અભિપ્સા હોય છે સુખની, શાંતિની. દુઃખ કે અશાંતિના નિર્મૂલન માટે તેણે સત્યની શોધ કરવી પડે. આ સત્ય ત્યારે જ પ્રાપ્ત થાય જ્યારે મનુષ્યની જીવનશૈલી, વૃત્તિ અને વલણમાં પરિવર્તન આવે. એટલે જે કોઈ સંસ્થા પછી તે શિક્ષણ - જ્ઞાન – વિજ્ઞાન કે સાહિત્ય ક્ષેત્રની હોય તેમને મૂળભૂત બદલાવ માટેની વાહક સંસ્થા માનીને તેને સહજભાવે ઉમળકારભેર, અનાસક્તભાવે સહાયરૂપ થતા રહ્યા.

તેઓ માનવતાવાદી હતા. કોઈ કર્મકાંડમાં માનતા નહોતા તેમ છતાં એક મંદિરના જીર્ણોદ્ધાર માટે આશ્ચર્યજનક રીતે સારી એવી રકમ આપી. તેમનું મંતવ્ય હતું કે ધર્મસ્થાનકોએ વડીલો શ્રદ્ધાથી જાય છે. શાંતિ – આનંદ

**(અનુસંધાન પાના નં. ૩૯૪ ઉપર)**

## (૦૮) અધ્યયન નિષ્પતિ આધારિત શિક્ષણ

- ધીરજલાલ રાઠોડ

**"લોકભારતી સણોસરામાં અભ્યાસ કરતાં બી.એડ્. બેઝિકના તાલીમાર્થીઓનું શ્રમ પ્રત્યેનું વલણ"**

**સમસ્યાનો ઉદ્ભવ-**

સામાન્ય રીતે બધાં જ તાલીમાર્થીઓને બધાં જ વિષયોમાં કે બધાં જ કાર્યોમાં સરખો રસ પડતો હોય તેવું જોવા મળતું નથી. દરેક તાલીમાર્થીઓને અમુક વિષય-કાર્ય પ્રત્યે થોડે ઘણે અંશે ગમો-અણગમો હોય જ છે. આ ગમા-અણગમાંની અસર જોઈ શકાતી કે માપી શકાતી નથી. પરંતુ તેની અસર તેના અભ્યાસક્રમની સિદ્ધિ પરથી ચોક્કસ જાણી શકાય છે.

ગાંધીજીએ ઉદ્યોગ દ્વારા શિક્ષણની સંકલ્પના દેશ સમક્ષ રજૂ કરી. આ સંકલ્પનામાં બે શબ્દો અગત્યના છે. ઉદ્યોગ(શ્રમ) અને શિક્ષણ જેમાં "ઉદ્યોગ" શારીરિક અને ઉત્પાદક પરિશ્રમ સૂચવે છે. જેને પરિણામે કંઈક ઉપયોગી ઉત્પાદન થાય, જેમાંથી બાળક અને તેની આસપાસ સમાજની મૂળભૂત જરૂરિયાતો પોષાતી હોય એ દ્રષ્ટિએ અન્ન, વસ્ત્ર અને આવાસની ઉત્પાદક પ્રવૃત્તિને ગાંધીજીએ મહત્ત્વ આપ્યું. બાળકના શિક્ષણની શરૂઆત થાય ત્યારથી ઉદ્યોગ દ્વારા બાળક એક ઉત્પાદક વિદ્યાર્થી બને એવું ગાંધીજી ઈચ્છતા હતા. શિક્ષણના અંગ તરીકે સમૂહમાં વિદ્યાર્થી ઉદ્યોગ કરે, પરિણામે ઉત્પાદનનાં સર્જનનો આનંદ મેળવે, અન્યને ઉપયોગી થઈ પડવાનું ગૌરવ મેળવે અને જીવન જીવવા માટેની આત્મ શ્રધ્ધા કેળવે એવી ગાંધીજીની કલ્પના હતી.

બુનિયાદી પ્રવાહનું મહત્ત્વ નોંધતા જાણીતા ચિંતક-કેળવણીકાર 'દર્શક' નોંધે છે કે બુનિયાદી શાળામાં "છાત્રાલય" એકી સાથે ઘર છે, શાળા છે, અને મંદિર છે. તાલીમાર્થીઓની શૈક્ષણિક સિધ્ધિ પર અનેક પરિબળો ભાગ ભજવે છે તેમાનું એક, છાત્રાલયમાં થતું શ્રમ કાર્ય પણ છે. ખાસ કરીને નઈ તાલીમની વિચારસરણી સંચાલિત નિવાસી શાળાઓમાં છાત્રાલયનું શ્રમ કાર્ય તાલીમાર્થીઓની સિધ્ધિમાં ચોક્કસ ભાગ ભજવે છે. આ પ્રવાહના તાલીમાર્થીઓ કેવી સિદ્ધિ મેળવી શકશે તેનો ઓછો ખ્યાલ શ્રમ પ્રત્યેના તેના વલણ પરથી આવીશકે છે.

કોઈ પણ તાલીમાર્થીને જે વિષય પ્રત્યે વધારે રુચિ હોય તેમાં તે ચોક્કસ સિદ્ધિ મેળવે છે. તાલીમાર્થીઓ શ્રમ પ્રત્યે ધન કે ઋણ વલણ ધરાવતા હોય તે અનુભવના આધારે નક્કી કરી શકાય. તાલીમાર્થીઓના વલણ પરથી તેનાં કાર્યની અપેક્ષા રાખી શકાય અને પોતે કેવું કાર્ય કરશે તેનો પણ ખ્યાલ આવી શકે છે. આ રીતે તાલીમાર્થીઓના કાર્ય પ્રત્યેનાં વલણ પરથી શિક્ષણમાં શ્રમનું મહત્ત્વ સ્વીકારવામાં આવ્યું છે.

દરેક તાલીમાર્થી પોતાના અભ્યાસકાળ દરમ્યાન કેટલાંક શાળાકીય વિષયોનો અભ્યાસ કરે છે અને તે વિષયોને અનુરૂપ શૈક્ષણિક અનુભવો મેળવે છે. આ અનુભવને આધારે તેમનું જે તે વિષય પરત્વેનું ચોક્કસ વલણ ઘડાય છે. જે તેમની શૈક્ષણિક પ્રગતિને અસર કરે છે. જેથી શૈક્ષણિક સિદ્ધિ અંગે માર્ગદર્શન મેળવવા તથા આપવા માટે તે વિષયના સંદર્ભમાં જ નવું જાણવાની પ્રયોજકની ઈચ્છા હતી. આથી શ્રમ વિષય પરત્વેના વલણ બાબતે વિગતવાર અભ્યાસ કરવામાં આવ્યો.

આમ બી.એડ્. બેઝિકના તાલીમાર્થીઓને ધ્યાનમાં રાખીએ તો શ્રમ પ્રત્યેનું તેના ચારિત્ર ઘડતરમાં અગત્યનો ભાગ ભજવે છે. આ વલણ નિર્માણ પામે છે એટલે કે તાલીમાર્થીઓનું જીવન ઘડતર કરી શકે છે.

ઉપરોક્ત બાબત ધ્યાને લઈ પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે બી.એડ્. બેઝિકના તાલીમાર્થીઓનું શ્રમ પ્રત્યેનું વલણ અંગે પ્રસ્તુત અભ્યાસ હાથ ધરેલ.

**• સમસ્યા કથન-**

"લોકભારતી સણોસરામાં અભ્યાસ કરતા બી.એડ્. બેઝિકના તાલીમાર્થીઓમાં શ્રમ પ્રત્યેના વલણનો અભ્યાસ"

**• સંશોધન ક્ષેત્રે-**

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે લોકભારતી સણોસરામાં અભ્યાસ કરતા બી.એડ્. બેઝિકના કુલ ૨૪ તાલીમાર્થીઓમાંથી ૧૯ બહેનો અને ૫ ભાઈઓ પાસે શ્રમ વિષય પ્રત્યેનું માપદંડ ભરાવવામાં આવ્યું હતું.

**• સંશોધનનો પ્રકાર-**

પ્રસ્તુત અભ્યાસ બી.એડ્. બેઝિકના તાલીમાર્થીઓનાં શ્રમ પ્રત્યેનાં વલણનો અભ્યાસ કરવાનો હતો. અર્થાત સર્વેક્ષણ પ્રકારનું સંશોધન કાર્ય હતું.

**• અભ્યાસના હેતુ-**

અભ્યાસની સમસ્યાને ધ્યાનમાં લઈ નીચેના હેતુઓને કેન્દ્રમાં રાખી અભ્યાસ હાથ ધરવામાં આવેલ.

૧.શ્રમ વિષય પ્રત્યેનાં વલણ માપદંડની સંરચના કરવી.

૨. શ્રમ વિષય પ્રત્યેનાં વલણ માપદંડનું પ્રમાણીકરણ કરવું.

૩. શ્રમ વિષય પ્રત્યેનાં વલણ પર જાતિયતા, અભ્યાસેત્તર વિષય, રહેણાંકી વિસ્તાર, અને માતા પિતાનાં શૈક્ષણિક સ્તરની અસર તપાસવી.

**• અભ્યાસની ઉત્કલ્પનાઓ-**

પ્રસ્તુત અભ્યાસની ઉત્કલ્પનાઓ આ પ્રમાણે રચવામાં આવી હતી.

૧. બી.એડ્. બેઝિકના તાલીમાર્થીઓનાં જાતીયતાની શ્રમ પ્રત્યેના વલણાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

૨. બી.એડ્. બેઝિકમાં અભ્યાસ કરતાં કુમાર અને કન્યાઓનાં માતાપિતાની શૈક્ષણિક લાયકાતની શ્રમ પ્રત્યેના વલણાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

૩.બી.એડ્. બેઝિકમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓનાં રહેણાંક વિસ્તારની શ્રમ પ્રત્યેના વલણાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

**• શબ્દોની વ્યવહારું વ્યાખ્યાઓ-**

પ્રસ્તુત અભ્યાસમાં આવતાં અગત્યના શબ્દોની વ્યવહારિક વ્યાખ્યા આ પ્રમાણે સ્વીકારવામાં આવી હતી.

• નઈ તાલીમની સંસ્થા- ખાદી, શ્રમ, સહશિક્ષણ અને બુનિયાદી કેળવણી આપતી હોય તેવી નિવાસી સંસ્થા.

• શ્રમ પ્રત્યેનું વલણ- પ્રયોજકે શ્રમ પ્રત્યેનું વલણ માપવા રચેલા વલણ માપદંડ પર પાત્રએ મેળવેલ પ્રાપ્તાંકને શ્રમ પ્રત્યેનાં વલણ તરીકે સ્વીકારવામાં આવેલ.

• માહિતી પ્રાપ્તિ માટેનું ઉપકરણ- પ્રસ્તુત અભ્યાસ માટે અભ્યાસક દ્વારા રચાયેલ ''વલણ માપદંડ''નો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

વલણમાપદંડ- લિકર્ટ પધ્ધતિથી તૈયાર કરવામાં આવેલ વલણમાપદંડમાં કુલ ૨૫ વિધાનો હતાં. જે પૈકી ૧૭ વિધાનો શ્રમ પ્રત્યે ધન વલણ તથા ૦૮ વિધાનો શ્રમ પ્રત્યે ઋણ વલણ ધરાવતાં હતાં. શ્રમ પર અસર કરનારા પરિબળો જેવા કે કૌશલ્ય, માનસિકતા, વ્યક્તિત્વ, ટેવ સ્વચ્છતા, શારીરિકતા, શૈક્ષણિક સિધ્ધિ, શોખ, વૈજ્ઞાનિક દ્રષ્ટિ, ભૌતિક વાતાવરણ વગેરેને લગતાં વિધાનો હતા.

**• અભ્યાસમાં સમાયેલા ચલો-**

પ્રસ્તુત સર્વેક્ષણાત્મક અભ્યાસમાં જે ઘટકોનાં સંદર્ભમાં વલણ ચકાસવામાં નીચેના ચલોનો સમાવેશ કરવામાં આવેલ.

**સ્વતંત્રચલ**

૧.જાતીયતા - કુમાર, કન્યા

૨.અભ્યાસેત્તર વિષય - ગણિત, વિજ્ઞાન, સમાજિક વિજ્ઞાન, હિન્દી, ગુજરાતી, અંગ્રેજી

૩.માતાપિતાનું શૈક્ષણિક સ્તર- ભણેલ, અભણ

**પરતંત્રચલ**

શ્રમ પ્રત્યેનું વલણ

**• અભ્યાસનું મહત્ત્વ-**

જે તે વિષય પરત્વેનું વલણ ઉંચું તેમ તે વિષયની શૈક્ષણિક સિદ્ધિ ઉંચી હોય છે. એવું સંશોધનના તારણો પરથી જાણવા મળે છે.

૧. પ્રસ્તુત અભ્યાસમાં સંશોધનના આધારે બી.એડ્. બેઝિકના તાલીમાર્થીઓની શ્રમ પ્રત્યેની રુચિ કેટલી છે તેનો ખ્યાલ આવે છે.

૨. પ્રસ્તુત અભ્યાસ બી.એડ્. બેઝિકના તાલીમાર્થીઓમાં કુમારો અને કન્યાઓના શ્રમ પ્રત્યેનાં

વલણમાં ભિન્નતા છે કે કેમ તે જાણી શકાય છે.

૩. બી.એડ્. બેઝિકના તાલીમાર્થીઓમાં શ્રમ પ્રત્યેના વલણ પર તેઓના માતાપિતાનાં શૈક્ષણિક સ્તરની અસર જાણી શકાય.

**• અભ્યાસની મર્યાદા-**

પ્રસ્તુત અભ્યાસની મર્યાદાઓ નીચે પ્રમાણે ગણાવી શકાય.

૧. પ્રસ્તુત અભ્યાસ લોકભારતી ગ્રામવિદ્યાપીઠ સંચાલિત સ્નાતક નઈ તાલીમ મહાવિદ્યાલયમાં અભ્યાસ કરતાં બી.એડ્. વર્ષ ૨૦૧૬-૧૮ (બે વર્ષનો અભ્યાસક્રમ)માં દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓનો જ સમાવેશ કરવામાં આવેલ હતો. પ્રસ્તુત અભ્યાસક્રમના પરિણામો અન્ય બી.એડ્. કોલેજને લાગુ ન પાડી શકાય.

૨. તાલીમાર્થીઓના વલણોનાં અભ્યાસ માટે સ્વરચિત વલણ માપદંડનો ઉપયોગ કરેલો. આ ઉપકરણની જે કાંઈ મર્યાદાઓ હતી તે પ્રસ્તુત અભ્યાસની પણ મર્યાદાઓ બની હતી.

**• માહિતીનું પૃથ્થકરણ અને અર્થઘટન-**

**ઉત્કલ્પના-૧**

પ્રસ્તુત અભ્યાસમાં બી.એડ્. બેઝિકમાં અભ્યાસ કરતાં ભાઈઓ-બહેનોના શ્રમ વિષય પ્રત્યેના વલણમાં તફાવત છે કે કેમ ? તે તપાસવા બી.એડ્. બેઝિકમાં અભ્યાસ કરતાં ૦૫ ભાઈઓ અને ૧૯ બહેનો પાસે શ્રમ વિષયપ્રત્યેનું વલણ માપદંડ ભરાવવામાં આવ્યું હતું. તાલીમાર્થીઓના શ્રમ પ્રત્યેનાં વલણ પર જાતીયતાની અસર ચકાસણી માટે ઉત્કલ્પના -૧ રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે નમૂનામાં ભાઈઓ અને બહેનોના એમ બે જૂથો પાડવામાં આવ્યાં. આ બન્નેના શ્રમ પ્રત્યેના સરાસરી વલણાંકો તફાવતની સાર્થકતા પ્રમાણ વિચલન વડે તપાસવામાં આવી. ગણતરીનાં પરિણામો સારણી ૧.૧માં દર્શાવેલ છે.

**સારણી ૧.૧**

બી.એડ્. બેઝિક ભાઈઓ-બહેનોની સંખ્યા, શ્રમ વિષય પ્રત્યેના વલણાંકોની સરાસરી, પ્રમાણવિચલન

| ક્રમ | ૧ | ૨ |
|---|---|---|
| જાતીયતા | ભાઈઓ | બહેનો |
| સંખ્યા | ૦૫ | ૧૯ |
| સરાસરી | ૮૯.૨૦ | ૧૦૭.૭૪ |
| પ્રમાણવિચલન | ૨૩.૭૦ | ૧૧.૯૭ |

સારણી૧.૧ નો અભ્યાસ કરતાં જણાય છે કે બી.એડ્. બેઝિકના ભાઈઓ ૦૫ અને બહેનો ૧૯ના શ્રમ પ્રત્યેના વલણાંકોની સરાસરી ૮૯.૨૦ અને ૧૦૭.૭૪, પ્રમાણવિચલન અનુક્રમ ૨૩.૭૦ અને ૧૧.૯૭ છે.

આથી પ્રથમ શૂન્ય ઉત્કલ્પના ''બી.એડ્. બેઝિકના તાલીમાર્થીઓનું જાતીયતાની શ્રમ પ્રત્યેના વલણાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહી હોય.''નો સ્વીકાર થતો નથી. અર્થાત શ્રમ પ્રત્યેનાં વલણની બાબતમાં બી.એડ્. બેઝિકમાં અભ્યાસ કરતાં ભાઈઓ અને બહેનો સમાન છે.

**ઉત્કલ્પના -૨**

પ્રસ્તુત અભ્યાસમાં બી.એ.ડ્. બેઝિકમાં અભ્યાસ કરતાં તાલીમાર્થીઓના માતા-પિતાની શૈક્ષણિક સ્તરની શ્રમ વિષય પ્રત્યેના વલણમાં તફાવત છે કે કેમ ? તે તપાસવા બી.એ.ડ્. બેઝિકમાં અભ્યાસ કરતા ૧૧ તાલીમાર્થીઓની માતા-પિતા ભણેલા અને ૧૩ તાલીમાર્થીઓના માતાપિતા અભણ પાસે શ્રમ વિષય પરત્વેનું વલણ માપદંડ ભરાવવામાં આવ્યું હતું. તાલીમાર્થીઓના શ્રમ પ્રત્યેનાં વલણ પર માતા-પિતાની શૈક્ષણિક સ્તરના અસરથી ચકાસણી માટે ઉત્કલ્પના-૨ રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનામાં ભણેલા માતાપિતાને અભણ માતાપિતા એમ બે જૂથો પાડવામાં આવ્યા હતા. આ બન્નેના શ્રમ પ્રત્યેના સરાસરી વલણાંકોમાં તફાવત સાર્થકતા પ્રમાણ વિચલન વડે તપાસવામાં આવી હતી. ગણતરીનાં પરિણામો સારણી ૧.૨માં દર્શાવેલ છે.

**સારણી ૧.૨**

બી.એડ્. બેઝિકમાં અભ્યાસ કરતાં તાલીમાર્થીઓના માતા-પિતાની શૈક્ષણિક સ્તરની શ્રમ વિષય પ્રત્યેના વલણાંકોની સરાસરી, પ્રમાણ વિચલન

| ક્રમ | ૧ | ૨ |
|---|---|---|
| શૈક્ષણિક સ્તર | ભણેલા માતા-પિતા | |
| સંખ્યા | ૧૧ | ૧૩ |
| સરાસરી | ૯૮.૨૭ | ૧૦૮.૬૧ |
| પ્રમાણવિચલન | ૧૯.૪૨ | ૧૨.૧૬ |

સારણી ૧.૨નો અભ્યાસ કરતાં જણાય છે કે બી.એડ્. બેઝિકમાં અભ્યાસ કરતા ૧૧ તાલીમાર્થીઓના માતાપિતા ભણેલા અને ૧૩ તાલીમાર્થીઓના માતાપિતા અભણ પાસે શ્રમ પ્રત્યેનાં વલણાંકોની સરાસરી ૯૮.૨૭ અને ૧૦૮.૬૧ પ્રમાણવિચલન અનુક્રમ ૧૯.૪૨ અને ૧૨.૧૬ છે,

આથી દ્વિતીય શૂન્ય ઉત્કલ્પના "બી.એડ્. બેઝિકમાં અભ્યાસ કરતાં તાલીમાર્થીઓના માતા-પિતાની શૈક્ષણિક સ્તરની શ્રમ પ્રત્યેના વલણાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહી હોય."નો અસ્વીકાર થતો નથી. અર્થાત શ્રમ પ્રત્યેનાં વલણની બાબતમાં બી.એડ્. બેઝિકમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓના માતા-પિતાની શૈક્ષણિક સ્તરની અસર જોવા મળે છે.

**ઉત્કલ્પના-૩**

પ્રસ્તુત અભ્યાસમાં બી.એડ્. બેઝિકમાં અભ્યાસ કરતાં તાલીમાર્થીઓના રહેણાંક વિસ્તારની શ્રમ વિષય પ્રત્યેના વલણમાં તફાવત છે કે કેમ ? તે તપાસવા બી.એડ્. બેઝિકમાં અભ્યાસ કરતાં તાલીમાર્થીઓના રહેણાંક વિસ્તારની શ્રમ વિષય પરત્વેનું વલણ માપદંડ ભરાવવામાં આવ્યું હતું. તાલીમાર્થીઓના શ્રમ પ્રત્યેનાં વલણ પર રહેણાંક વિસ્તારની ચકાસણી માટે ઉત્કલ્પના-૩ રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનામાં ગ્રામ્ય અને શહેરી એમ બે જૂથો પાડવામાં આવ્યાં હતા. આ બન્નેના શ્રમ પ્રત્યેના સરાસરી વલણાંકોમાં તફાવતની સાર્થકતા પ્રમાણ વિચલન વડે તપાસવામાં આવી. ગણતરીનાં પરિણામો સારણી ૧.૩માં દર્શાવવામાં આવેલ છે.

**સારણી ૧.૩**

બી.એડ્. બેઝિકમાં અભ્યાસ કરતાં તાલીમાર્થીઓના રહેણાંક વિસ્તારની શ્રમ વિષય પ્રત્યેના વલણાંકોની સરાસરી, પ્રમાણ વિચલન

| ક્રમ | ૧ | ૨ |
|---|---|---|
| રહેણાંકી વિસ્તાર | ગ્રામ્ય | શહેરી |
| સંખ્યા | ૨૩ | ૦૧ |
| સરાસરી | ૧૦૪.૩૫ | ૯૩.૦૦ |
| પ્રમાણવિચલન | ૧૬.૬૦ | ૨૩.૦૮ |

સારણી ૧.૩નો અભ્યાસ કરતાં જણાય છે કે બી.એડ્. બેઝિકમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓના ગ્રામ્ય અને શહેરી વિસ્તારની શ્રમ પ્રત્યેનાં વલણાંકોની સરાસરી ૧૦૪.૩૫ અને ૯૩.૦૦, પ્રમાણવિચલન અનુક્રમે ૧૬.૬૦ અને ૨૩.૦૮ છે.

આથી ચોથી શૂન્ય ઉત્કલ્પના "બી.એડ્. બેઝિકમાં અભ્યાસ કરતાં તાલીમાર્થીઓના રહેણાંક વિસ્તારની શ્રમ પ્રત્યેના વલણાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહી હોય." નો અસ્વીકાર થતો નથી. અર્થાત શ્રમ પ્રત્યેનાં વલણની બાબતમાં બી.એડ્. બેઝિકમાં અભ્યાસ કરતાં તાલીમાર્થીઓના રહેણાંક વિસ્તારની અસર જોવા મળે છે.

- **સંદર્ભ-**


૧) ગાંધીજીનું શિક્ષણ દર્શન

૨) નઈ તાલીમનું નવનીત

૩) બુનિયાદી કેળવણી

૪) અધ્યયન મનોવિજ્ઞાન

૫) સંશોધનનું સંદોહન. ડૉ. ડી.એ.ઉચાટ


●---------●●●--------●●●---------●


અધ્યાપક, બી.એડ.બેઝિક, લોકભારતી, સણોસરા

## (०૯) સાધુચરિત બુચદાદા

- નારાયણ શાહ

શ્રી વિશ્વ વાત્સલ્ય માનવસેવા ટ્રસ્ટ બગસરા, તથા અનુભૂતિ ટ્રસ્ટ ભાવનગર સંયુક્ત પ્રાયાસથી તા.૬-૧-૨૦૧૯ના રોજ વડોદરા ઝાટોલાભવનમાં, શ્રી બુચભાઈના (શ્રી નટવરલાલ પ્ર. બુચ) જીવન અને કવનને ધ્યાનમાં રાખીને સેમિનાર યોજાયો હતો. તે કાર્યક્રમનું નિમંત્રણ મને મળતાં જ એક આશ્ચર્ય મારા મનોજગતમાંથી કૂદી પડ્યું અને બોલ્યું, 'બુચભાઈ તો એવા કેવા મોટા ભા હતા કે તેમના વિષે સેમિનાર આયોજિત થયો. તે પછી મેં (આ લખનારે) તેમના ભીતરીબાહ્ય વ્યક્તિત્વની ગહરાઈમાં જઈને મેં જોયું, જાણ્યું ત્યારે તેમના ગરવા, નરવા જીવનને આ શ્લોકમાં પ્રતિબિંબિત થતું જોયુઃ

'ન પ્રહ્ષ્યતિ સમ્માને નાપમાને ચ કુપ્યતિ ।
ન ક્રુધ્ધઃ પુરુષમ્ બ્રૂયાત સ વૈ સાધૂત્તમ સ્મૃતઃ ॥

આપણા સૌના બુચદાદા આવા સાધુચરિત હતા, સેમિનાર દરમ્યાન જે દશ્યો મેં જોયાં તે; એક મહામંડિત નજારો; પ્રસન્નકારી – દર્શનીય હતો. પ્રારંભમાં શ્રી અનુભૂતિ ટ્રસ્ટના પ્રમુખશ્રી પ્રવિણભાઈ ઠક્કરે શ્રોતાઓ તથા અન્ય સૌનું હાર્દિક સ્વાગત કરી પ્રાસ્તાવિક પ્રવચન કર્યું. પછી આંબલાના જ વિદ્યાર્થી અને વડોદરાના પૂર્વ મેયર શ્રી ભરતભાઈ ડાંગરે ગમતીલા સ્વરે કહ્યું; 'આજે હું જે કંઈ છું તે સઘળી સફળતાનો યશ આંબલાની કેળવણી અને સંસ્કારને ફાળે જાય છે.' હવે એ એટલા માટે થઈ શક્યું કેમ કે;

કહ્યું છે ને આ શાયરે :

'ઈક પથ્થર કી ભી તાસીર પલટ સકતી હૈ ।
શર્ત યહ હૈ કિ સલીકેસે તરાશા જાય ॥'

બુચભાઈના ભાણેજ ગૌરાંગભાઈ ઝાલાએ સંવાદમાં ભાગ લેતા કહ્યું, બુચદાદાની ભાષા પરની પકડ ચકિત કરનારી હતી. શિક્ષણકાર તરીકે સ્વયં એક શિક્ષણ સંસ્થા સમાન હતા. સૌ પ્રત્યેનો એમનો વાત્સલ્યપ્રેમ અને કૂણીકૂણી લાગણીઓ મેં એમની સાવ સમીપ રહીને અનુભૂત કરી છે.' એ પછી 'ગુજરાત પુસ્તક પરબ' સંસ્થાના પ્રમુખશ્રી પ્રતાપભાઈ પંડ્યાના સુપુત્રી અને એપલ કંપનીના વાઈઝ પ્રેસિડન્ટે મનિષાબહેને ઉલ્લસી સ્વરે કહ્યું હતું, 'આ સંસ્થા મનુષ્યનું ઘડતર કરનારી છે. એ વ્યક્તિત્વનું ઘડતર કરનાર અમોઘ સાધન છે. આ સંસ્થાના પર્યાવરણમાં નિર્ભેળ અને નિર્દોષ હાસ્યની વસંત સતત છવાયેલી રહે છે.'

ગૂજરાત વિદ્યાપીઠના ડીન ડૉ.ઉષાબહેન ઉપાધ્યાયે બુચદાદાના વ્યક્તિત્વના નિરાળા સ્વભાવનો ઉઘાડ કરતાં સમવેદના ઠાલવતાં કહ્યું, 'બુચદાદાની સંવેદનશીલના ઝકઝોળ કરનારી હતી. તેઓ સૌના દુઃખી દુઃખી થતા હતા. કોઈ અડધી રાતે પણ મદદ માટે અચકાયા વિના આવી શકતા હતા અને અકળાયા વિના પ્રેમથી મદદ કરતા. તેઓને ક્યારેય ગુસ્સે થતા કોઈએ જોયા નથી. તેઓ કરુણા કરનારા હતા. જ્યારે તેમણે ગાંધીજીની હત્યાના સમાચાર સાંભળ્યા ત્યારે તત્ક્ષણ ધૂસકેધૂસકે રડી પડેલા સૌએ જોયા હતા. શબ્દો કે ભાવનાઓના પડઘા અવશ્યપણે અનંત હોય છે. એ શબ્દો બુચદાદાનાં જીવનમાં યથાર્થ થતા હતા, જે શબ્દો કરુણાની દેવી મધર ટેરીઝાએ ઉદ્દ્યોષ કર્યા હતાઃ

'Kind words can be short and easy to speak but their echoes are truly endless'

શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનના પૂર્વ અધ્યાપક શ્રી વિક્રમભાઈ સર્વથા ઉચિત એવી વાત પર ભાર મૂકતાં બોલ્યા હતા, 'આજે હું વ્યસન વગરનો કે કોઈ ખરાબ કુટેવ વગરનો જીવું છું. એવું નથી કે ખરાબ આદતોવાળા કે વ્યસની લોકો મને મળ્યા નથી. હું એવા લોકો વચ્ચે રહીને પણ મારી જાતને એ બધાથી દૂર રાખી શક્યો છું – મને કહેવા દો કે એ એટલા માટે શક્ય બન્યું કે મારી સંસ્થાના સંસ્કાર અને શિક્ષણ દ્વારા પ્રાપ્ત શક્તિ.

હાસ્યયોગી શ્રી રતિલાલ બોરીસાગર પ્રવચનના પ્રારંભથી કે બોલવાનું પુરું કર્યું ત્યાં સુધી સૌને ખૂબ હસાવ્યા. અને તે પણ આપણા બુચદાદાએ કહેલા કે લખેલા મનોરંજક

ટૂચકાઓ દ્વારા. બસ પછી તો પૂછવાનું જ શું રહ્યું, બધાંનો કંટાળો ગાયબ થઈ ગયો અને પેટમાં ભૂખ લાગી હતી તે પણ હાસ્યસમાધિમાં સૌ ભૂલી ગયા હતા. આત્મઉન્નતિની રસાળ વાત આ રીતે પીરસી હતી :

'લડો લડો, પરાજયથી લડો,
ફરો ફરો, નહીં તો આફરો ચઢી જશે,
હસો હસો વિપત્તિ વરસે તો પણ હસો;
કોઈ પણ સ્થિતિમાં આમ જ કરતા રહેવું.'

આભારવિધિ કરી શ્રી દેવચંદભાઈ સાવલિયાએ, જે વિશ્વવાત્સલ્ય માનવસેવા ટ્રસ્ટ, બગસરાના મેનેજીંગ ટ્રસ્ટી છે. તેઓએ કહ્યું બુચભાઈ સાધુપુરુષ હતા, શિક્ષક વિભૂતિ હતા. તેમના ગુણો આપણે ગ્રહણ કરવા જેવા છે. એ ગુણો આપણે આપણા જીવનમાં આચરીશું તો જ આજનો આ સેમિનાર ઊજળો દેખાશે.

૨૦૦૦ની સાલમાં બુચદાદાએ આપણી વચ્ચે વિદાય લીધી. (જન્મ ૨૦, ઑક્ટોબર ૧૯૦૬ અને મૃત્યુ ૯, જાન્યુઆરી ૨૦૦૦) ગાંધીચીંધ્યા માર્ગે જીવીને બુચદાદા જે અંગુલી નિર્દેશ કરતા ગયા છે તે પ્રમાણે જ હજી સક્રિય રહેવાનું જ છે. એમનો સદ્‌ભાવ આપણા સૌ પરત્વે હતો જ પણ હવે એમનો અભાવ વેદના જગાડે છે. એમ પણ થાય છે કે બુચદાદા ફરી ક્યારે મળશે? બીજી વાર ? તો સાંભળો:

'ફૂલ ક્યારેય બીજી વાર નથી ખીલતા;
જન્મો ક્યારેય બીજીવાર નથી મળતા;
આવનારા તો હજારો આવતા રહે છે પણ;
બુચદાદા જેવા સ્વજન શું બીજીવાર આવે છે?

●---------●●●--------●●●---------●

G115, નૂતનસૌરભ સોસાયટી, વિજયનગર માઈ મંદિર પાસે, હરણીરોડ, વડોદરા 390006, મો. ૯૯૪૪૨૮૦૮૪

## તસવીર -ગાથા

- મૂકેશ પંડિત

### માત્ર ક્રાંઉ ક્રાંઉ જ નહિ...

કેટલાંક પ્રત્યે આપણે કાયમી અણગમો જ રહેતો હોય છે. પરંતુ એ આપણો ખોટો દૃષ્ટિકોણ હોય છે. સામેની વ્યકિત સાથેનો આપણે અણગમો રહેવાથી તેની બીજી બાજુ તરફ ઈરાદા કે બદઈરાદાપૂર્વક લક્ષ્ય જ આપતા નથી. પશુ-પક્ષી, પ્રાણીઓ કે માણસ... તેમાના અમૂકને.. કેટલાંકને કારણ વગર આપણો કાયમી ધૂત્કાર અને ધૂત્કાર જ રહ્યો હોય છે. પંખીઓમાં કાગડા પ્રત્યે પણ આપણે આવું જ વર્તન કે લક્ષ્ય ધરાવીએ છે. અહિં જૂઓ લ્યો કાગડા માત્ર ક્રાંઉ ક્રાંઉ જ નહિ, આપસમાં વ્હાલ કે કોઈ વાત પણ કરતા લાગે છે. આપણી નજર જ બદલવાની જરૂર છે !



## (૧૦) કર્મઠ સેવક

- પૂજાભાઈ મકવાણા

આજે વાઈટ કોલર જોબ માટે સૌને દોટ છે. અને નસીબદારને તેની મહેનતના આધારે નોકરી મળી પણ જાય છે, એટલે નોકરી તો સૌ જ કરે છે, સૌ પેટ માટે વલખાં મારે છે. મોટા ભાગના તો પગાર મળે છે, તેથી નોકરી કરે છે, તો કેટલાક તો પોતાની ફરજ સમજીને નોકરી કરે છે, તો અપવાદરુપ કેટલાક તો આપણા ધાર્મિક ગ્રંથ ગીતાના સિદ્ધાંત મુજબ કામ કરે છે.

આવા સમયમાં ભાવનગર જિલ્લાના સિહોર તાલુકાના સણોસરા ગામમાં કેળવણી ક્ષેત્રે કામ કરતી શૈક્ષણિક સંસ્થા આવેલી છે. આ સંસ્થામાં નાના-મોટા અઢાર જેટલા વિભાગો આવેલા છે, અને તેમાં ઘણાં બધા કાર્યકરો કામ કરે છે. અને તેમાં લોકસેવા મહાવિદ્યાલય એ મોટો વિભાગ છે, તેમાં અનેક કાર્યકરો કાર્યરત છે. પરંતુ આ તમામ કાર્યકરોમાં ભૂપતભાઈ સોલંકી એ એક વિશિષ્ટ વ્યક્તિત્વ ધરાવનાર સેવક છે. તે વર્ષોથી પુસ્તકાલય વિભાગમાં કામ કરે છે, તેઓ સ્વભાવે શાંત, સરળ સાદાઈ અને કર્મપ્રિય જેવા ગુણો ધરાવે છે. તેમની કાર્ય પદ્ધતિ જોતાં જણાય છે, કે તેમના ઘડતરમાં શ્રી ત્ર્યંબકભાઈ વ્યાસ અને મુ.શ્રી બાબુભાઈ ગજ્જરનો મોટો સિંહફાળો રહેલો છે. મુ. શ્રી બાબુભાઈ ગજ્જર આધ્યાત્મિક વૃત્તિવાળા સ્વભાવે શાંત, સરળ શીલવાન અને એવા જ કામમાં ચોકસાઈવાળા કે કોઈપણ કામ એટલી ચોકસાઈથી કરતા હતા, કે એ કામમાં કોઈ પ્રશ્ન ઉભો જ ના થાય. અને જો સંજોગોવસાત પ્રશ્ન ઉભો થાય તો તેને આસાનીથી ઉકેલી શકે એવી એમની કુશળ કાર્ય પદ્ધતિ હતી. શ્રી બાબુભાઈ તેમના મુખે સતસંગની ગંગા રેલાવતા જાય, અને ભૂપતભાઈ આ અમૃત જળનું આચમન કરતા જાય, ને પોતાના કામમાં લીન બનતા જાય. આવા વાતાવરણમાં સમય ક્યાં જાય તેની ખબર પણ પડતી નહોતી. પુસ્તકો ફાટેલા હોય તો કેવી રીતે સાંધવા, વર્તમાન પત્રો સ્ટેન્ડ ઉપર ક્યારે મૂકવા, સામયિકો કયા આવ્યા છે, તે સમયસર બોર્ડ ઉપર લાખાઈ જાય, સમયસર જૂના વર્તમાનપત્રો સ્ટેન્ડ ઉપરથી ઉતારી લેવા અને તે દરરોજના વર્તમાન પત્રો તારીખવાર એવી રીતે ગોઠવવાના કે, ક્યાંય પેપર આડુઅવળુ વળી ના ગયું હોય, અને દરેક પેપરની પુર્તિ પણ તેમાં સામેલ હોવી જોઈએ. અને દરેક પેપરોના બંડલો પણ અલગ અલગ હોવા જોઈએ. કોઈ વિદ્યાર્થી કે કાર્યકરને અમુક તારીખનું પેપર કે પુર્તિ જોઈતી હોય, તો અંધારામાં પણ તે આસાનીથી મળી જાય, તેવી રીતે મૂકવા જોઈએ. તેમજ સામયિકો પણ એટલી જ ચોકસાઈથી મૂકવાના કે, ગમે ત્યારે તે માણસને ગમે તે માસનું ગમે તે સામયિક જોઈતું હોય, તો તે ઘડીકમાં જ મળી જાય. આવા ઝીણવટવાળા કામો તેઓ સહેજ પણ આળસ રાખ્યા વિના ઉત્સાહથી કરતા હતા. તેઓ જ્યારે આવા કામો કરતા હોય, ત્યારે બાબુભાઈ તેમના કામોને પ્રોત્સાહન આપતા જાય, અને થયેલા કામોને ચોકસાઈથી જોતા જાય. તેમના કામમાં ક્યાંય ક્ષતિ જણાય તો, તેઓ સહેજ પણ ખિજાયા વિના જેમ માતા બાળકને ઠપકો આપે તેમ, માર્ગદર્શનનો મીઠો ઠપકો આપતા જાય, અને સતસંગનો અમૃત રસ પાતા જાય. આવી રીતે કામ કરવામાં તેમને થાક તો નહી, પણ હંમેશા તાજગી મળતી હતી. તેમના સાથી કાર્યકર મુ.શ્રી ત્ર્યંબકભાઈ વ્યાસ પણ એટલા જ ઉત્સાહી કે તેઓ અથાક રીતે કામ કરતા જાય, અને સાથે સાથે ભૂપતભાઈને કામ ચિંધતા જાય. અને ભૂપતભાઈ પણ એટલા જ ઉત્સાહી કે તેઓ સમય જોયા વિના અને થાક્યા વિના કામ કર્યે જ જાય. તેમના મનમાં એક જ લગની કે, કામ કરતા જવું ને તેમાંથી કંઈક અવનવું શીખવું. કુદરતે અમોને ગરીબાઈ તો આપી છે, તે ગરીબાઈને મારે માણસાઈમાં ફેરવવી છે! ગરીબી આપવી એ કુદરતનો નિયમ છે, અને ગરીબીમાંથી બહાર આવવું એ મારી ફરજ છે. આવા વિચારોના વાદળોથી ઘેરાયેલા ભૂપતભાઈ જેમની રાહદારી નીચે તૈયાર થયા છે, તે વડિલોનો તેમના ઘડતરમાં મોટો સિંહ ફાળો

રહેલો છે.

ભૂપતભાઈ વર્ષોથી પુસ્તકાલયમાં કામ કરે છે, તેમની કાર્યપદ્ધતિમાં માત્ર કામ જ નહી, પણ નિયમિતતા અને સમજણ પણ ગજબની છે. તેઓ પોતાની ફરજ ઉપર હંમેશા સૌથી પ્રથમ જ હાજર હોય છે, એટલું જ નહીં પણ કોઈ જુએ કે ના જુએ પણ તેઓ નીષ્ઠાપૂર્વક ઈશ્વરનો ડર રાખીને કામ કર્યે જ જાય છે. આમ, તો કર્મ અને ક્રિયા વચ્ચે ઘણો તફાવત છે. જે માણસ કરવા ખાતર કાર્ય કરે તેને સાદી ભાષામાં ક્રિયા થઈ ગણાય છે, અને જે માણસ દિલથી ગુણવત્તાસભર કામ કરે છે, તેને કાર્ય થયું કહેવાય છે. તેઓ આજે જે ફરજ બજાવી રહ્યા છે, તેમાં ક્રિયા નહીં પણ કાર્યનો ભાવ રહે છે. તેઓને જે કોઈ કામ સોપવામાં આવેલ છે, તે કામ એટલી ચોકસાઈથી કરે છે, કે એ કામને ગુણવત્તાસભર થયા વિના છૂટકો જ નહી. તેમને કોઈ પણ કામ સોંપવામાં આવે તો પણ તેઓના મુખે ક્યારેય તે કામ નહી કરવાનો ભાવ દેખાય જ નહી. આવી કર્મપ્રિય ભાવનાવાળા તે સેવક છે.

ઉનાળાના દિવસો એટલે વેકેશનનો ગાળો, અને આળસનો દહાડો છે. સૌ કાર્યકરો રજાઓના મૂડમાં હોય છે. ત્યારે જેમ આપણા ઘરે શુભ પ્રસંગ હોય, અને આપણે આપણા ઘરને સાફસૂફ કરીને સુંદર બનાવીએ છીએ, તેમ ભૂપતભાઈને આ સમયગાળો સફાઈનો ઉત્સવ બની રહે છે. તેઓ મનમાં નક્કી કરે છે, કે આ સમયગાળામાં પુસ્તકાલયની સફાઈ થઈ જવી જોઈએ. અને તેઓ પુસ્તકોના કબાટમાંથી અને બહારથી કચરો અને ઝાળાં જાપટીને સાફસૂફ કરે છે. અને સમગ્ર પુસ્તકાલય કાચ જેવું બનાવી દે છે. તે પછી તેઓ જે કોઈ પુસ્તકો ફાટેલા હોય છે, તેને સાંધીને નવાનકોર બનાવી દે છે. અને પછી તે પુસ્તકો યથાસ્થાને ગોઠવી દે છે. અને જોત જોતામાં તો પુસ્તકાલયને એક નમૂનેદાર પુસ્તકાલય બનાવી દે છે. તેઓ જે કંઈ કામ કરતા હોય, ત્યારે તેમના સહકાર્યકર સાથે હોય, કે ના હોય તો પણ તેઓ કોઈની રાહ જોયા વિના કામ કર્યે જ જાય છે.

પુસ્તકાલયના પુસ્તકની જાળવણીની બાબતમાં તો ક્યું પુસ્તક કયા કબાટમાં આવેલું છે, તેની સંપૂર્ણ માહિતી ધરાવનાર છે. આ બાબતમાં તો કદાચ કમ્પ્યુટર તેમની આગળ પાછુ પડે એમ કહી શકાય! તેઓ કોઈ કામમાં રોકાયેલા હોય, અને તેમના સાથી કાર્યકર મિત્રને કોઈ પુસ્તક મળતું ના હોય, તો તેઓ આંગળીના ઈશારે તે પુસ્તક કયા કબાટમાં, ને કયા ખાનામાં, ને કઈ સંજ્ઞામાં છે, તે સાથે દૂરથી બતાવી શકે છે. પુસ્તકાલયમાં પુસ્તક ઝડપથી મળી રહે એટલા માટે સંજ્ઞા મુજબ કયું પુસ્તક કઈ સંજ્ઞામાં આવે તે મુજબ અને કક્કા મુજબ લેખકનું નામ પણ આવી જાય, તે મુજબ પુસ્તકો ગોઠવવાની અદ્દભૂત આવડત ધરાવનાર વ્યક્તિ છે. પુસ્તકાલયમાં કયાંય કોઈનાથી આડુંઅવળું પુસ્તક મુકાઈ જાય તો, તે કોઈને એક પણ શબ્દ કહ્યા વિના સહેજે ગુસ્સે થયા વિના તે પુસ્તક લઈને ગોઠવી દે છે. તેઓને આ વિભાગમાં પુસ્તકો સિવાય જે કોઈ કામની જવાબદારી સોંપવામાં આવી છે, તે કામ સમય મર્યાદામાં પૂર્ણ કરીને કોઈ વિદ્યાર્થી કે કાર્યકર પુસ્તક લેવા ક્યારે આવે તેની કાગડોળે રાહ જોઈને બેઠા હોય છે.

તેમની નૈતિકતા અને કાર્ય પદ્ધતિમાં એવી વડીલ વ્યક્તિના ગુણ સિંચાયા છે, જેનાથી આજે તેમના સઘળા કાર્યો દિપી ઉઠે છે. તેઓ સ્વભાવે શાંત, સરળ, ધીર, ગંભીર, ઉત્સાહીને શીલવાન છે, તેમનામાં કોઠાસૂઝ એટલી બધી છે, કે તેઓ કોઈ પ્રશ્નો ઉભા કરે જ નહી, અને જો કોઈ પ્રશ્નો ઉભા થાય, તો તેઓ તે પ્રશ્નને આગળ ના જવા દેતા તેઓ પોતાની રીતે જ તેનો ઉકેલ કરી દે છે, આવી કોઠા સૂઝ ધરાવનાર છે.

આ વ્યક્તિ છે નાનો કર્મચારી છતાં, નિડર અને હિંમતવાન છે. લોકભારતીમાં ક્યાંય પણ સાપ કે ઝેરી જાનવર નીકળે તો, તેમને જાણ થતા જ તેઓ દોડી જાય છે. અને જૈન સૂત્ર મુજબ જીવદયા રાખીને તેઓ સર્પ કે ઝેરી જાનવરને એવી રીતે પકડે છે, કે તે જોતા આપણને સાચે જ લાગે, કે તે એમનો મિત્ર હોય, એ રીતે તેને ઈજા ના થાય એવી રીતે તેને પકડે છે. અને જંગલમાં મૂકી આવે છે.

આ માણસ પરકાયા માટે ઘસાવવા જીવે છે. તે ગાંધીજીના નૈતિક સિદ્ધાંતો ઉપર જીવન જીવે છે, તેથી કોઈને મદદરુપ થવાય તો થવુ, પણ કોઈને નડતરુપ, તો નહીં જ

થવુ, તેથી તેમના મતે ભગવાને એક વખત મનુષ્ય અવતાર આપ્યો છે, તો બીજા માટે જીવી જાણીએ. બીજાનું ભલુ થતુ હોય, તેનું કામ થતુ હોય કે કોઈ મુશ્કેલીમાં હોય, તો તેને મદદરૂપ થવું એવી ભાવનાવાળા માણસ છે. એટલે તો વર્ષોથી હાલ જે જગ્યાએ કાર્યરત છે, ત્યાં કેટલાક ચુસ્ત નિયમો હોવા છતાં તેમની પાસે પુસ્તક લેવા માટે આવેલો વિદ્યાર્થી કે કાર્યકર નિરાશ થયો નથી. નિયમ માણસે માણસ માટે બનાવ્યો છે. જે માણસ માનવ તરીકે વર્તવાની જગ્યાએ પશુની જેમ વર્તે છે, કામચોર અને બેવફાદાર છે, તેના માટે નિયમો બરાબર છે. પણ જે માણસ નિષ્ઠાથી કામ કરે છે, અને તે નિયમને ઓળંગીને ક્યારેક બીજાના વિકાસ માટે સારું કાર્ય કરે છે, તેને કોઈ નિયમ નડતા નથી. તેમ છતાં આવા નિયમના કારણે તેમનું માન અપમાન થયું હોય, તો તે શીવજીની જેમ હસતે મુખે તે માન અપમાનના ઘુંટડા પી જાય છે. અને તેઓ પોતાનું કાર્ય કરતા જ રહે છે. એટલું જ નહીં તેઓ જ્યારે મોજથી કામ કરતા હોય, ત્યારે તેમના કામને જોઈ ઈંદ્રજિત જેવા વિઘ્ન સંતોષી માણસો તેમના ઉપર ઈર્ષાની વાણી વરસાવતા હોય છે, ત્યારે જેમ હાથીની પાછળ ગમે તેટલા કૂતરા ભસતા હોય છે, છતાં હાથી પોતાની મસ્તીમાં જતો હોય છે, તેમ તેઓ પોતાનું કામ કર્યે જ જાય છે. તેઓના મનમાં તો એક જ વાત છે, કે મારું કામ જોનારો તો સર્વવ્યાપી એક જ છે. ને હું કોઈને બતાવવા માટે કામ કરતો નથી.

આમ, સમગ્ર લોકભારતીના વિદ્યાર્થી આલમના મુખે આ ભૂપતદાદાનું નામ ગુંજતુ હોય છે. તેની પાછળનુ કારણ ગમે તે વિભાગનો વિદ્યાર્થી પુસ્તકાલયમાં પુસ્તક લેવા જાય છે, ત્યારે તે વિદ્યાર્થી સાથેનો તેમનો વ્યવહાર જોતા વિદ્યાર્થી હસતે મુખે પુસ્તક લઈને જાય છે. એટલું જ નહી પણ કેટલીક વખત કોઈ વિદ્યાર્થી લાચાર હોય અને ખરેખર વાંચવાનું, સ્વાધ્યાય બાકી હોય કે પરીક્ષા સમયે પુસ્તકની જરુર હોય, તો વિદ્યાર્થીને ઓળખીને તે પોતાના જોખમ ઉપર પુસ્તકો આપીને તે વિદ્યાર્થીના વિકાસ માટે ઉપયોગી થઈને તેને ચિંતામુક્ત કરે છે. તો કેટલીક વખતે તેઓ નિયમને વળોટીને વિદ્યાર્થી કે કાર્યકરને પોતાના જોખમે અને સમયના ભોગે પણ પુસ્તકો આપે છે. આ જોખમો ખેડવા પાછળનો તેમનો મૂળ ઉદ્દેશ તો એ છે કે, જે સમયે વિદ્યાર્થીમાં સાહિત્ય વાંચવાની ભૂખ જાગી હોય, અને તે સમયે જો એને પુસ્તકથી વંચિત રાખીએ તો તેનો વિકાસ અટકી જાય છે. પણ જો તેને સાહિત્ય મળશે તો તે કંઈક વાંચશે, લખશે અને કંઈક સારું વિચારશે, તો એનો વિકાસ અવશ્ય થવાનો જ છે. એટલુ જ નહીં પણ આવા વિદ્યાર્થી થકી કોઈ પ્રશ્ન ઉભો નહી થાય. આવી જ રીતે જો કોઈ કાર્યકર આકસ્મિક રીતે કોઈ સાહિત્ય લેવા આવી ગયા હોય, અને પુસ્તકાલયના નિયમ મુજબ તે સમય યોગ્ય ના હોય, તો પણ તેઓ તેમને પુસ્તક આપવાનું સાહસ ખેડે છે. તેની પાછળનું પણ એ જ કારણ છે, કે જો અધ્યાપકને પોતાની સામે આવનાર વિદ્યાર્થીને કંઈક આપવું છે, તે હેતુથી તે પુસ્તક લેવા આવ્યા છે, તો વિદ્યાર્થીલક્ષી થઈને તે કંઈક વાંચશે અને તે વાંચશે તો વિદ્યાર્થીને કંઈક આપશે, અને તેના થકી વર્ગના અને અન્ય પ્રશ્નોનું પ્રમાણ ઘટશે. આવી ઊંડી ને ઉમદા વિચારસરણી ધરાવનાર આ વ્યક્તિ છે.

વિશ્વનો સૌથી ધનવાન માણસ હેન્રીફોર્ડે જીવનના અંતકાળે ડાયરીમાં લખે છે, 'હું મારી ફેક્ટરીમાં કામ કરતા મજૂરોને જાડી રોટલી કે રોટલો ખાતા ને ગાઢ નિંદ્રામાં સૂતા જોઉ છું, તો મને તેમના તરફ ઈર્ષા આવે છે, જ્યારે મને ક્યારેય નિંદ્રા ન આવી ને લાંબા સમયથી સૂતો નથી, ને ખાવાનું પણ ક્યારેય પચ્યું નથી, તેથી તે લખે છે કે હું જ્યારે ફરીવાર જન્મ લઉ તો આવા મજૂર તરીકે જેથી લોખંડ કાપી શકું અને નિરાંતે સૂઈ શકું આવા ધનવાનની વિચારસરણીવાળા ભૂપતભાઈ કહે છે કે મારે નિવૃતિ પછી પણ કોઈ સંસ્થામાં જ્યાં મારી જરુરિયાત જણાય ત્યાં જઈને મારે પ્રવૃતિશીલ રહેવું છે, જેથી મારા તન ને તાજગી અને મન ને શાંતિ મળતી રહે. તેઓને વેતન મળે છે, તેમ છતાં ગીતાનો સિદ્ધાંત છે કે, 'કર્મ કર્યે જ જા ફળની આશા રાખીશ નહિં.' તે મુજબ નરસિંહ મહેતાની તેમના કર્મોથી હૂંડી સ્વીકારાઈ હતી, તેમ ભૂપતભાઈને તેમના દિકરાના લગ્ન સમયે ચમત્કાર ગણો કે જે ગણો તે પણ તેમની પાસે જે કંઈ મૂડી હતી, તેના કરતા ઘણો બધો ખર્ચ થયો. છતાં તેમની પાસે મૂડીના પ્રમાણમાં પૈસા વધ્યા હતા. એટલુ જ નહી

પણ ભક્ત પ્રહલાદને અણીના સમયે ભગવાને મદદ કરી હતી, તેમ દિકરાના લગ્નના દિવસે પતિ, પત્ની અને પરિવારમાં બરાબર ઉત્સાહનો માહોલ જામ્યો હતો. તેવામાં તેમના ધર્મપત્ની કંઈક કામ કરી રહ્યા હતા, ને તેમના હાથના અંગુઠા ઉપર કુહાડી વાગતાં તેઓ લોખંડી પુરુષની જેમ કોઈને કહ્યા વિના તે ઘા ની વેદનાને સહન કરી રહ્યા હતા. તેવામાં અચાનક કોઈની નજર તેમના લોહીવાળા હાથ ઉપર પડતા જોયુ તો ઘા ઊંડો હતો. એને લોહીની ધાર વહી રહી હતી. તાત્કાલિક તેમને સિહોર સારવાર અર્થે ખસેડવામાં આવ્યા. કહેવાય છે કે 'જેને રામ રાખે તેને કોણ ચાખે' તે મુજબ સુડીનો ઘા સોયથી ટળી ગયો. અને કુદરતે મોકલેલી મોટી આફત ટળી ને પ્રસંગ હેમખેમ પાર ઉતરી ગયો. આવા કર્મઠ માણસોને કુદરત ફળ તો આપે જ છે. તેથી કુદરત આગળ દેર છે, અંધેર તો નથી જ. એટલે કુદરત આગળ ન્યાય છે કે 'સમય કરતા પહેલા અને માગ્યા કરતા વધારે ક્યારે કુદરત ક્યારેય આપતી નથી.' તેથી જેને જ્યારે જેટલુ મળ્યુ છે, તેમાં સંતોષ માણવો જોઈએ, અને કર્મ કરતા રહેવુ જોઈએ. તેમાં જ ખરો નિજાનંદ રહેલો છે.

આ માણસને કુદરતે અદભૂત માટીથી ઘડ્યો છે, જેને જોતાની સાથે જ કોઈપણ વ્યક્તિ હોય પણ તેમની સાથે બોલ્યા વિના ચાલે જ નહી, એવો તેમનો મળતાવડો સ્વભાવ છે. તેમની સાથે કોઈને વાંધો નથી, પણ સૌની સાથે તેમને સુમેળ છે. તેઓને કુદરતે એટલી તંદુરસ્તી આપી છે, કે તેઓ નિવૃત્તિને આરે આવીને ઉભા હોવા છતાં, તેઓ સહેજપણ અભિમાન રાખ્યા વિના ઘડિયાળના ટકોરે સાઈકલ લઈને પોતાની ફરજ ઉપર નીકળે છે. તેઓ ફરજ ઉપર હોય ત્યારે શક્ય હોય ત્યાં સુધી બહાનુ કાઢીને ફરજ ઉપરથી આમતેમ થતા નથી. ચાલુ ફરજે ગમે તેવું પોતાનું અંગત કામ હોય છતાં તેમના મનમાં કેન્દ્રસ્થાને પોતાની ફરજ હોય છે. અને પોતાના અંગત કામને ગૌણ ગણે છે, અને ફરજને છોડતા નથી. તેમજ ફરજના પૂરેપુરા સમય સુધી તેઓ કાર્યરત હોય છે. તેઓ તેમના સાથી કાર્યકર જે દિકરા તુલ્ય છે, તે વિપુલભાઈને પોતાને જે વડીલોએ જેવા ભાવથી તૈયાર કર્યા હતા એ જ ભાવથી તૈયાર કરી રહ્યા છે. અને તેઓ પણ ઉત્સાહથી આ દાદા પાસેથી અવનવું કામ શીખી રહ્યા છે. આમ, બીજાને ઉપયોગી થાય એવા આ સ્વયં નિષ્ઠાવાન સેવક છે.

આજે લોકભારતીના તમામ વિભાગના બાળકો પુસ્તકાલયમાં જ્યારે પણ પુસ્તક લેવા જાય છે, ત્યારે તેઓ **ભૂપતદાદા** એવો દૂરથી શબ્દ બોલે છે, ત્યાં તો ભૂપતભાઈ સમજી જાય છે, કે જ્ઞાન પિપાસુ આવ્યા લાગે છે, એમ સમજીને પોતાની ફરજ માટે સજાગ બની જાય છે. અને પોતાનો કર્તવ્ય ધર્મ બજાવે છે. આ છે સૌ બાળકોના લાડીલા દાદા, તેથી આજે સૌ બાળકોના હૈયે અને હોઠે આ દાદાનું નામ ગુંજે છે.

●---------●●●--------●●●---------●

અધ્યાપક, લોકસેવા મહાવિદ્યાલય,
લોકભારતી-સણોસરા

**(અનુસંધાન પાના નં. ૩૮૪ ઉપરથી)**

મેળવે છે એટલે આવા મંદિરોનેય મદદ કરવાની આવશ્યકતા હોય છે. ઓસ્ટ્રેલિયન મનોચિકિત્સક નેવિલ સિમીંગ્ટન સાથેની વાતચીતમાં તેમણે જણાવેલું : 'મારી સહાય મેળવતા લાભાર્થીઓ ક્યારેક પોતાનો ઋણભાવ વ્યક્ત કરવાનું વિસરી જાય છે ત્યારે મારો અંતરાત્મા કહે છે – તેં તો કોઈ ફળની અપેક્ષા વિના તારી ફરજ અદા કરી છે.'

અવિદ્યા – પદાર્થ વિદ્યાની સાથે વિદ્યા- માનવીય વિદ્યાનો સમન્વય કરનાર, જે વિચાર્યુ તે પ્રમાણે જ આચરણ કરનાર, ગુજરાતની પ્રજાને નરવાઈ બક્ષવા માટે અનેક સંસ્થાઓના ભૌતિક – માનવીય માળખાંને મજબૂત બનાવનાર, રઘુવીર ચૌધરીના શબ્દોમાં 'સ્વજન સહુને માન્યા –મોટા અમીરને, દાસને' તેવા બળવંતભાઈના નશ્વર દેહની વિદાયને પાંચ વર્ષ પૂરા થયા છે પણ તેમના સુકૃત્યોનું પાવન સ્મરણ કરીને અનેક પેઢીઓ ઉષ્માસભર બનતી રહેશે.

●---------●●●--------●●●---------●

૨૦૨, 'ઓર્કિડ, તસ્કીન સોસાયટી, શુકલનગર ચાર રસ્તા, સમા, વડોદરા – ૩૯૦૦૦૨, મો. ૯૪૨૬૪૬૧૦૯૦

## (૧૧) સંસ્થા સમાચાર - માર્ચ : ૨૦૧૯

- સંકલન : પ્રશાંત મહેતા

**લોકભારતી સમાચાર**

- તા.૦૧થી ૦૮ના સમયગાળા દરમિયાન લોકસેવા મહાવિદ્યાલયના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓની એન.એસ.એસ. વંચિત વિસ્તાર શિબિર નૂતન ગ્રામવિદ્યાપીઠ થવા ખાતે યોજાઈ ગઈ. આ કાર્યક્રમમાં સંસ્થાના સંચાલક શ્રી માનસિંહભાઈ, પ્રયાસ સંસ્થાના શ્રી મહેન્દ્રભાઈ, સ્વાતિ-માઈકલ વગેરે મહાનુભાવોએ વકતવ્ય આપ્યા. આ ઉપરાંત ગ્રામ સંપર્ક, આસપાસના જોવાલાયક સ્થળોની ઐતિહાસિક પરિચય, સર્વે કાર્યો વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યા. તેઓ સાથે શ્રી યોગેશભાઈ ત્રિવેદી, શ્રી મુકુંદભાઈ શ્રીમાળી, શ્રી વિશાલભાઈ જોશી, શ્રી પૂજાભાઈ મકવાણા અને શ્રી બાબુભાઈ વાંશિયા રહ્યા હતા.
- લોકસેવા મહાવિદ્યાલયના બીજા વર્ષ બી.આર.એસ.ના વિદ્યાર્થીઓનો શૈક્ષણિક પ્રવાસ દક્ષિણ ભારતના વિવિધ સ્થળોએ તા.૦૨થી ૧૮ના સમયગાળા દરમિયાન યોજાઈ ગયો. આ કાર્યક્રમના સંયોજક શ્રી અલ્કેશભાઈ ચૌહાણ સાથે શ્રી નિતીનભાઈ ભીંગરાડિયા, શ્રી કાળુભાઈ ખોખરિયા અને શ્રી કુમારભાઈ પુરોહિત જોડાયા.
- લોકસેવા મહાવિદ્યાલયના ત્રીજા વર્ષ બી.આર.એસ.ના વિદ્યાર્થીઓની એન.એસ.એસ.-શિબિર ગોલરામા ખાતે તા.૦૨થી ૧૮ના સમયગાળા દરમિયાન યોજાઈ ગઈ. આ કાર્યક્રમમાં શ્રી અરુણભાઈ દવે, શ્રી રામચંદ્રભાઈ પંચોળી, શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ, શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી કાંતિભાઈ ગોઠી અને શ્રી હસમુખભાઈ સુથાર કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા. આ ઉપરાંત યુનિવર્સિટીના પદાધિકારીઓ તેમજ સંસ્થાના શુભેચ્છકો ગ્રામ આગેવાનો પણ સાથે જોડાયા. આ કાર્યક્રમના સંયોજક તરીકે શ્રી મહોબતસિંહ ચાવડા અને સાથે શ્રી જયેન્દ્રસિંહ સરવૈયા, શ્રી મનોજભાઈ અગ્રાવત અને શ્રી વિરાભાઈ ચાવડા જોડાયા.
- તા.૦૩ના રોજ બી.એડ. બેઝિક દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓની મ.કૃ. ભાવનગર યુનિવર્સિટી આયોજિત ઉદ્યોગ વિષયની વાર્ષિક પરીક્ષા શ્રી મનહરભાઈ ઠાકર અને શ્રી ડાયાભાઈ સેંધવના નિરીક્ષણ હેઠળ યોજવામાં આવી.
- લોકભારતીના શુભેચ્છક અને પીડીલાઈટના સી.એસ.આર.ના વડા શ્રી પી.કે.શુક્લાજી તા.૦૪ અને ૦૫ના રોજ લોકભારતીમાં ગયા.
- ઘઉં સંશોધન વિભાગમાં ચાલતા સંશોધનના પ્રયોગોના મોનીટરિંગ માટે બીજ નિગમમાંથી અને એગ્રીકલ્ચર યુનિવર્સિટીમાંથી અધિકૃત અધિકારીઓ તા.૦૫ના રોજ આવી ગયા.
- તા.૦૬ના રોજ લોકભારતી ગ્રામ વિદ્યાપીઠ ટ્રસ્ટની વ્યવસ્થાપક મંડળની એક બેઠક લોકભારતીના અતિથિગૃહમાં મળી. જેમાં વહીવટી કાર્યો અંગેના નિર્ણયો કરવામાં આવ્યા.
- તા.૦૮ના રોજ વલસાડ ડાયેટના ડી.એલ.એડ.ના તાલીમાર્થીઓ લોકભારતીની પરિચય મુલાકાતે આવી ગયાં.
- તા.૦૮ના રોજ આતંરાષ્ટ્રીય મહિલા દિવસ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા લોકભારતી કેમ્પસ પર શ્રી શીલાબહેન બોરીચાની આગેવાની નીચે અને ગારિયાધાર તાલુકાના માંડવી મુકામે શ્રી

સરોજબહેન ચૌધરીની આગેવાની નીચે ઉજવવામાં આવ્યો.

- તા.૦૯ના રોજ અધ્યાપન મંદિરમાં શ્રી હસમુખભાઈ દેવમુરારિએ પ્રાર્થના સંમેલનમાં વિદ્યાર્થીઓને બ્રહ્માંડ વિશેની સમજ આપી તેમજ રાત્રે આકાશદર્શન કરાવ્યું.
- દર વર્ષે યોજાતી સાહસ દોડ આ વર્ષે તા.૧૦ના રોજ લોકભારતીથી વાંકિયા હનુમાન સુધીની યોજાઈ ગઈ. તેમાં બધા વિભાગોનાં વિદ્યાર્થીઓ, કાર્યકરો અને પરિવારજનોએ ઉત્સાહપૂર્ણ ભાગ લીધો. સમગ્ર આયોજન ગૃહપતિમંડળના તમામ સભ્યોએ બધા સભ્યોની મદદ લઈને કર્યું.
- તા.૧૨ના રોજ શ્રી નિગમભાઈ શુક્લ ઝોનલ ઓફિસ, અટારી-પુના દ્વારા આયોજિત વાર્ષિક આયોજન સંદર્ભના વર્કશોપમાં નવસારી મુકામે જઈ આવ્યા.
- તા.૧૩થી ૧૯ દરમિયાન બી.એડ.બેઝિકના દ્વિતીય વર્ષની સેમ-૪ની આંતરિક કસોટી યોજાઈ ગઈ.
- સુઘડ-ગાંધીનગર સ્થિત પર્યાવરણીય સંસ્થાના શ્રી જયેશભાઈ અને અનારબેન પટેલ સ્વૈચ્છિક સંસ્થાઓના કાર્યકરોની નિષ્ઠા ટકી રહે અને બળવત્તર થાય તેવો ''રીટ્રીટ'' કાર્યક્રમ ચલાવી રહ્યાં છે. તેમાં દેશ અને રાજ્યમાંથી ઘણાં કાર્યકરો ભાગ લે છે. અગાઉના આવા એક કાર્યક્રમમાં શ્રી વિશાલભાઈ જોશી અને શ્રી પ્રશાંતભાઈ મહેતા જઈ આવ્યા હતા. તેઓનો આ કાર્યક્રમ અંગેનો ઘણો સારો અનુભવ રહ્યો હતો. તા.૧૫થી ૧૭ના આવા બીજા કાર્યક્રમમાં શ્રી અજયભાઈ પંડ્યા અને શ્રી જયવંતસિંહ ગોહિલ જઈ આવ્યા.
- લોકભારતીના અરણેજ-નવાગામ મુકામેના ફાર્મની મુલાકાતે અને તેના ભવિષ્યના આયોજન અર્થે ચર્ચા-વિચારણા કરવા અને રૂબરૂ સ્થળ-મુલાકાતે તા.૧૫મીના રોજ શ્રી અરુણભાઈ દવે, શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી રમેશભાઈ ખેર અને શ્રી ડાહ્યાભાઈ સેંધવ જઈ આવ્યા.
- શ્રી પ્રવીણભાઈ મહેતા થોડા દિવસ માટે લોકભારતીમાં રહી ગયા.
- તા.૧૮ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્રની વૈજ્ઞાનિક સલાહકાર સમિતીની વાર્ષિક બેઠક શ્રી અરુણભાઈ દવેના અધ્યક્ષસ્થાને લોકભારતી મુકામે યોજાઈ ગઈ. જેમાં ભાવનગર જિલ્લાના વિવિધ સરકારી અને ખેતી વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા. વર્ષ દરમિયાન કરેલ કાર્યક્રમનો અહેવાલ અને આગામી વર્ષના આયોજનનો ચિતાર આપવામાં આવ્યો.
- સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ગુજરાતી સાહિત્ય ભવનના વડા શ્રી નીતિનભાઈ વડગામા તેમના અનુસ્નાતક કેન્દ્રના વિદ્યાર્થીઓને લઈને તા.૧૯મીના રોજ લોકભારતીની પરિચય મુલાકાતે આવી ગયા.
- રાજકોટની આત્મીય કોલેજના પ્રિંસીપાલ શ્રી ઘનશ્યામભાઈ આચાર્ય તા.૧૯મીના રોજ તેમની ઈંટીગ્રેટેડ એમ.બી.એ. કોલેજના વિદ્યાર્થીઓને લઈને લોકભારતીની પરિચય મુલાકાતે આવી ગયા.
- હોળી-ધૂળેટી કાર્યક્રમની ઉજવણી અંતર્ગત તા.૧૯મીના રોજ મુખ્ય ગૃહપતિ શ્રી નીતિનભાઈ ભીંગરાડિયાએ સાયં પ્રાર્થનાના અનુસંધાને આ તહેવારના મહત્ત્વ વિશે વાતો કરી અને અન્ય માર્ગદર્શક સૂચનાઓ આપી.
- તા.૨૦મીના રોજ સાંજે હોલિકાદહનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો. હોલિકાદહન પછી સમૂહ ગરબીનું પણ આયોજન કરવામાં આવ્યું.
- બીજે દિવસે તા.૨૧મીના રોજ સવારે રંગોત્સવના તહેવાર ધૂળેટી નિમિત્તે લોકભારતી પરિવાર રંગે રમ્યો. બપોરના લોકભારતીના કાર્યકરોના

પરિવાર સાથેનું સમૂહ ભોજન અને બપોર પછી હળવા મનોરંજનનો કાર્યક્રમ 'ફાગણનીફોરમ' યોજાયો, તેમાં લોકભારતીના કાર્યકર અને લોકસાહિત્યકાર શ્રી જગદીશભાઈ સરવૈયા, લોકભારતીના કલાભવનના કાર્યકર શ્રી મહેશભાઈ પરમાર, ચારણી સાહિત્યના અભ્યાસુ શ્રી ભગુભાઈ ગઢવી, લોકભારતી અધ્યાપન મંદિરના પૂર્વવિદ્યાર્થી શ્રી તુષારભાઈ દાણીધારિયાએ બહુ જ રોચક રીતે કલા પીરસી. તબલાવાદનમાં શ્રી પંકજભાઈ નૈયા અને કેસિયો ઉપર શ્રી વિપુલભાઈ નૈયાએ સંગત કરી. સમગ્ર કાર્યક્રમ ઘણો જ રસપ્રદ અને આકર્ષક રહ્યો. કેટલાંક વિદ્યાર્થીઓએ પણ પોતાની કલા મુક્ત રીતે પીરસી. વિદ્યાર્થીઓ, કાર્યકરો અને કાર્યકર પરિવારજનોએ કાર્યક્રમ સરસ રીતે માણ્યો. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને કોઠીનો આઈસક્રીમ પણ ખાસ બનાવરાવીને પીરસવામાં આવ્યો. બંને દિવસનું સમગ્ર આયોજન મુખ્ય ગૃહપતિના માર્ગદર્શન તળે ગૃહ વિભાગે અને ઉત્સવ વિભાગે સુપેરે પાર પાડ્યું.

- તા.૨૩મીના રોજ શિક્ષણ વિભાગમાં નાયબ સચિવની જવાબદારી સંભાળતા શ્રી સંતોષ કરોડે અને શ્રીમતી આરતીબેન કરોડે લોકભારતીની પરિચયાત્મક મુલાકાતે આવી ગયાં.
- તા.૨૬-૦૩થી ૦૧-૦૪ દરમિયાન બી.એડ.બેઝિકના દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓની સેમ-૪ની મ.કૃ.ભાવનગર યુનિવર્સિટી આયોજિત સેમેસ્ટર એન્ડ પરીક્ષા સુપેરે સંપન્ન થઈ.
- લોકભારતીના ટ્રસ્ટીશ્રી હસમુખભાઈ પટેલ અને શ્રી પ્રવીણભાઈ ડાભી બીજા બે મિત્રોને લઈને આજુબાજુના વિસ્તારમાં સજીવ ખેતીના થતા પ્રયોગો જોવા નીકળ્યા હોઈ, તેઓએ તા.૨૭ના રોજ લોકભારતીની મુલાકાત પણ લીધી.
- લોકભારતીના શુભેચ્છક અને વાઘ-બકરી ચાના માલિક શ્રી પીયૂષભાઈ દેસાઈનાં ધર્મપત્ની સ્વ. શ્રી પન્નાબેનના અવસાન નિમિત્તે તા.૨૯મીના રોજ શ્રદ્ધાંજલિ સભામાં હાજરી આપવા શ્રી અરુણભાઈ દવે અને શ્રી હસમુખભાઈ દેવમુરારિ અમદાવાદ જઈ આવ્યા.
- ગંદા પાણીના શુદ્ધિકરણ માટે એગ્રોસેલ, ભાવનગરના આ પ્રકારના પ્લાંટનું નિદર્શન જોવા લોકભારતીથી શ્રી રમેશભાઈ ખેર, શ્રી નીતિનભાઈ ભીંગરાડિયા, શ્રી પ્રવીણભાઈ ડાંગર અને શ્રી બાલાભાઈ શેખ તા.૨૯ના રોજ ભાવનગર જઈ આવ્યા.
- પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર, જામ ખંભાળિયાના કાર્યકરો અને તે વિસ્તારનાં ભાઈઓ/બહેનો તા.૩૦ અને ૩૧ના રોજ શ્રી સામતભાઈ સોલંકી અને શ્રી આરતીબેન નકુમની આગેવાની નીચે લોકભારતીની પરિચય મુલાકાતે આવી ગયાં.
- તા.૩૦ના રોજ અધ્યાપન મંદિરમાં ભાષા દિનની ઉજવણી કરવામાં આવી. જેમાં બીજા વર્ષના વિદ્યાર્થીઓએ પ્રથમ વર્ષના તાલીમાર્થીઓને પાંચ કાર્યશાળામાં જેવી કે શબ્દ કોશ, ભાષા શિક્ષણ, રમતો દ્વારા ભાષા શિક્ષણ, પાઠ્યપુસ્તક, કાવ્ય ગાન, કમ્પ્યુટર દ્વારા ભાષા શિક્ષણ અને પપેટ શો તેમજ સાહિત્ય સર્જન દ્વારા ભાષા શિક્ષણ જેવી પ્રવૃત્તિઓ કરાવી હતી.
- સમગ્ર માસ દરમિયાન કૃષિ વિજ્ઞાન કેન્દ્રના શ્રી પરેશભાઈ રાઠોડ દ્વારા ૧૧૫ જમીનના નમુનાની ચકાસણી કરવામાં આવી.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્રના શ્રી સરોજબહેન ચૌધરી દ્વારા ઠાંસા ગામ અને માંડવી ગામમાં પી.આર.એ. સર્વે કરવામાં આવ્યો.
- સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત કૃષિ વિજ્ઞાન કેન્દ્રના પ્રાંગણમાં ખેત કચરામાંથી સેન્દ્રિય ખાતર બનાવવાના હેતુસર નાડેપ ડિઝાઈનના ત્રણ નવા

એકમ આ માસ દરમિયાન બનાવવામાં આવ્યા.

- શ્રી અરુણભાઈ દવેએ તા. ૨થી ૪, ૧૬થી ૧૯ અને ૨૭ દરમિયાન માઈધાર નિવાસ કરીને ત્યાં ચાલતા નવીનીકરણને માર્ગદર્શન આપ્યું. પીડીલીટ કંપનીના ૬૦મા સ્થાપના દિવસે અતિથિ વિશેષ તરીકે મુંબઈ ખાતે હાજરી આપી અને સ્વ.શ્રી બળવંતભાઈ પારેખ વિશેનું હૃદયસ્પર્શી વકતવ્ય આપી સૌને ભાવુક કર્યા. તા. ૨૩ અને ૨૬ના દિવસે વિજ્ઞાનનગરી ભાવનગર ખાતેના શિબિરોમાં સમાપન વકતવ્ય આપ્યું અને તા. ૨૭મીએ અમદાવાદ ખાતે 'વાઘબકરી ટી ગૃપ'ના પ્રમુખ શ્રી પીયૂષભાઈ દેસાઈના ધર્મપત્નીના અવસાન નિમિત્તે યોજાએલ બેસણામાં હાજરી આપી.

**આંબલા સમાચાર**

- તા.૦૩ના રોજ પીડીલાઈટ કંપનીના ચેરમેન શ્રી શુકલસાહેબ સંસ્થાની મુલાકાતે આવી ગયા.
- શ્રી અનિલદાદાની તબિયત સારી રહેતા એક દિવસ સંસ્થા પરિસરની મુલાકાત માટે આવી જરૂરી માર્ગદર્શન આપેલ.
- ધો.૧૦-૧૨ની બોર્ડની પરીક્ષાઓ શાંતિપૂર્ણ સંપન્ન થયેલ છે.
- તા.૨૨ના રોજ ધૂળેટી અંતર્ગત રંગોત્સવનો કાર્યક્રમ રાખવામાં આવેલ. સૌ કાર્યકર તથા વિદ્યાર્થી ભાઈઓ-બહેનો જોડાયેલ.
- તા.૧૩ના રોજ શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ સંસ્થાની મુલાકાતે આવી ગયા.
- તા.૧૪ના વાળુકડ કોલેજના બહેનો એક દિવસની સંસ્થા મુલાકાતે આવી ગયાં.

**મણાર સમાચાર**

- ધો.૧૦-૧૨ની બોર્ડની પરીક્ષાઓ શાંતિપૂર્ણ સંપન્ન થયેલ છે.

**શ્રદ્ધાંજલિ**

- લોકભારતીના શુભેચ્છક, ગાંધી-વિચારનાં તજજ્ઞ અને મૂલ્યનિષ્ઠ શિક્ષણ સાથે વર્ષોથી સંકળાયેલાં શ્રી દક્ષાબહેન પટ્ટણીનું ૮૧ વર્ષની વયે તેમના ભાવનગર નિવાસે તા. ૧૦-૦૩-૨૦૧૯ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
- ગ્રામદક્ષિણામૂર્તિ-આંબલાના વિદ્યાર્થી, લોકભારતીનાં શુભેચ્છક અને જાહેર-જીવન સાથે વર્ષોથી સંકળાયેલા શ્રી મનુશંકરભાઈ જાનીનું તા.૧૭-૦૩-૨૦૧૯ના રોજ ૯૬ વર્ષની જૈફ વયે તેમના ગામ સથરા ખાતે દુઃખદ અવસાન થયેલ છે.

  સંપર્ક : પુત્ર મલયભાઈ - મો.૯૧૫૭૩૪૬૮૪૬
- લોકભારતીનાં શુભેચ્છક અને જાહેર-જીવન સાથે વર્ષોથી સંકળાયેલા વાઘ-બકરી ગ્રુપના મા. શ્રી પીયૂષભાઈ દેસાઈનાં પત્ની શ્રી પન્નાબહેન દેસાઈનું તા. ૨૮-૦૩-૨૦૧૯ના રોજ અમદાવાદ ખાતે દુઃખદ અવસાન થયેલ છે.

  સંપર્ક : શ્રી પીયૂષભાઈ- મો.૭૬૨૧૦૨૩૭૦૦
- લોકદક્ષિણામૂર્તિના વિદ્યાર્થી, પૂર્વ સાસંદ અને સુરેન્દ્રનગર વિસ્તારમાં નઈ તાલીમની સંસ્થાઓના સ્થાપક-સંચાલક અને ગ્રામસેવક શ્રી સવશીભાઈ મકવાણાનું ધજાળા ખાતે ૮૭ વર્ષની ઉંમરે તા. ૦૨-૦૪-૨૦૧૯ના રોજ દુઃખદ અવસાન થએલ છે.

  સંપર્ક : સંજયભાઈ- મો. ૯૪૨૭૪૩૧૬૭૦

સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર તેઓના પરિવારજનોને તેમના ઉપર આવી પડેલ આ દુઃખદ આઘાતને સહન કરવાની શક્તિ આપે અને દિવંગત આત્માઓને પરમ શાંતિ મળે તેવી પ્રભુ પ્રાર્થના કરે છે અને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.